સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા સમન્વિત

# સ્વામિનારાયણ પ્રકાશ

નવેમ્બર, ૨૦૨૪
વાર્ષિક લવાજમ રૂા. ૧૨૫/-










જૂનાગઢમાં ૧૩ દિવસ સુધી બિરાજીને દિવ્ય સત્સંગ-લાભ આપ્યો અને સોરઠના હજારો ભક્તોને આધ્યાત્મિક પ્રેરણાઓ આપી. આ દરમ્યાન, તા. ૧૧-૧૦-૨૦૨૪ના રોજ તેઓનાં કરકમળો દ્વારા જૂનાગઢમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના નેજા હેઠળ નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર અને છાત્રાલયના વિશાળ પરિસરનું મંગલ ઉદ્‌ઘાટન થયું. અહીંથી સંસ્કાર સાથે શિક્ષણ પામીને હજારો ઉત્તમ નાગરિકોની ભેટ સમાજને મળતી રહેશે.



# દીપાવલિના માંગલિક પર્વે અંતરનો ઉજાસ પામીએ

ક્રમિકા


૩. સંપાદકીય

૪. દીપાવલિ પર્વે ગુરુહરિના આશીર્વાદ

૬. દીપાવલિઃ મર્મ અને મહિમા - સાધુ વિવેકસાગરદાસ

૧૦. વંદે સંતપરંપરામ્
- સદ્‌ગુરુ દેવાનંદ સ્વામી (૧૦)
- મહર્ષિ લગધ (૧૧)

- સાધુ અક્ષરવત્સલદાસ

૧૯. સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

૨૮. મુંબઈ ખાતે ઊજવાયો મહંત સ્વામી મહારાજનો ૯૧મો જન્મોત્સવ

૩૬. હેમિલ્ટન અને બ્રાન્ડનમાં મૂર્તિપ્રતિષ્ઠા

૩૮. પૂજ્ય ડૉક્ટર સ્વામીનું સત્સંગ વિચરણ

૪૦. ભારતના ઉદ્યોગમંત્રી શ્રી પીયૂષ ગોયલ સિડની મંદિરની દર્શન-મુલાકાતે

૪૧. ઓસ્ટ્રેલિયામાં યોજાઈ પરિષદ શ્રેણી

૪૩. અમેરિકા ખાતે યોજાઈ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કોન્ફરન્સ

૪૪. લંડન મંદિરને પ્રાપ્ત થયો 'ટ્રિપ એડવાઈઝર ટ્રાવેલર્સ' ચોઇસ એવોર્ડ

૪૬. બી.એ.પી.એસ.નાં વિવિધ કેન્દ્રોમાં યોજાયેલા કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

૪૮. હજારો ભક્તોએ તપ-વ્રત કરીને ચાતુર્માસમાં રચ્યો એક વિરલ અધ્યાય

૫૦. રોબિન્સવિલ અક્ષરધામની મુલાકાતે પધાર્યા ૧૪ દેશોના કોન્સલ જનરલ


ભારતમાં સર્વપ્રથમ દિવાળી ક્યારે ઊજવાઈ હશે, તેની કોઈ નક્કર ઐતિહાસિક તારીખ ઉપલબ્ધ નથી. પરંતુ ભગવાન શ્રીરામના અયોધ્યા-આગમન સાથે તેનો સંબંધ યુગોથી ભારતમાં પ્રચલિત છે. પ્રભુ શ્રીરામના વનવાસ દરમ્યાન શોકગ્રસ્ત રહેલી અવધની પ્રજાએ 14-14 વર્ષોથી ઘર-સમાજમાં ન કોઈ આનંદોત્સવ કર્યો હતો, ન કોઈ માંગલિક અવસરો ઊજવ્યા હતા, ન કોઈએ મીઠાઈઓ ખાધી હતી કે ન કોઈએ સુશોભિત અલંકાર-વસ્ત્રો પહેર્યાં હતાં. પરંતુ દશેરાએ લંકાવિજય કરીને ભગવાન શ્રી રામ અયોધ્યા પધાર્યા એટલે જાણે મૃતઃપ્રાય નગરીમાં પ્રાણ પાછો આવ્યો. થંભી ગયેલાં સરયૂનાં નીર જાણે ફરીથી વહેવાં લાગ્યાં. ઘરોઘર દીવડાં ઝળહળી ઊઠ્યાં, તોરણો બંધાયાં, રંગોળીઓ પુરાઈ, મોં મીઠાં થયાં, સર્વત્ર આનંદ અને માંગલ્ય છવાઈ રહ્યાં.

એ વાતને આજે કેટલાં વર્ષો વીત્યાં, એ અગત્યનું નથી, પરંતુ યુગો પછી પણ આજેય એ અવસરની સ્મૃતિ સાથે પ્રતિવર્ષે દિવાળી ધામધૂમથી ઊજવાય છે. દિવાળીની ધામધૂમના આજના માહોલમાં સવાલ હવે માત્ર એટલો જ રહ્યો છે કે પ્રભુના આગમનમાં શરૂ થયેલા આ દીપાવલિ પર્વે, પ્રભુનું સ્મરણ કેટલું રહ્યું છે? કે માત્ર ઉત્સવનો ઘોંઘાટ રહ્યો છે? ભગવાન પધાર્યાનો આનંદ ભુલાય અને બીજો આનંદ મન પર સવાર થઈ જાય તો શું એ સાચી દિવાળી છે?

ભગવાન શ્રી સ્વામિનારાયણના મહાન પરમહંસ બ્રહ્માનંદ સ્વામીએ કીર્તનમાં લખ્યું છેઃ *'રાજ મારે દિન દિન દિવાળી રે...'* કારણ? તેઓ આગળ લખે છેઃ *'વહાલા મળતાં તમને વનમાળી રે...'* ભગવાન મળ્યાની પ્રતીતિ થઈ એટલે દિવાળી! રોજ રોજ દિવાળી! સંદેશ સ્પષ્ટ છેઃ ભગવાન મળ્યાના આનંદને હૈયે ધારીને દીપાવલિ ઊજવીએ તે સાચી દીપાવલિ. પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સાંનિધ્યમાં એવી પ્રાપ્તિનો દિવ્ય આનંદ માણીને સાચા અર્થમાં આધ્યાત્મિક દિવાળી ઊજવી ધન્ય થઈએ... ◆


॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥



ગુણાતીતોઽક્ષરં બ્રહ્મ ભગવાન્ પુરુષોત્તમઃ।
જનો જાનન્નિદં સત્યં, મુચ્યતે ભવબન્ધનાત્॥

**સ્વામિનારાયણ પ્રકાશ**

**વર્ષ : ૮૬, અંક : ૧૧,**
**નવેમ્બર, ૨૦૨૪**

**સંસ્થાપકઃ** બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ સ્વામીશ્રી યજ્ઞપુરુષદાસજી
**પોષક :** બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ

સન ૧૯૩૮, શરદપૂનમથી પ્રારંભાયેલું, દર માસની ૧લી તારીખે પ્રકાશિત થતું, શીલ, સંસ્કાર, ભક્તિ-ઉપાસનાની પુષ્ટિ કરતું સંપ્રદાયનું સૌથી જૂનું સામયિક 'સ્વામિનારાયણ પ્રકાશ' બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે. સન ૧૯૫૫થી સંસ્થાનું દર એકાંતર સોમવારે પ્રકાશિત થતું પાક્ષિક 'સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા' ૪૫ વર્ષ બાદ ૨૦૦૧થી 'સ્વામિનારાયણ પ્રકાશ'માં સંમિલિત કરવામાં આવ્યું છે.

**સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા**

**સંસ્થાપક :** બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ
સ્વામી જ્ઞાનજીવનદાસજી
**પ્રકાશક :** સાધુ કેશવજીવનદાસ
સ્વામિનારાયણ અક્ષરપીઠ
**તંત્રી :** સાધુ સ્વયંપ્રકાશદાસ
**પરામર્શકો :** સાધુ ઈશ્વરચરણદાસ,
સાધુ વિવેકસાગરદાસ
**સંપાદકો :** સાધુ અક્ષરજીવનદાસ,
સાધુ અક્ષરવત્સલદાસ
**કલાનિર્દેશક :** સાધુ શ્રીજીસ્વરૂપદાસ
**વ્યવસ્થાપકઃ** સાધુ નિખિલેશદાસ
**મૂળ વાર્ષિક લવાજમ :** રૂા. ૧૯૦/-
**ઘટાડેલું લવાજમ :** રૂા. ૧૨૫/-
**પરદેશમાં લવાજમ :** £ ૧૫ (યુરોપ)
: $ ૨૫(યુ.એસ.એ.)

**લેખો અંગે પત્રવ્યવહાર:**
**prakash@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' સંપાદન કાર્યાલય,**
સ્વામિનારાયણ અક્ષરપીઠ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪.

**લવાજમ અંગે પત્રવ્યવહાર:**
**magazines@in.baps.org**
**'પ્રકાશ-પત્રિકા' લવાજમ કાર્યાલય,**
**સ્વામિનારાયણ અક્ષરપીઠ,**
**અમદાવાદ - ૩૮૦ ૦૦૪.**

**Website:**
**www.baps.org**
**magazines.baps.org**

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતે ॥

પ્રગટ બ્રહ્મસ્વરૂપ
**મહંતસ્વામી મહારાજ**
(સ્વામીશ્રી કેશવજીવનદાસજી)

# આશીર્વાદ

॥ સ્વામી-શ્રીજી ॥
પ.પૂ. પ્રમુખ સ્વામી

જુનાગઢ
૭.૧૦.'૨૪
સોમવાર

BAPS ના તમામ આશ્રિતો
પ્રતિ,

સ્વામીશ્રી કેશવજીવનદાસના ઘણા જ હેતપૂર્વક દિવાળી તેમજ નવા વર્ષના સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ.

## પ્રાપ્તિને પ્રતીતિમાં પરિવર્તિત કરીએ.

આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે આવો દિવ્ય સત્સંગ મળ્યો, સર્વોપરી ભગવાન અને તેના અખંડ ધારક પ્રગટ સત્પુરુષની પ્રાપ્તિ થઈ.

આપણે સત્સંગ તો કરીએ છીએ પરન્તુ તેનુ યથાર્થ સુખ આવતુ નથી કારણ કે આપણને થયેલ પ્રાપ્તિમાં ૧૦૦% પ્રતીતિ નથી.

આ વર્ષે સૌ ભેગા મળી નક્કી કરીએ કે મારે રોજ ખટકો રાખી નિયમિતપણે ૨૫ મીનીટ પ્રાપ્તિનો વિચાર કરવો છે આટલુ કરશો તો જરૂર અંતરે શાંતી રહેશે અને અક્ષરધામ (ચૈતન્ય) થઈ જવાશે. સત્પુરુષના ભાવને પમાશે.

બધા તન-મન-ધને સુખી થાવ અને સત્સંગનુ સાચુ સુખ પ્રાપ્ત કરો તે આશીર્વાદ છે.

શ્રી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, શાહીબાગ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૪.
Email: letters@in.baps.org

# દીપાવલિના મંગલ પર્વે ગુરુહરિ
# મહંત સ્વામી મહારાજના આશીર્વાદ

**બી.એ.પી.એસ.ના તમામ આશ્રિતો પ્રતિ,**

સાધુ કેશવજીવનદાસના ઘણા જ હેતપૂર્વક દિવાળી તેમજ નવા વર્ષના સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ.


**પ્રાપ્તિને પ્રતીતિમાં પરિવર્તિત કરીયે.**

આપણે ખૂબ ભાગ્યશાળી છીએ કે આવો દિવ્ય સત્સંગ મળ્યો, સર્વોપરી ભગવાન અને તેના અખંડ ધારક પ્રગટ સત્પુરુષની પ્રાપ્તિ થઈ.


આપણે સત્સંગ તો કરીયે છીએ પરંતુ તેનું યથાર્થ સુખ આવતું નથી કારણ કે આપણને થયેલ પ્રાપ્તિમાં ૧૦૦% પ્રતીતિ નથી.

આ વર્ષે સૌ ભેગા મળી નક્કી કરીયે કે મારે રોજ ખટકો રાખી નિયમિતપણે ૧૫ મીનીટ પ્રાપ્તિનો વિચાર કરવો છે. આટલું કરશો તો જરૂર અંતરે શાંતી રહેશે અને અક્ષરધામ (ચૈતન્ય) થઈ જવાશે. સત્પુરુષના ભાવને પમાશે.

બધા તને-મને-ધને સુખી થાવ અને સત્સંગનું સાચું સુખ પ્રાપ્ત કરો તે આશીર્વાદ છે.



દીપોત્સવ એટલે પ્રકાશનો ઉત્સવ! આનંદ અને ઉલ્લાસનો ઉત્સવ! આપણી સાંસ્કૃતિક વિચારધારાના દ્યોતક, પોષક અને સંવર્ધક એવા આ ઉત્સવનો વિશેષ મર્મ અને મહિમા અહીં પ્રસ્તુત છે...



# દીપાવલિ
## મર્મ અને મહિમા

સાધુ વિવેકસાગરદાસ

માનવ હંમેશાં આધિ, વ્યાધિ અને ઉપાધિથી ઘેરાયેલો જ હોય છે. તેમાંથી તે જે દિવસે મુક્ત થાય, તે દિવસે તેને માટે દિવાળીનો-આનંદનો દિવસ બને છે. આ દિવસ સાથે પાંચ મહત્ત્વના પૌરાણિક પ્રસંગો સંકળાયેલા છેઃ ૧. ભગવાન કૃષ્ણે નરકાસુર-ભૌમાસુરનો નાશ કરી પ્રજાને ત્રાસમુક્ત કરી. ૨. પૃથુ ભગવાને પૃથ્વીનું દોહન કરી રસકસ કાઢ્યા. ૩. સમુદ્રમાંથી લક્ષ્મીજી પ્રગટ થયાં. ૪. પાંડવો વનમાંથી પાછા ફર્યા હતા. ૫. ભગવાન શ્રીરામ લંકાવિજય કરી અયોધ્યા પધાર્યા.[1] અસુરોના ત્રાસથી પ્રજા મુક્ત થઈ એટલે બધાએ દીવડાઓ પ્રગટાવી આનંદ વ્યક્ત કર્યો ત્યારથી આ અવસર દીપોત્સવી કહેવાય છે. જૈન પરંપરા મુજબ ભગવાન મહાવીરનું પાવાપુરીમાં નિર્વાણ થયેલું, તેથી ફેલાયેલા અંધકારને વિદારવા લોકોએ દીપમાળાઓ પ્રગટાવેલી.

યુગે યુગે અનેક પ્રકારનો આસુરી અંધકાર ફેલાતો જ રહે છે. ભલે આજે વિજ્ઞાને વીજળી આપી અજવાળું કર્યું, ઔદ્યોગિક ક્રાન્તિ થઈ, ભૌતિક સાધનો મળ્યાં, પણ તેનાં અજવાળાં તળે નૈતિક, સામાજિક, ધાર્મિક અને આધ્યાત્મિક અંધકાર વ્યાપી રહ્યો છે, તેનાથી કેટલા અજાણ છે! આજે માણસે જ માણસને મારવાની તરકીબો શોધી કાઢી છે! નૈતિક મૂલ્યો મૃતઃપ્રાય થયાં છે. માણસ ચંદ્ર સુધી પહોંચ્યો પણ માનવ માનવ વચ્ચેનું અંતર વધી ગયું છે. જેમ બૉટલમાંથી જીન નીકળ્યો પછી પુરાયો નહીં, તેમ હિંસા, આતંકવાદ, જુગાર, વ્યભિચાર, ડ્રગ, સામ્રાજ્યવાદ વગેરે હવે નાથી શકાય તેવાં રહ્યાં નથી! આથી જ તો પ્રખર વિજ્ઞાની (Space vizard) વોર્ન બ્રાઉન બોલી ઊઠ્યા :

'For only with God reinstated in the hearts of the world, will He provide us with ethical guidence through the dangers of technological revolutions !'

અર્થાત્ 'વિશ્વના તમામ મનુષ્યોનાં હૃદયમાં ભગવાન વસી જાય અને આપણને સૌને નૈતિક માર્ગદર્શન આપે તો જ આપણે યાંત્રિક ક્રાન્તિનાં જોખમોમાંથી બચી શકીએ તેમ છીએ. આ સિવાય બીજો કોઈ ઉપાય દેખાતો નથી.'

૧. આ વાત પરંપરાથી શરૂ થઈ હોય તેમ જણાય છે. કેમ કે વાલ્મીકિ રામાયણ પ્રમાણે 'પ્રાચીન ચરિત્ર કોશ' - પૃ. ૭૩૮ મુજબ રામના અયોધ્યા આગમનની તિથિ વૈશાખ સુદ ૫ માનવામાં આવે છે અને 'તિલકટીકા' - કાલિકા પુરાણ મુજબ કારતક વદ ૬નો દિવસ ગણવામાં આવે છે.

વિશ્વ પ્રભુનો પ્રકાશ ઝંખે છે. વિશ્વમાં યુગે યુગે ભગવાન અને સંતો પધારે છે અને આ ભૌતિક અંધકારને વિદારી પરમ પ્રકાશ પાથરે છે.

વીસમી સદીની અંધારી સંધ્યાએ પ્રમુખસ્વામી મહારાજ હાથમાં સહજાનંદી દીપક લઈને પાંચે ખંડમાં ઘૂમી વળ્યા. તેઓ નૂતન યુગના જ્યોતિર્ધર હતા, જેમણે લાખોનાં જીવનમાંથી વ્યસન-દૂષણનું અંધારું કાઢી નીતિ, સદાચાર ભરી, દિવ્ય જીવનના દીવડા પ્રગટાવ્યા. વર્તમાન સમયે મહંત સ્વામી મહારાજ એ પ્રકાશ વિસ્તારી રહ્યા છે.

૧૯૯૧માં અમેરિકામાં 'ભારતીય સાંસ્કૃતિક મહોત્સવ' ત્રીસ દિવસ ચાલ્યો ત્યારે રોજ 'સ્વામિનારાયણ નગર' રોશનીથી ઝળહળતું હતું. એકત્રીસમા દિવસની સંધ્યાએ પ્રમુખસ્વામી મહારાજ તે સ્થળેથી પસાર થતા હતા. મોટરચાલક યુવકે 'નગર'ની જગ્યા ઉપર નજર ફેંકતાં કહ્યું : 'બાપા ! અહીં હવે બધે અંધારું થઈ ગયું.'

સ્વામીશ્રીએ યુવકની છાતી ઉપર હાથ અડાડી કહ્યું : 'અહીં તો અજવાળું થઈ ગયું છે ને !'

સ્વામીશ્રીએ એ યુવકને એક ખૂબ મોટી ભૂલમાંથી ઉગારી લીધો હતો. તે સંદર્ભમાં 'અંતરનું અજવાળું' બહુ સમયસરનું પુરવાર થયું હતું. આવા હજારો લોકોનાં હૃદયમાં સ્વામીશ્રીએ જે સંસ્કાર-દીપ પ્રગટાવ્યા છે તે કદી બુઝાશે નહીં. તેને કદીય દેશકાળની ઝાપટ લાગશે નહીં.

વેપારીઓ ચોપડા-પૂજન કરી શારદા-પૂજન દ્વારા આ દિવસે પોતાના આગામી વર્ષના હિસાબ શુદ્ધ રાખવાની ભાવના કરે છે. વર્ષ દરમ્યાન કરેલાં સારાં-નરસાં કર્મોનું સરવૈયું કાઢી, આવતું વર્ષ પવિત્ર, શાંત અને નિર્મળ વીતે, તેવી શુભ ભાવનાઓ વ્યક્ત થાય છે. તથા શુભ લક્ષ્મી પ્રાપ્ત કરીશ તેવી પ્રતિજ્ઞા પણ આ દિવસોમાં જ કરવામાં આવે છે. લક્ષ્મી ભગવાનનાં પત્ની છે. બંનેનું શાશ્વત-દિવ્ય દામ્પત્ય છે, આથી માત્ર લક્ષ્મીનું જ નહીં, સાથે સાથે ભગવાનનું પણ પૂજન અવશ્ય કરવું જોઈએ. જગતમાં જે આપણું દેખાય છે, તે બધું જ આખરે તો ભગવાનનું છે, માટે ઊપજમાં ભગવાનનો ભાગ રાખવો.

પ્રમુખસ્વામી મહારાજ કહેતા કે ''લોકમાં વાત થાય છે કે 'રામજી ચોપડા ચોખ્ખા રાખે.' પણ રામજીના ચોપડા તો ચોખ્ખા છે. આપણે આપણા ચોપડા ચોખ્ખા રાખવા.'' જીવનનો ચોપડો ચોખ્ખો ત્યારે જ રહે, જ્યારે સદ્ગુણોની કમાણી ચાલુ હોય. ભગવાન શ્રી સ્વામિનારાયણે વચનામૃતમાં કહ્યું છે કે જ્યારથી આપણને

સત્સંગ થયો ત્યારથી સત્સંગનું નામું માંડવું. એક એક દિવસના ગુરુહરિનાં ચરિત્રો સંભારવાં અને તપાસ કરવી કે બારે મહિના ઘાણીના બળદની જેમ ચાલ્યા કે પરમનો પંથ કપાયો ? કે પછી કાળમીંઢ પથ્થર ઉપરથી કેવળ સમયજળ વહી ગયું !

ભવિષ્યોત્તર પુરાણમાં દિવાળીનો ઉત્સવ સવારથી જ કેવી રીતે ઊજવવો તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું છે.[૨] જેમાંથી દેવો અને પિતૃઓની પૂજા, બ્રાહ્મણ-ભોજન અને સંધ્યા સમયે અસુરોને ભગાવવાના હેતુથી ઢોલ-નગારાંનો નાદ કરવાની વિધિઓ આધુનિક સમયમાં લુપ્ત થઈ ગઈ છે.

અમાસની રાત્રે અજવાળાં ફેલાવતા દીવડા પ્રગટાવીને અંતરમાં પ્રકાશ પાથરવાની પ્રાર્થના સૂચવતો ઉત્સવ તે 'દીપાવલિ' કે દિવાળી. ભગવાન અને સત્પુરુષમાં મનુષ્યભાવ આવે તો તેની હોળી કરીએ, અને દિવ્ય ભાવની દિવાળી કરીએ એ જ દિવાળી ! શરીર, ઘર અને કુટુંબમાં શુદ્ધિ, નવીનતા, પ્રેમ અને આત્મીયતા કેળવવાનો શુભ અવસર એટલે દિવાળી. ભગવાનની અને સંતની પ્રાપ્તિથી અંતરમાં સદાય પૂર્ણકામપણું રહે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિના દીવડા દિલમાં પ્રગટી જાય તો તેને સદ્‌ગુરુ બ્રહ્માનંદ સ્વામી કહે છે તેમ – 'દિન દિન દિવાળી' જ છે.

## બેસતું વરસ

કારતક સુદ પડવાનો દિવસ એ વિક્રમ સંવતના નૂતનવર્ષનો પ્રારંભ.

ભગવાન કે ભગવાનના સ્વરૂપસમા ગુણાતીત સંતના આદેશને ઝીલી જીવનમાં નવી દિશા સ્વીકારીએ તો આપણું નવું વર્ષ સાર્થક બને છે. આમ, નવું વર્ષ એટલે નવા-શુભ-પવિત્ર નિર્ણયો લેવાનો દિવસ. શુભ સંકલ્પો કરી વર્તનના ધ્યેયને વધાવવાનો દિવસ.

વ્યાસજી કહે છે :

यो यादृशेन भावेन तिष्ठत्यस्यां युधिष्ठिर ।
हर्षदैन्यादिरूपेण तस्य वर्षं प्रयाति वै ॥

'હે યુધિષ્ઠિર ! આ પડવાને દિવસે જે વ્યક્તિ આનંદમાં રહે છે, તેનું આખું વર્ષ આનંદમાં વીતે છે. જે દુઃખમાં રહે છે, તેનું આખું વર્ષ દુઃખમાં વીતે છે !'

આ મંગલપર્વ આખા વર્ષનાં આનંદ અને સુખને પામવાનો દિવસ છે.

વિક્રમ સંવત વર્ષનો છેલ્લો દિવસ એટલે દિવાળી અને પહેલો દિવસ એટલે અન્નકૂટ. ભારતીય ઉત્સવોમાં અનેરું સ્થાન ધરાવતા એ તહેવારો છે. અનેક પૌરાણિક કથાઓ સાથે સંકળાયેલા આ ઉત્સવોની ઉજવણી શ્રીજીમહારાજે પણ ધામધૂમપૂર્વક કરી છે.

દિવાળીના દિવસે જેમ ઘરનાં આંગણાં દીપમાળાથી સજાવવામાં આવે છે, તેમ ભક્તો પણ આ ઉત્સવે શ્રીજીમહારાજ સમક્ષ દીપમાળા પૂરતા. વચનામૃત કારિયાણી પ્રકરણ ૬માં આ ઉલ્લેખ કરતાં સંતોએ નોંધ્યું છે કે –

'સં. ૧૮૭૭ના આસો વદિ અમાસ જે દિવાળી તેને દિવસ, ગામ શ્રીકારિયાણી મધ્યે વસ્તાખાચરના દરબારમાં ઉત્તરાદે દ્વાર ઓરડાની આગળ દીપમાળા પૂરી હતી અને તે દીપમાળા મધ્યે મંચ બાંધ્યો હતો અને તે મંચ ઉપર છપરપલંગ બિછાવ્યો હતો ને તે ઉપર સ્વામીશ્રી સહજાનંદજી મહારાજ વિરાજમાન હતા.'

દીપમાળાની સાથે શ્રીજી સમક્ષ દિવાળીના દિવસે ભક્તો ફટાકડા પણ ફોડતા. વરતાલમાં શ્રીજીએ કરેલા દિવાળીના વર્ણનમાં ઉલ્લેખ કરતાં લખાયું છે :

*'દીપોત્સવી હતી તે દિને, રાતે રુડી રચી દીપમાળ;*
*વચે બિરાજે વાલમો, પરમેશ્વર જનપ્રતિપાળ.*
*તારા તણા મંડળ વચે, શશી પૂરણ શોભે જેમ;*
*મંજુલ દીપકમાળમાં, વૃષતનુજ શોભે તેમ.*
*દર્શન કારણ દેવતા, રુડું દીપકનું ધરી રૂપ;*
*શું અવનીમાં આવિયા, એવો ભાવ જણાય અનૂપ.*
*તાલ મૃદંગ બજાવિને, કરે ઉત્સવ સંતસમાજ;*
*સૌ જન જાણે એકઠી, થઈ ક્રોડ દિવાળી આજ.*
*કોઠીયો ઝાડ બપોરિયા, એવો દારુખાનાનો ખેલ;*
*કર્યો કૃપાળુની આગળે, જોઈ રીઝ્યા રુદે રંગરેલ.*
*અંતર ઈરષાળુ તણાં, સુખ પારકું જોઈ બળિ જાય;*
*દારુખાનાનાં રમકડાં, જોતાં એમ સળગતાં જણાય.'*[૩]

જો કે શ્રીજીમહારાજને ફટાકડા બહુ ગમતા નહીં. સદ્‌ગુરુ આધારાનંદ સ્વામી લખે છે : 'હરિભક્તોના છોકરા બાળબુદ્ધિ હોવાથી બપોરિયાં ને ફટાકડા ફોડતા. શ્રીહરિ તેમનો ખેલ જોઈને હસતા. શ્રીહરિ ભક્તોને કહે : આવી રમત સારી નહીં. હાથ, પગ, મોઢું બળી જાય તેવી આ રમત છે...'[૪]

દિવાળીની જેમ જ અન્નકૂટની પણ ઉજવણી મહારાજના સાંનિધ્યમાં ઉત્સાહભેર થતી. શ્રીજીમહારાજને આ ઉત્સવ ઊજવવાનો અનેરો ઉત્સાહ રહેતો. ઘણી વાર જાતે જ આમંત્રણ પત્રિકા મોકલતા.

ભુજમાં એક વાર શ્રીજીમહારાજે અન્નકૂટોત્સવ કરવાનું

૨. ભવિ. ૧૪૦-૧૪-૨૯.

૩. શ્રીહરિલીલામૃત : ક.૭, વિ.૨૭.
૪. હરિચરિત્રામૃતસાગર : પૂર-૧૨, તરંગ-૪૫.

વિચાર્યું. તે પ્રસંગે સૌને લાભ લેવા આવવાનું આમંત્રણ આપતાં શ્રીજીમહારાજે કહેવડાવ્યું :

*'પછી શ્રીહરિ સુંદર શ્યામ, લખાવે કંકોત્રી ગામોગામ;*
*ભુજ થકી એ લખાવનાર, તેના આશિષ વાંચજો સાર.*
*વાંચી પત્રીને આવો અવશ્ય, કાર્તિક સુદ એકમ દિવસ;*
*આવો અન્નકૂટ ઉત્સવ પર, બાઈ ભાઈ મળી તત્પર.*
*સંતમંડળ ને બ્રહ્મચારી, પાર્ષદ સહિત આવો સુખકારી;*
*એવી પત્રિકા લખી અપાર, કચ્છ સોરઠ અને હાલાર.*
*કાઠિયાવાડ ને ઝાલાવાડ, દંઢાવ્ય મારૂ વળી મારવાડ;*
*ગુજરાત આદિ સર્વે દેશ, મેલી કંકોત્રી સૌને સંદેશ.'*[૫]

આમ, શ્રીજી સૌને ઉત્સવ પ્રસંગે ભેગા કરતા. સાથે સાથે લાભ લેવા આવેલા સૌની યથાયોગ્ય સંભાવના પણ કરતા. ભક્તોના ઉતારે ઉતારે પધારતા. ઉત્સવના ભરચક કાર્યક્રમોની વચ્ચે પણ ભક્તોની આવી સંભાળ રાખવાની મહારાજની પ્રકૃતિ વર્ણવતાં લખાયું છે :

*'આ સમે જવું છે જો અમારે, સર્વે હરિભક્તોને ઉતારે;*
*માટે સખા સૌ તૈયાર થાવો, એવું બોલ્યા મનોહર માવો;*
*ત્યારે જેઠીમલ ગંગારામ, સુતાર સુંદરજીભાઈ નામ;*
*અદોભાઈ આદિક અપાર, સર્વે સખા થયા છે તૈયાર;*
*ગયા હરિભક્તોને ઉતારે, દર્શન કર્યાં ભક્તોએ તે વારે;*
*સૌને પૂછ્યા હરિએ સમાચાર, જોતી વસ્તુ માગજો આ વાર;*
*એમ ઉતારે ઉતારે ફરી, પૂછી સૌની તે ખબર ખરી.'*[૬]

આ પ્રસંગે ઠાકોરજી સમક્ષ ધરાવવામાં આવનાર અન્નકૂટની વાનગીઓ જ્યાં બનતી તેનું નિરીક્ષણ કરવા પણ શ્રીજીમહારાજ અવારનવાર પધારતા.

વામન અવતાર ધારણ કરીને ભગવાને જે દિવસે ત્રણ પગલાંનું દાન માગ્યું, એ દિવસ કાર્તિક સુદ પડવાનો હતો. બલિએ સર્વસ્વનું દાન આપી ભગવાનને પ્રસન્ન કરી લીધા. આ દિવસને લોકો હંમેશ માટે સ્મરણમાં રાખે એ હેતુથી વામનજીએ બલિને વરદાન આપ્યું: 'આ પુણ્યદિન બલિપ્રતિપદા તરીકે વિખ્યાત થશે.'[૭]

આમ, ભક્તના પ્રભુ પ્રત્યેના સમર્પણ દિન તરીકે ઊજવાતો આ ઉત્સવ સૌના હૃદયમાં ભગવાન પ્રત્યે સમર્પણની ભાવનાને દૃઢાવતો રહ્યો છે.

વિક્રમ સંવતનું નવું વર્ષ આ દિવસથી શરૂ થાય છે. તેથી સૌ નવું જીવન જીવવાની પ્રેરણા સાથે જૂનાં વેરઝેર ભૂલે છે, પ્રેમ ને આત્મીયતાથી મળે છે, વર્ષને વધાવવા એકબીજાના મંગળની ભાવના નવા ઉત્સાહથી વ્યક્ત કરે છે. એ જ જીવતરમાં પરિવર્તન કર્યું કહેવાય !

'कालोऽयं निरवधिः' કાળ અનંત છે, એમ ભવભૂતિ કહે છે. વળી, ભર્તૃહરિ સુભાષિતમાં કહે છે કે 'कालो न याति वयमेव याताः' – કાળ પસાર થતો નથી, પૃથ્વીપટેથી આપણે પસાર થઈ જઈએ છીએ.

રોજ રોજ ફાટતાં તારીખિયાંનાં પાનાં તો સમયના પવનની પાંખે ઊડી જાય છે. રાજા વિક્રમે શરૂ કરેલી વિક્રમ સંવતનું એક વધુ વર્ષ આજે શરૂ થાય છે. તેણે શક લોકો પર વિજય મેળવી આ સંવત શરૂ કરી હતી. આ દિવસે વર્ષ તો નવું બેસે છે, પણ ઘટમાળ તો જૂની જ રહી જાય છે !

'We live in deeds, not in years.' – આપણે આપણાં સુકૃતોમાં જીવીએ છીએ; વરસોમાં નહીં.

કેટલું જીવ્યા તે કરતાં 'કેવી રીતે જીવ્યા' તે માનવ માટે મહત્ત્વનું છે. काकोऽपि जीवति चिराय बलिं च भुङ्क्ते। કહે છે: કાગડો પણ ૧૫૦ વર્ષ જીવે છે, વનસ્પતિ પણ સેંકડો વર્ષ જીવે છે. રાવણ વગેરે વરસોમાં જીવ્યા. ગીતા આવા જીવનને નિષ્ફળ જીવન કહે છે. 'मोघं पार्थ स जीवति' 'એ જીવન વ્યર્થ છે !'[૮]

ટી.એસ. ઈલિયટ આવા જીવનને શ્વાસોચ્છ્વાસ કાઢતી ધમણ તુલ્ય કહે છે : 'Where is the life, we lost in living.'

જો જીવનમાંથી કામ, ક્રોધ, લોભ, રાગ, દ્વેષ વગેરે દુર્ગુણો ઘટ્યા નથી તો શું એ જીવન સાર્થક કહી શકાય ખરું ? કેવળ ઢેફું ભાંગીને ધૂળ જ કરી કહેવાય.


અધર્મ અંધારું ટાળવા 'પ્રેમે પ્રગટેલા સૂરજ સહજાનંદ'નો પ્રકાશ આપણે કેટલો ઝીલ્યો તે અંતર્દષ્ટિ કરવાનો દિવસ એટલે જ બેસતું વર્ષ. ભૂમાનંદ સ્વામીનું આ પદ આ દિવસનો મર્મ સમજવા પૂરતું છે :

*એ જ દિવાળી રે દેહ મનુષ્યનો રે,*
*આવ્યો અતિ દુર્લભકાળ જેહ;*
*તે જ તુજને મળ્યો જેને ઈચ્છે છે દેવતા રે,*
*તેમાં લવ નથી સંદેહ...૧*
*તેને તું કરને રે મંદિર મહારાજનું રે,*
*દયા શીલ સંતોષે શણગાર;*
*કામ ક્રોધ લોભ રે મત્સર ઈર્ષ્યા રે,*
*વાસના વાળીને કાઢ બા'ર...૨*
*સત્સંગ કર રે ચંદરવો શોભતો રે,*
*તોરણ તો વર્તમાન ધારે પાંચ;*

**(અનુસંધાન પૃષ્ઠ ૪૨ ઉપર)**

૫. પુરુષોત્તમ લીલામૃત સુખસાગર : તરંગ-૪૨.
૬. પુરુષોત્તમ લીલામૃત સુખસાગર : તરંગ-૪૩.
૭. સ્કંદ : ૨૪.૧૦.
૮. ગીતા : ૩/૧૬.

# વંદે સંતપરંપરામ્...



જેમનાં ચાબખા-કીર્તનો સૂતેલા આત્માને ઢંઢોળે છે, એવા મહાન સંતકવિ સદ્ગુરુ

## દેવાનંદ સ્વામી


પૂર્વાશ્રમમાં સૌરાષ્ટ્રના બરોળ ગામના દેવાનંદ સ્વામી ભગવાન સ્વામિનારાયણના પ્રમુખ અષ્ટક કવિઓમાંના એક ઉત્તમ કોટિના કવિરાજ હતા. સન ૧૮૦૩ની કાર્તિક પૂર્ણિમાએ એક ચારણ પરિવારમાં દેવીદાન તરીકે તેમનો જન્મ થયો હતો.

બાળપણમાં પિતા જીજીભાઈ સાથે નિયમિત દેવમંદિરે દર્શને જતા બાળક દેવીદાને એક વખત સ્થાનિક શિવાલયમાં ખૂબ ભક્તિભાવથી પ્રાર્થના કરી ત્યારે ભગવાન શિવજીએ પ્રગટ થઈને તેમને વરદાન આપ્યું હતું કે 'સાક્ષાત્ ભગવાન તારે ગામ પધારશે, અલૌકિક ઐશ્વર્ય બતાવશે, તું એમનાં શરણમાં જજે, સરસ્વતી તારા કંઠમાં બિરાજશે.' અને એમ જ બન્યું. ભગવાન શ્રી સ્વામિનારાયણ બરોળ ગામે પધાર્યા અને દેવીદાનને જાણે પૂર્વનું અનુસંધાન હોય તેમ ભગવાન સાથે પ્રીતનો તંતુ જોડાઈ ગયો ને ભગવાનને કહ્યું: 'મને સાધુ બનાવો.' તેમની પૂર્વની મુમુક્ષુતા જાણીને ભગવાન સ્વામિનારાયણે તેમને સ્વીકાર્યા, દીક્ષા આપી, દેવાનંદ સ્વામી નામ ધારણ કરાવ્યું અને સંતકવિ બ્રહ્માનંદ સ્વામીની નિશ્રામાં તાલીમ માટે મૂકી દીધા. આમ પણ તેમની રગોમાં પવિત્ર ચારણ સંસ્કારોનું લોહી વહેતું હતું, એમાં વળી શ્રીહરિના આશીર્વાદ સાથે પ્રખર સંતકવિ બ્રહ્માનંદ સ્વામીની તાલીમ ભળી, જાણે સોનામાં સુગંધ ભળી. ભગવાન સ્વામિનારાયણ પ્રત્યે અનન્ય ભક્તિ અને સાધુતાથી શોભતા દેવાનંદ સ્વામી ટૂંક સમયમાં મહાન સંતકવિ બની ગયા.

ઉપમા, અલંકાર, છંદ અને કલ્પનાની અનોખી ઝડઝમક હોવા છતાં સૌ કોઈને સમજાય તેવી ભાષામાં રચેલાં એમનાં હજારો કીર્તનોમાં વૈરાગ્યની ઝલક સાથે ભગવાન સ્વામિનારાયણનો અપરંપાર મહિમા પણ ઝળહળે છે. એમનાં કીર્તનો 'દેવાનંદ સ્વામીના ચાબખા' તરીકે પ્રસિદ્ધ છે.

મૂળીના સ્વામિનારાયણ મંદિરના મહંત તરીકે તેમણે ઝાલાવાડના સત્સંગ વિકાસમાં ખૂબ મોટું યોગદાન આપ્યું છે. તેમના થકી કાવ્ય-દીક્ષા મેળવીને સુશિક્ષિત થયેલા ગુજરાતી ભાષાના પ્રખર કવિ શ્રી દલપતરામ તેમની એક ભેટ સમાન છે. ગુજરાતના સાહિત્ય ભંડારમાં અનેક અમૂલ્ય રત્નો આપીને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કરનાર મહાન સંતકવિ તરીકે જ નહીં, પરંતુ કાવ્ય-ચાબખા મારીને યુગો સુધી સૂતેલા આત્માને અધ્યાત્મના માર્ગે ઢંઢોળનારા એક મહાન પ્રહરી તરીકે તેઓને હંમેશાં યાદ રખાશે. ◆

છબિ: દેવાનંદ સ્વામી, સ્વામિનારાયણ અક્ષરધામ, ન્યૂજર્સી, યુ.એસ.એ.



# મહર્ષિ લગધ

**જેમણે વિશ્વને વર્ષનો સર્વપ્રથમ ખ્યાલ આપ્યો...**
**અંતરિક્ષનાં અકળ રહસ્યો પર પ્રકાશ પાડીને જેમણે વિશ્વને**

## પ્રથમ વૈજ્ઞાનિક ગ્રંથની ભેટ આપી...

■ સાધુ અક્ષરવત્સલદાસ

'સ્વામિનારાયણ પ્રકાશ'નો આ અંક મુદ્રિત થઈને આપની પાસે આવશે ત્યાં સુધીમાં વિક્રમ સંવતનું એક વધુ વર્ષ પૂર્ણ થઈ ચૂક્યું હશે. વિક્રમ સંવત ૨૦૮૦નું ચક્ર પૂર્ણ કરીને આપણે વિક્રમ સંવત ૨૦૮૧માં પ્રવેશી ચૂક્યા હોઈશું. દીપાવલિ અને નૂતન વર્ષનાં આવાં સેંકડો ચક્રોમાંથી માનવજાત આ રીતે પસાર થઈ ચૂકી છે. પરંતુ વિશ્વને સૌ પ્રથમ વખત - આ એક વર્ષ પૂર્ણ થયું - એવો ખ્યાલ કોણે આપ્યો હશે? બ્રહ્માંડીય પરિવર્તનોની સતત ચાલતી ઘટમાળમાં માનવજાતને સમયની પહેલી ઓળખ કોણે આપી હશે? પળ, ઘડી, તિથિ, મહિનો, વર્ષ, યુગ - આવા સમયના એકમોનો એકડો વિશ્વને સૌ પ્રથમ ઘૂંટાવનાર કોણ હશે? અંધારી રાતે આકાશમાં ચમકતાં તારાઓ-નક્ષત્રો-ગ્રહોને ચોક્કસ સાર્થક નામ આપીને, તેનો આપણા જીવન સાથે સંબંધ દર્શાવનારા વિજ્ઞાની કોણ હશે?

આવા અનેક સવાલોનો જવાબ મેળવવા માટે આપણે આપણા મહાન વૈદિક વારસા તરફ નજર કરવી જ પડે.

વિશ્વની મહાન વિરાસતમાં વેદો સૌથી પ્રાચીનમાં પ્રાચીન વારસો છે. વેદોમાં વૈશ્વિક જ્ઞાન પરંપરાનો એવો ગૂઢ વારસો ભંડાર્યો છે કે જેનાં રહસ્યોને પામવા માટે વૈદિક ઋષિઓએ છ અંગોની રચના કરી હતી. એ છ અંગો વેદાંગ તરીકે ઓળખાય છે. એ છ અંગોમાંનું એક અંગ એટલે વેદાંગ જ્યોતિષ શાસ્ત્ર.

સામાન્ય રીતે આપણે જ્યોતિષ શાસ્ત્રને આપણું ભવિષ્ય જોવાની વિદ્યા તરીકે કે શુભ-અશુભ મુહૂર્તોના શાસ્ત્ર તરીકે જ ઓળખીએ છીએ, પરંતુ જ્યોતિષ એ એક એવું વેદાંગ-શાસ્ત્ર છે, જે અંતરિક્ષમાં ઝળહળતાં જ્યોતિર્મય ગ્રહો, નક્ષત્રો, તારાઓ, ચંદ્ર જેવા ઉપગ્રહો વગેરેનું વૈજ્ઞાનિક અધ્યયન શીખવે છે અને કાલવિધાન એટલે કે સમયનું ચક્ર સમજાવે છે.

બીજી રીતે કહીએ તો વેદાંગ જ્યોતિષ એ વેદમાંથી પ્રગટેલી એક એવી વિજ્ઞાન શાખા છે, જેનું આપણા રોજબરોજના જીવનમાં અત્યંત મહત્ત્વ છે. વેદાંગ જ્યોતિષ એટલે વિશ્વનું સર્વપ્રથમ અંતરિક્ષ વિજ્ઞાન, જેમાં વિશ્વનું સર્વપ્રથમ કેલેન્ડર (પંચાંગ), ખગોળીય ગણતરીઓ અને ગ્રહ-નક્ષત્રોની અન્ય અનેકવિધ બાબતો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

કોણે રચ્યું છે આ વૈજ્ઞાનિક શાસ્ત્ર?

વેદાંગ જ્યોતિષના રચયિતા તરીકે ભારતીય પરંપરા જેમને અપાર આદર આપે છે એ છે – આચાર્ય લગધ.

બીજા શબ્દોમાં કહો તો, આધુનિક અંતરિક્ષ વિજ્ઞાન કે ખગોળ વિજ્ઞાનનો પાયો નાંખનાર છે – આચાર્ય લગધ. આચાર્ય લગધે આપેલી જ્ઞાનસમૃદ્ધિના આધાર પર આધુનિક ખગોળ વિજ્ઞાનમાં નવી શોધખોળોના કેટલાય મિનારાઓ રચાયા છે, કેટલાંય નવાં કીર્તિમાન રચાયાં છે.

## કોણ હતા આચાર્ય લગધ?

મહાન ઋષિ અને મહાન વિજ્ઞાની આચાર્ય લગધનો જન્મ ક્યાં ને ક્યારે થયો હશે તે વિશે કોઈ ઐતિહાસિક કે પુરાતત્ત્વીય વિગતો ઉપલબ્ધ નથી. તેમ છતાં તેમણે પોતાના દ્વારા રચિત 'વેદાંગ જ્યોતિષ' ગ્રંથમાં પોતાના વિષે મંત્ર ૭ અને ૨૨માં કેટલીક માહિતી આપી છે.

ઉપરોક્ત મંત્રના આધારે અક્ષાંશ-રેખાંશની ગણતરી કરીને ભારતના મહાન ખગોળ વિજ્ઞાની શ્રી શંકર બાલકૃષ્ણ દીક્ષિત નોંધે છે કે આચાર્ય લગધનો જન્મ કાશ્મીર અથવા તક્ષશિલા નગરની વચ્ચેના પ્રાંતમાં થયો હોવો જોઈએ.

વેદાંગ જ્યોતિષના મંત્રો અને તેમાં આપેલી ખગોળીય માહિતીનો અભ્યાસ કરીને વિશ્વના જુદા જુદા પ્રસિદ્ધ વિદ્વાનો લગધનો સમય અલગ અલગ રીતે આંકે છે. જેમ કે –

| ક્રમ | ઈતિહાસકાર | નિર્ધારિત સમય |
|---|---|---|
| ૧ | એચ. ટી. કોલબ્રુક | આજથી ૩૪૩૪ વર્ષ પહેલાં |
| ૨ | પ્રો. વિલિયમ વ્હીટની | આજથી ૩૩૬૨ વર્ષ પહેલાં |
| ૩ | પ્રો. એફ. મેક્સમૂલર | આજથી ૨૩૦૦ વર્ષ પહેલાં |
| ૪ | પ્રો. એચ. એફ. વેબર | આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં |
| ૫ | શંકર બાલકૃષ્ણ દીક્ષિત | આજથી ૩૪૦૦ વર્ષ પહેલાં |
| ૬ | ડૉ. કે. ગોપાલ | આજથી ૩૪૫૦ વર્ષ પહેલાં |

આવા ઉપરોક્ત મત-મંતાતરોમાં આચાર્ય શંકર બાલકૃષ્ણ દીક્ષિતનો મત વધુ સ્વીકાર્ય બન્યો છે. એટલે કે આજથી ઓછામાં ઓછાં ૩૪૦૦ વર્ષ પહેલાં આચાર્ય લગધનો સમય હતો.

## શું છે વેદાંગ જ્યોતિષ?

વેદનાં અંગો - શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત અને છંદમાં જ્યોતિષને પાંચમું અંગ માનવામાં આવ્યું છે. વેદાંગ જ્યોતિષમાં બે અલગ અલગ પાઠ મળે છેઃ ૧. ઋક્ અથવા આર્ચ જ્યોતિષ. ૨. યજુષ જ્યોતિષ. બંને પાઠમાં પહેલો પાઠ ઋગ્વેદનો ભાગ ગણાય છે. ઋક્ જ્યોતિષમાં માત્ર ૩૬ શ્લોકો છે. જ્યારે, બીજો પાઠ યજુર્વેદનો ભાગ ગણાય છે, જેમાં માત્ર ૪૩ શ્લોકો છે. પરંતુ આટલા ટૂંકા શાસ્ત્રમાં સૂત્રાત્મક શૈલીમાં જ્ઞાનનો ભંડાર ભર્યો છે, જેને ઉકેલવા માટે

સેંકડો પૃષ્ઠોની સમજૂતી આપવી પડે! બંનેમાં વિષયવસ્તુ સમાન છે. દિવસનું માપ, તિથિનું માપ, નક્ષત્રોનું માપ, સૂર્ય અને ગ્રહોનું અયન, મહિના અને વર્ષનું માપ તેમજ અન્ય ગણતરીઓ તેમાં સૂત્રાત્મક શૈલીમાં આપવામાં આવી છે.

વેદાંગ જ્યોતિષ યુગ પદ્ધતિનો એક સુંદર ખ્યાલ આપે છે. પાંચ સંવત્સર એટલે કે પાંચ વર્ષનો એક યુગ.

આ યુગની ગણતરી સાથે વેદાંગ જ્યોતિષ કેટલાંક વિશિષ્ટ માર્ગદર્શન આપે છે. જેમ કે, ઉત્તરાયણનો પ્રારંભ ક્યારથી ગણવો?

स्वराक्रमेते सोमार्कौ यदा साकं सवासवौ।
स्यात्तदाऽऽदियुगं माघस्तपः शुक्लोयनं ह्युदक्।।


(વેદાંગ જ્યોતિષ, 6)

અર્થાત્ આકાશમાં સૂર્ય, ચંદ્ર એક સાથે ધનિષ્ઠા નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારે માઘ (મહા) મહિનો, શુક્લ પક્ષ અને ઉત્તરાયણનો આરંભ થાય છે.

આ જ રીતે શ્રાવણ મહિનામાં સૂર્ય દક્ષિણાયન એટલે કે દક્ષિણ તરફ ગતિ કરે છે તેનું પણ માર્ગદર્શન વેદાંગ જ્યોતિષ આપે છે.

એમ ઉત્તરાયણ અને દક્ષિણાયનનું સ્પષ્ટ ગણતરીપૂર્વક માર્ગદર્શન આપીને આચાર્ય લગધ ઉત્તરાયણ અને દક્ષિણાયનના ૧૮૩ દિવસો તેમજ વર્ષના ૩૬૬ દિવસોની સૌ પ્રથમ ગણતરી આપે છે. (વેદાંગ જ્યોતિષ, ૩૪) વિશ્વમાં આનાથી વધુ પ્રાચીન વૈજ્ઞાનિક પદ્ધતિ સાથેનું ૩૬૬-૩૬૫ દિવસોનું વાર્ષિક કેલેન્ડર અત્યારે ક્યાંય ઉપલબ્ધ નથી.

સૂર્યને ફરતે પૃથ્વી એક ચક્ર પૂર્ણ કરે છે તેને સૌર વર્ષ તરીકે ગણાવીને આચાર્ય લગધ કહે છે કે એવા પાંચ સૌર વર્ષ પસાર થાય છે ત્યારે એક યુગ વીતે છે. એવા એક યુગમાં ૬૦ સૌર માસ[૧] વીતે છે, ૬૨ ચંદ્ર માસ વીતે છે, ૧૮૬૦ તિથિઓ પસાર થાય છે અને ૧૮૩૦ સૌર દિન વીતે છે.



વિશ્વમાં આવું સર્વપ્રથમ કેલેન્ડર આપનાર આચાર્ય લગધ, પોતાના ગ્રંથ વેદાંગ જ્યોતિષમાં જલઘટીયંત્ર એટલે કે ઘડિયાળનો પણ ઉલ્લેખ કરે છે. અર્થાત્ સમયમાપનની એક નિશ્ચિત વૈજ્ઞાનિક પદ્ધતિ આપવાનું પ્રથમ કાર્ય પણ આચાર્ય લગધે કર્યું છે.

કદાચ તમને સવાલ થશે કે, આચાર્ય લગધને કે તે સમયના વૈદિક ઋષિઓને સમય, નક્ષત્રો વગેરેમાં આટલા ઊંડાણથી ઊતરવાની જરૂર કેમ પડી હશે?

તેનો ઉત્તર તેઓ સ્વયં જ આપે છે. જ્યોતિષને આંખની ઉપમા આપવામાં આવી છેઃ ज्योतिषमयनं चक्षुः

આ આંખ હશે તો જ કૃષિ, યજ્ઞો જેવા કર્મકાંડો વગેરે જીવનનાં વિવિધ કાર્યો કરવાની સાચી દૃષ્ટિ પ્રાપ્ત મળશે.

વેદાંગ જ્યોતિષની મહત્તા દર્શાવતાં અન્ય શ્લોકમાં તેઓ કહે છેઃ

यथा शिखा मयूराणां नागानां मणयो यथा।
तद्वद् वेदांगशास्त्राणां ज्यौतिषं मूर्ध्नि तिष्ठति॥

(વેદાંગ જ્યોતિષ, ૪)

અર્થાત્ જેવી રીતે મયૂરના મસ્તકે શિખા અને નાગના મસ્તકે મણિનું મહત્ત્વ છે તે જ રીતે સર્વે વેદાંગ શાસ્ત્રોમાં જ્યોતિષ વેદાંગ શીર્ષ પર બિરાજે છે.

એવું માનતા પ્રાચીન ભારતના એ મહાન વિજ્ઞાની ઋષિઓએ આપેલાં પ્રદાનો વિશે વધુ સમજીએ તે પહેલાં વિશ્વના અંતરિક્ષ વિજ્ઞાનની સફર પર એક નજર નાંખી લઈએ.

## પ્રાચીન વિશ્વમાં અંતરિક્ષ વિજ્ઞાનની દુર્દશા

વિશ્વપ્રસિદ્ધ ભૌતિક વિજ્ઞાની સ્ટિફન હૉકિંગે તેમના પ્રસિદ્ધ પુસ્તક *'અ બ્રીફ હિસ્ટરી ઑફ ટાઇમ'*નો પ્રારંભ કરતાં આ પ્રસંગ ટાંક્યો છેઃ 'બર્ટ્રાન્ડ રસેલ જેવા વીસમી સદીના પ્રસિદ્ધ વિજ્ઞાનીએ અંતરિક્ષ વિજ્ઞાન ઉપર એક પ્રવચન આપ્યું. પૃથ્વી સૂર્યની આસપાસ કેવી રીતે ફરે છે અને સૂર્ય કેવી રીતે આપણી ગેલેક્સીના તારાઓ વચ્ચે ઘૂમે છે તેનું તેમણે સુંદર વર્ણન કર્યું. પ્રવચનના અંતે એક પીઢ સ્ત્રી ઊભી થઈ, તેણે કહ્યુંઃ 'તમે જે કહ્યું છે તે સાવ ખોટું છે. ખરેખર તો આ વિશ્વ એક સપાટ પાટી જેવું છે અને તેને એક મોટો કાચબો પોતાની પીઠ ઉપર ધરીને બેઠો છે!' બર્ટ્રાન્ડ રસેલ મોટેથી હસી પડ્યા. તેમણે કહ્યુંઃ 'પણ તમે એ કહેશો કે એ કાચબો શેના પર ઊભો છે?' એ સ્ત્રી બોલીઃ 'તું તો ભારે હોશિયાર છે! પણ એ કાચબો તો એક બીજા મોટા

૧. એક સૌર દિન એટલે એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીનો સમય. એવા ત્રીસ સૌર દિનનો સમય એટલે એક સૌર માસ. ટૂંકમાં, આધુનિક પદ્ધતિ મુજબ જાન્યુઆરીથી ડિસેમ્બર પ્રકારે ગણાતા મહિનાઓનું કેલેન્ડર.

ભારતમાં હજારો વર્ષ પહેલાં વૈદિક સમયથી, પૃથ્વી ગોળ છે અને તે સૂર્યની આસપાસ પરિક્રમા કરે છે એ વૈજ્ઞાનિક સત્ય છાત્રોને ભણાવાતું હતું ત્યારે બીજી તરફ યુરોપમાં ૧૬મી અને ૧૭મી સદીમાં પણ આવો વૈજ્ઞાનિક સિદ્ધાંત રજૂ કરવાનો ધાર્મિક અપરાધ કરવા બદલ વિજ્ઞાની નિકોલસ કોપરનિક્સ અને ગેલિલિ ગેલિલિયોને સખત સજા ફરમાવવામાં આવી હતી.

કાચબા ઉપર ઊભો છે!'[2]

વીસમી સદીના સુશિક્ષિત અને પ્રગતિશીલ યુરોપની એક સરેરાશ-સામાન્ય નાગરિક સ્ત્રીની આ વાત છે. તો, આજથી ચાર-પાંચ સદી પહેલાં યુરોપની સરેરાશ સ્થિતિ કેવી હશે એનું અનુમાન કરવાનું બહુ અઘરું નથી!

સન ૧૫૬૪માં ૧૫મી ફેબ્રુઆરીએ ઈટાલીમાં જન્મેલા પ્રસિદ્ધ વિજ્ઞાની ગેલિલિ ગેલિલિયોએ, નિકોલસ કોપરનિક્સના સિદ્ધાંતને અનુસરીને, 'પૃથ્વી ગોળ છે અને તે તથા અન્ય ગ્રહો સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે' – એવું સમર્થન કર્યું ત્યારે વેટિકન ખળભળી ઊઠ્યું હતું. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે જ કેવી રીતે? રૂઢિચુસ્ત ધર્મીઓએ ગેલિલિયોના વિધાનને ધાર્મિક અપરાધ માની લીધો અને તેને કડકમાં કડક સજાની માંગણી કરવામાં આવી. આ અપરાધ બદલ તેને ખ્રિસ્તી ધર્મગુરુ પોપ દ્વારા સજા ફરમાવવામાં આવી હતી. આ 'ધાર્મિક અપરાધ' આચરવા બદલ રાજ્ય તરફથી ગેલિલિયોને જીવનનાં છેલ્લાં આઠ વર્ષ નજરકેદની સખ્ત સજા ફરમાવવામાં આવી હતી. એટલું જ નહીં, તેના મૃત્યુ પછી પણ સાડા ચારસો વર્ષો સુધી ગેલિલિયો એ અપરાધ બદલ દોષિત રહ્યો હતો. પછી, સાડા ચારસો વર્ષે, છેક હમણાં, ૩૧ ઑક્ટોબર ૧૯૯૨ના રોજ કેથલિક ખ્રિસ્તી વડા ધર્મગુરુ પોપ જ્હોન પોલ(બીજા)એ ગેલિલિયોને તેના ઉપર મૂકેલા આરોપમાંથી મુક્ત થયેલા જાહેર કર્યો![3] અને જિયોર્ડાનો બ્રૂનો (Giordano Bruno) જેવા ખગોળશાસ્ત્રીને તો યુરોપિયન ધર્મગુરુઓએ આવા અપરાધ બદલ જીવતો સળગાવી દેવાની સજા ફરમાવીને રોમના Campo de' Fiori ચોકમાં સળગાવી દીધો હતો![4]

'પૃથ્વી અને અન્ય ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે' - એવું માનવું તેને બાઇબલના દૃષ્ટિકોણથી 'મહાન ધાર્મિક અપરાધ' ગણતા એ સમયના યુરોપમાં, ખગોળ વિજ્ઞાનમાં કેટલું અજ્ઞાન હશે તે સમજવા માટે આ ઉદાહરણ પૂરતું છે. ખગોળ વિજ્ઞાનમાં પશ્ચિમની આ દુર્દશા હતી ત્યારે ભારતમાં, હજારો વર્ષો પૂર્વે વિજ્ઞાનના નભમંડળમાં સોળે કળાએ સોનલવર્ણો સૂર્ય ખીલ્યો હતો. સમગ્ર જગતને આજે પણ આશ્ચર્યમાં ગરકાવ કરી દે એવી શોધો તે યુગમાં પ્રાચીન ભારતના ઋષિવિજ્ઞાનીઓ કરી ચૂક્યા હતા. દા.ત. પૃથ્વી

૨. Stephen Hawking, *The Illustrated 'A Brief History of Time'*, p. 2, Bentam Books, New York, 1996

૩. • "Vatican admits Galileo was right". New Scientist. 7 November 1992. Retrieved 9 August 2007. https://www.newscientist.com/article/mg13618460-600-vatican-admits-galileo-was-right/

• "Papal visit scuppered by scholars". BBC News. 15 January 2008. Retrieved 16 January 2008. http://news.bbc.co.uk/2/hi/europe/7188860.stm

૪. Alberto A. Martinez, *Burned Alive Bruno, Galileo and the Inquisition,* The University of Chicago Press, 2018.





સૂર્ય, પૃથ્વી અને નક્ષત્ર-તારાઓ વિશે અંતરિક્ષ વિજ્ઞાનનો આધુનિક સિદ્ધાંત રજૂ કરવા બદલ ૧૫મી શતાબ્દીમાં યુરોપમાં કેટલો અંધકાર હશે કે રોમના આ પ્રસિદ્ધ ચોકમાં વિજ્ઞાની જિયોર્ડાનો બ્રુનોને અહીં જાહેરમાં સળગાવી દેવામાં આવ્યો હતો.
બીજી તરફ ભારતમાં તેના હજાર વર્ષ પહેલાં આર્યભટ્ટે માત્ર ૨૩ વર્ષની ઉંમરે પૃથ્વી અને ચંદ્રનો પરિઘ-વ્યાસ શોધી કાઢ્યા હતા!

ગોળ છે એટલું જ નહીં, પરંતુ ભારતીય વિજ્ઞાનીઓએ તો ગેલિલિયો કરતાં ૧૧૦૦ વર્ષ પહેલાં પૃથ્વીનો વ્યાસ અને પરિઘ પણ શોધી કાઢ્યા હતા! આર્યભટ્ટ, બ્રહ્મગુપ્ત, વરાહમિહિર જેવા વિજ્ઞાનીઓએ પૃથ્વીનો વ્યાસ આજના માપ પ્રમાણે ૭૯૦૫ માઈલ આપ્યો હતો અને આધુનિક વિજ્ઞાનીઓ અદ્યતન સાધનોથી માપીને ૭૯૧૮ માઈલ દર્શાવે છે. કેટલું ચોક્કસાઈ ભરેલું માપ! માત્ર ૧૩ માઈલનો જ ફર્ક! તેનું કારણ પણ એ છે કે પ્રાચીન ભારતીય ઋષિઓએ સિંહલદ્વીપને કેન્દ્રમાં રાખીને વ્યાસ કાઢ્યો હતો. જ્યારે આધુનિક યુરોપિયન વિજ્ઞાનીઓએ ગ્રીનીચને કેન્દ્રમાં રાખીને વ્યાસ કાઢ્યો છે. સ્થાનફેરને કારણે આટલો ફર્ક સ્વીકાર્ય છે. આ જ રીતે તેમણે ચંદ્રની ગોળાઈ અને તેનો વ્યાસ પણ શોધી કાઢ્યો હતો. આવી અનેક પ્રાચીન ભારતીય શોધખોળો અંગે વિશેષ માહિતી પ્રાપ્ત કરીએ તો ખરેખર ગૌરવથી મસ્તક છલકાઈ ઊઠે.[૫]

પ્રાચીન ભારત અને સૂર્ય-ચંદ્ર-પૃથ્વી અંગે પોતપોતાના વિચારો જગત સમક્ષ મૂક્યા છે. સૌએ અવકાશીય પિંડોની ગતિના આધારે સમયના એકમો તો નક્કી કર્યા છે, પરંતુ એ બધામાં પૂર્વના દેશોના ખગોળ વિજ્ઞાનીઓએ કરેલી શોધ અને તેમણે વિકસાવેલું વિજ્ઞાન, જગતમાં શિરમોર બની રહ્યું હતું. એમાં ખાસ કરીને ભારત અને તે ઉપરાંત સુમેર(ઇરાક), બેબિલોન, ખાલ્ડિયા, ઈજિપ્ત, ચીન વગેરે દેશોની સિદ્ધિ નોંધપાત્ર છે.[૬]

ઇતિહાસમાં એમ ભણાવાય છે કે યુફ્રેટિસ અને ટાઈગ્રીસ નદીના પટ વચ્ચે પાંગરેલી બેબિલોન સંસ્કૃતિની પ્રજાએ પ્રારંભિક ખગોળશાસ્ત્રના વિકાસમાં નોંધપાત્ર પ્રગતિ પ્રાપ્ત કરી હતી. પરંતુ આધુનિક ઇતિહાસજ્ઞો નોંધે છે કે ભારતીય ખગોળશાસ્ત્રની તેના પર ઊંડી અસર હતી. કારણ કે બેબિલોનની મૂળ માન્યતામાં તો મોટા ભાગના ખગોળશાસ્ત્રીઓ પૃથ્વીને એક બંધ પટારા તરીકે જ કલ્પતા હતા! તેમના મતે આ પટારાની મધ્યે પૃથ્વીનો ભૂભાગ છે અને આ ભૂભાગના કેન્દ્રમાંથી એક વિશાળ પહાડ ઊંચકાયેલો છે, જેના પરથી યુફ્રેટિસ નદી નીકળે છે અને આ ભૂભાગની ચારે તરફ સમુદ્ર આવેલો છે!

કેટલાક ઇતિહાસવિદો એમ પણ માને છે કે કદાચ બેબિલોન કરતાંય ઈજિપ્ત ખગોળ વિજ્ઞાનમાં આગળ હતું, પરંતુ ઈજિપ્તવાસીઓની બ્રહ્માંડ વિશેની કલ્પના પણ રમૂજ ઉપજાવે તેવી હતી! તેઓ માનતા કે પૃથ્વી એક લાંબી પેટી જેવી છે. એનું ભૂપૃષ્ઠ તદ્દન સમતલ નથી, પરંતુ સહેજ મોટા

૫. Michio Yano, *The Size of the Universe in Indian Astronomy,* https://doi.org/10.1163/9789004438224_015

૬. John Steele, *Explaining Babylonian Astronomy,* Vol. 110, No. 2, The University of Chicago Press Journals, 2019. https://www.journals.uchicago.edu/doi/full/10.1086/703532

કટોરા જેવું છે અને ઇજિપ્ત દેશ આ કટોરાની મધ્યમાં આવેલો છે. એક વિશાળ નદી આ જમીનની ચારે તરફ આવેલી છે. આ નદીમાં એક હોડી સૂર્યને લઈને ફરતી રહે છે. નાઈલ નદી આ વિશાળ નદીની એક નાની શાખા છે. પેટીની ચારે તરફના ખૂણે ચાર પર્વતો આકાશને ટેકો આપીને અદ્ધર ઝીલી રહ્યા છે![૭]

ઇજિપ્તવાસીઓની આવી અન્ય કેટલીક કલ્પનાઓ પણ રમૂજપ્રેરક હતી. દા.ત. તેઓ એમ માનતા કે આકાશ એ ઢીંચણ અને કોણી પર પોતાના શરીરને ટેકવીને બેઠેલી એક સ્ત્રી છે અને તેની ઉપર તારાઓથી ભરેલી બીજી સ્ત્રી ઢળીને ઊભી છે અને તેની પીઠ પર સૂર્ય, ચંદ્ર તથા ગ્રહો હોડીમાં સહેલગાહ કર્યા કરે છે![૮] બાજુનું ચિત્ર તેની સાક્ષી પૂરે છે. આવી, ઉટપટાંગ માન્યતાઓ ધરાવતા ખગોળશાસ્ત્ર કરતાં ભારતનો વૈજ્ઞાનિક અભિગમ કઈ રીતે આગળ હતો તે જાણવું ખૂબ રસપ્રદ છે.

એક સમય એવો હતો કે જ્યારે મોટા ભાગના બધા જ પશ્ચિમી અને ભારતીય ઇતિહાસકારો ગ્રીક વિજ્ઞાનીઓને ખગોળ વિજ્ઞાનના પાયોનિયર સમજતા હતા, પરંતુ ઇતિહાસના નૂતનયુગના સંશોધકોએ વધુ ઊંડાણમાં જઈને શોધી કાઢ્યું છે કે પ્રાચીન ભારતીય ઋષિવિજ્ઞાનીઓએ જ વિશ્વને ખગોળ વિજ્ઞાનની સાચી દિશામાં સર્વ પ્રથમ દોર્યા છે.

સાતમી સદીના સિરિયન ધર્મગુરુ અને ખગોળ વિજ્ઞાની (Astronomer) સિવરસ સેબોક્ત(Severus Sebokt)નું આ લખાણ વાંચોઃ "I shall now speak of the knowledge of the Hindus, of their subtle discoveries in the science of astronomy – discoveries even more ingenious than those of Greeks and Babylonians – of their method of calculation which no word can praise strongly enough. I mean the system using nine symbols. If these things were known to the people who think that they alone have mastered the science because they speak Greek, they would perhaps be convinced, though a little late in the day, that other folk, not only Greeks, but men of different tongue, know something as well as they know."[૯]

૭. Dunand, Françoise; Zivie-Coche, Christiane, *Gods and Men in Egypt: 3000 BCE to 395 CE.* Lorton, David transl., Cornell University Press, 2005.

૮. ગુજરાતી વિશ્વકોશ, ભાગ-૫, પૃ. ૬૪૦-૬૪૧.

૯. Georges Ifrah, *The Universal History of Numbers,* p. 366, The Harvill Press, London.



અર્થાત્ 'હવે હું હિન્દુઓના જ્ઞાન વિશે કહીશ. ગ્રીકો અને બેબિલોનવાસીઓ કરતાં પણ વધુ સૂક્ષ્મ શોધખોળો હિન્દુઓએ અવકાશ વિજ્ઞાનમાં અત્યંત બુદ્ધિપૂર્વક કરી છે - એ વિશે કહીશ. હું હિન્દુઓની એ ગણનપદ્ધતિ વિશે કહીશ કે જેને શબ્દોથી ક્યારેય મૂલવી શકાય તેમ નથી. 'અમે વિજ્ઞાનમાં નિષ્ણાત થઈ ગયા છીએ એટલા માટે કે અમે ગ્રીક ભાષા બોલીએ છીએ' - એમ માનનારા લોકોને ખબર પડે કે ગ્રીક ભાષા ન બોલનારા, બીજી ભાષા બોલનારા લોકો પણ વિજ્ઞાનમાં ઘણું બધું જાણે છે.'

આમ, ગ્રીકો કરતાં પણ પ્રાચીન ભારતીય વિજ્ઞાનીઓ અવકાશ વિજ્ઞાનમાં ઘણા આગળ હતા.

પ્રાચીન ભારતના ઋષિઓને આ ખગોળશાસ્ત્રમાં રસ કેવી રીતે પડ્યો તેનો પણ રસપ્રદ ઇતિહાસ છે.

પ્રાચીન ભારતીય ઋષિવિજ્ઞાનીઓ પ્રકૃતિના પૂજકો હતા. નિત્ય સૂર્યોદયે સૂર્યદેવતાને અંજલિ આપતા એ ઋષિઓએ, અનેક વર્ષો સુધી સૂર્યનું નિરીક્ષણ કર્યું. નિયત સમયે, નિયત સ્થાનેથી ક્ષિતિજમાંથી ઊગતા અને નિયત સ્થાને આથમતા સૂર્યની ગતિને એ ઋષિઓ અનેક વર્ષો સુધી નીરખતા રહ્યા. સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી થતા એક ચક્રમાંથી એમને દિવસ-રાતનો સમયનો એક એકમ જડ્યો.

વળી, ચંદ્રને સતત નીરખતાં એ ભારતીય ઋષિઓએ જોયું કે એની કળા વધે-ઘટે છે એટલું જ નહીં, એનું સતત

પુનરાવર્તન પણ થાય છે. વળી, એ પણ નોંધ્યું કે એક પૂનમથી બીજી પૂનમ કે એક અમાસથી બીજી અમાસ સુધીનો સમયગાળો પણ એક સરખો જ રહે છે. સમયના આ ગાળાને તેમણે મહિનાના એકમ તરીકે ગણ્યો. ચંદ્રની ચડતી અને ઊતરતી કળાનું નિરીક્ષણ કરીને તેમણે મહિનાના બે ભાગ કર્યાઃ કૃષ્ણ (વદ) અને શુકલ પક્ષ (સુદ).

એટલું જ નહીં, તેમણે એ પણ શોધી કાઢ્યું કે એક અમાસથી બીજી અમાસ દરમિયાન સૂર્યનો આશરે ૩૦ વખત ઉદય-અસ્ત થતો હોય છે. આથી બંને વચ્ચે સંબંધ તેમણે નિશ્ચિત કર્યા. વળી, સૂર્ય-ચંદ્રની ગતિનો સમય નક્કી થઈ જવાથી ઋતુનાં પરિવર્તનોની ગણતરી સરળ થઈ ગઈ. જેમ કે, એક શિયાળો વીત્યા પછી બીજો શિયાળો આવે ત્યાં સુધીમાં સૂર્યનો ઉદય-અસ્ત કેટલીવાર થાય છે. આ રીતે એક ઋતુ ફરીથી પાછી આવે ત્યાં સુધીના સમયનો ગાળો એટલે કે એક વર્ષનું એકમ નક્કી થયું.

ઋગ્વેદના સમયથી, એટલે કે આજથી ઓછામાં ઓછા સાડા છ હજાર વર્ષ પહેલાંથી, પ્રાચીન ભારતીયો યજ્ઞપ્રધાન રહ્યા છે. આ યજ્ઞ પણ વૈજ્ઞાનિક અભિગમથી કરવામાં આવતા હતા. અને એટલે, યજ્ઞો ખગોળ વિજ્ઞાનની માતા સમાન બની રહ્યા હતા.

દા.ત. ઋગ્વેદના સમયથી આર્યો 'ભૈષજ્ય' યજ્ઞ કરતા. આ ભૈષજ્ય યજ્ઞો સમયની ચોક્કસ સંધિ પર જ કરવામાં આવતા. સુદ કે વદ પક્ષની સંધિ પર, કોઈપણ બે માસની સંધિ પર, કોઈપણ બે ઋતુઓની સંધિ પર, ચાતુર્માસની સંધિ પર કે ઉત્તરાયણ અને દક્ષિણાયનની સંધિ પર જ આ યજ્ઞ કરવામાં આવતો હતો. તો આ સંધિનો ચોક્કસ સમય તે સમયના ઋષિઓ કેવી રીતે નક્કી કરતા હશે? ધારો કે સુદ પક્ષ અને વદ પક્ષ અથવા તો પૂનમ અને અમાસના ચંદ્ર પરથી તેઓ પક્ષ કે મહિનાની સંધિ નક્કી કરી શકે. પરંતુ ઉત્તરાયણ કે દક્ષિણાયનની સંધિ, ઋતુઓની સંધિ, કે બે વર્ષોની સંધિ - એનો ચોક્કસ સમય નક્કી કરવા તો ખગોળવિદ્યાનું પૂર્ણ જ્ઞાન જોઈએ જ.

જર્મનીના પ્રસિદ્ધ વિદ્વાન થીબો કહે છેઃ 'The want of some rule by which to fix the right time for the sacrifices gave the first impulse to astronomical observation.'[૧૦]

અર્થાત્ 'યજ્ઞોનો ચોક્કસ સમય નક્કી કરવા આર્યોને સૌથી પહેલાં ખગોળ વિજ્ઞાનના અવલોકનની જરૂર પડી હતી.'

વાત સાચી છે. આ બાબત પર વિશેષ પ્રકાશ પાડતાં, જર્મનીના પ્રસિદ્ધ વિદ્વાન માર્ટિન હૉગ (Martin Haug) 'ઐતરૈય બ્રાહ્મણ' નામના વૈદિક ગ્રંથનું ભાષાંતર કરતાં તેની ભૂમિકામાં કહે છેઃ[૧૧] 'જે યજ્ઞ આખું વરસ ચાલતા, તે યજ્ઞ, બીજું કશું જ નહીં પરંતુ સૂર્યની એક વર્ષની પરિક્રમાનું જ પ્રતીક છે. આ યજ્ઞને વેદોએ બરાબર બે ભાગમાં વહેંચ્યો છે. બંને ભાગ છ-છ માસના છે. અને દરેક માસ ૩૦ દિવસનો છે. અને છ માસના બંને ભાગોની બરાબર વચ્ચેનો દિવસ - જે ઉત્તરાયણ અને દક્ષિણાયનને કાપે છે - તેને 'વિષુવાન' દિવસ કહે છે.'

આમ, જો પ્રાચીન ભારતના આર્યોને અયનો(ઉત્તરાયણ-દક્ષિણાયન)નું જ્ઞાન હતું તો સાયન વર્ષનું[૧૨] જ્ઞાન પણ હોવું જ જોઈએ. એટલું જ નહીં, પૃથ્વીની ગતિ, રાશિનો માર્ગ, તેના બાર ભાગ, અધિક માસ, ગ્રહણ, ઉત્તર ધ્રુવ અને દક્ષિણ ધ્રુવમાં છ માસની રાત અને છ માસનો દિવસ, ક્રાન્તિવૃત્ત, વિષુવવૃત્ત વિષુવાન વગેરેનું ઊંડું જ્ઞાન હતું જ.

યજ્ઞ કે ધાર્મિક ક્રિયાકાંડોના ચુસ્ત સમય નક્કી કરવા ઉપરાંત, આ ખગોળ વિજ્ઞાન રોજબરોજના જીવનમાં માણસને બીજા કયા ક્ષેત્રમાં ઉપયોગી બને? તેના બીજા અનેક ઉપયોગોમાં 'દિશાજ્ઞાન' અને 'ઋતુજ્ઞાન' મહત્ત્વનાં છે. અને આને લીધે પણ, ખેતીપ્રધાન અને સાગરખેડુ પ્રાચીન ભારતીયોના રોજિંદા સમયપત્રકમાં ખગોળજ્ઞાનનો વ્યાપક ઉપયોગ હતો.

આવા અનેક હેતુઓ માટે, પુરાતત્ત્વીય પુરાવાઓના આધારે એટલું ચોક્કસ કહી શકાય કે ભારતમાં ખગોળ વિજ્ઞાનની શરૂઆત આજથી ઓછાંમાં ઓછાં સાડા ચાર હજાર વર્ષો પૂર્વે હરપ્પા યુગ કે તેથીય પહેલાં થઈ ચૂકી હતી. એનો સૌથી મોટો પુરાવો તો 'લોથલ'(ગુજરાત)નું દરિયાઈ બંદર છે. લોથલનું આ બંદર, દુનિયાનું જૂનામાં જૂનું માનવનિર્મિત બંદર માનવામાં આવે છે. આ બંદર ઉપરાંત ખોદકામ દરમ્યાન મળી આવેલી મુદ્રાઓ દર્શાવે છે કે એ સમયની ભારતીય પ્રજાને દરિયો ખેડવાનું જ્ઞાન તો હતું જ,

---

૧૦. पंडित रघुनंदन शर्मा, *वैदिक संपत्ति,* प्रकाशक – कांतिलाल शाह, वडोदरा, वि.सं. २००५, पृ. २५५.
Herbert Spencer, *The Principles of Sociology*, Vol. 3, the University of Michigan, 1910.

૧૧. Martin Haug, *Ed. The Aitareya Brahmana of the Rigveda,* p. 48, Sudhindra Nath Vasu, Allahabad, 1922.

૧૨. સાયન એટલે કે સૌર વર્ષ. અર્થાત્ દિવસ ને રાત્રિ બરાબર એક સરખા હોય તે દિવસથી લઈને સૂર્ય ફરીથી તે જ સ્થાને આવે ત્યાં સુધીનો સમય.

સાથે સાથે દરિયો ખેડવા માટે જરૂરી દિશાજ્ઞાન અને સમયજ્ઞાન હતું. યુરોપમાં આ દિશાજ્ઞાનની અધૂરપને લીધે જ, ૧૫મી સદીમાં કોલંબસ ભારતને બદલે અમેરિકા જઈ પહોંચ્યો હતો![૧૩] જ્યારે ભારતીયો હજારો વર્ષો પહેલાં પોતાનાં જહાજો લઈને છેક દક્ષિણ અમેરિકા સુધી સફર કરતા હતા! એ જ દર્શાવે છે કે ખગોળશાસ્ત્રનો દિશાજ્ઞાનનો પ્રખર અનુભવ ભારતીયો પાસે હતો.

દિશાજ્ઞાનની જેમ ખગોળ વિજ્ઞાનનો રોજબરોજના જીવનમાં એક વધુ ઉપયોગ છે - ઋતુજ્ઞાનનો. યજુર્વેદમાં ઋતુઓના હિસાબે બાર મહિનાઓનાં નામ આપવામાં આવ્યાં છે.[૧૪] તો, એમણે કેવી રીતે નક્કી કર્યું હશે કે આજે વસંતઋતુ પૂરી થઈ અને માધવ માસ પૂરો થયો? કે આજે મધુ માસ પૂરો થયો અને માધવ માસ બેઠો? ઋતુઓના અને મહિનાઓના આ ચોક્કસ સમય નક્કી કરવામાં પ્રાચીન ભારતના ઋષિઓની કાબેલિયત જ સૂચવે છે - ખગોળ વિજ્ઞાનમાં તેમની કુશળતા.

પશ્ચિમના કેટલાક વિદ્વાનો તથા એમને અનુસરનારા કેટલાક ભારતીય વિદ્વાનો પણ એમ કહે છે કે સાયન વર્ષની ગણના આર્યોને નહોતી આવડતી, તેમને રાશિઓનું જ્ઞાન નહોતું અને વર્ષના ૩૬૫ દિવસ વગેરે પ્રાચીન ભારતીયોની શોધ નથી. તે બધી ગણના તો ગ્રીક લોકોની છે.

પરંતુ હજારો વર્ષ પહેલાં વૈદિક સમયથી લઈને છેલ્લી શતાબ્દી સુધી પ્રાચીન ભારતીયો ખગોળ વિજ્ઞાનમાં મોખરે હતા, તેનાં કેટલાંક સુંદર પ્રમાણો હવે પછીનાં અંકોમાં અનુકૂળતાએ જોઈશું. પરંતુ હાલ અહીં ઇતિહાસના આધારે એટલું ચોક્કસ કહી શકાય કે ખગોળ વિજ્ઞાનમાં પ્રાચીન યુગમાં વિશ્વભરમાં અગ્રેસર રહેલા ભારતમાં વિક્રમ સંવતની પહેલી સદીથી છેક સત્તરમી સદી સુધીનો કાલખંડ અવકાશ વિજ્ઞાન-ખગોળશાસ્ત્રનો સુવર્ણયુગ હતો. આ સમયમાં ભારતમાં વિજ્ઞાન અને કલાનો તેમજ સાહિત્યનો વિકાસ ચરમસીમાએ હતો. આ યુગમાં ઘણું મૌલિક સંશોધન થયું. કેટલાય ભારતીય ખગોળગ્રંથોના અરબીભાષામાં અનુવાદ થયા. જે ત્યારપછી લેટિનમાં પણ ભાષાંતરિત થયા અને આખા યુરોપમાં પ્રસિદ્ધ થઈ ગયા. આ સમય દરમિયાન ખગોળ અને ગણિતના અનેક પારિભાષિક શબ્દો અરબી અને લેટિન ભાષામાં પ્રચલિત થઈ ગયા.

આ સમયખંડમાં આર્યભટ્ટ (સન ૪૭૬), વરાહમિહિર (સન ૫૦૫), બ્રહ્મગુપ્ત (સન ૫૯૮), ભાસ્કરાચાર્ય પ્રથમ (સન ૬૦૦), મહાવીરાચાર્ય (સન ૮૫૦), શ્રીધરાચાર્ય (સન ૯૯૧), ભાસ્કરાચાર્ય દ્વિતીય (સન ૧૧૧૪) વગેરે જેવા ગણિતશાસ્ત્ર તેમજ ખગોળશાસ્ત્રના પ્રકાંડ ધુરંધરો પાક્યા.

ત્યારપછી પ્રભાકર, હરિદત્ત, દેવકર્ય, લલ્લ, ગોવિંદ સ્વામી, શંકરનારાયણ, પૃથૂદક સ્વામી, વટેશ્વર, મુંજાલ, શ્રીપતિ, ભટ્ટોત્પલ, વિજયનંદિન, આર્યભટ્ટ દ્વિતીય, સોમેશ્વર, શતાનંદ વગેરે ધુરંધર ખગોળશાસ્ત્રી તેમજ બારમી સદીમાં મલ્લિકાર્જુન, સૂરિ, સૂર્યયજ્વા, કંડેશ્વર વગેરે ખગોળશાસ્ત્રીઓ નોંધપાત્ર છે. આ ઉપરાંત મહેન્દ્રસૂરિ (સન ૧૩૫૦), મક્કી ભટ્ટ (સન ૧૩૭૧), નીલકંઠ સોમયાજી (સન ૧૪૫૦), મકરન્દ (સન ૧૪૭૮), ગણેશ દૈવજ્ઞ (સન ૧૫૨૦), સમ્રાટ જગન્નાથ (સન ૧૬૫૨) અને જયસિંહ દ્વિતીય (સન ૧૬૮૬) વગેરે ખગોળશાસ્ત્રીઓએ કરેલું કાર્ય ઇતિહાસમાં અમર બની રહ્યું છે.

આ ઉપરાંત માધવ, મદનપાલ, દક્ષિણમાં કેરળ કુળના વિખ્યાત ખગોળશાસ્ત્રી પરમાદીશ્વર, રામકૃષ્ણ આર્ય, ચક્રધર, જ્યેષ્ઠ દેવ, શંકરવારિયર, ભૂધર, મહારાષ્ટ્રીય કુળના પ્રખ્યાત દીવાકરબંધુઓ, સૂર્યદેવ, અચ્યુત, પીશારોટી, રામ દૈવજ્ઞ, મુનીશ્વર, કમલાકર, વિશ્વનાથ, ચંડીદાસ, પુત્તુમન, સોમયાજી વગેરે ખગોળશાસ્ત્રીઓ પણ આ જ યુગમાં થઈ ગયા. છેક ૧૫મી અને ૧૬મી સદીમાં પુનઃ યુરોપમાં ખગોળશાસ્ત્ર જાગ્રત થયું અને ટેલિસ્કોપની શોધ થઈ ત્યારબાદ યુરોપમાં ખગોળ વિજ્ઞાનમાં જે પ્રગતિ થઈ તેની સાથે ગુલામ ભારત કદમ મિલાવી શક્યું નહીં. અને આખરે, પ્રાચીન યુગથી ખગોળશાસ્ત્રમાં મોખરે રહેનાર ભારત આઝાદી પછી જગત સાથે તાલમેલ મિલાવવામાં પાછળ રહી ગયું, પરંતુ તેની સાથે સાથે વધારે મોટું નુકશાન તો એ થયું કે આપણો મહાન વારસો અને તેનો ગૌરવવંતો ઇતિહાસ વિસરાઈ ગયો, પશ્ચિમની દુનિયાની હવા આપણા પર સવાર થઈ ગઈ. હવે પુનઃ નવજાગરણનો સમય આવ્યો છે ત્યારે આચાર્ય લગધ જેવા મહાન ઋષિઓને યાદ કરીએ, તેમનાં મહાન પ્રદાનો બદલ તેમને વંદન કરીએ, અને અધ્યાત્મના જ એક ભાગરૂપે વિકસેલી જ્ઞાન-વિજ્ઞાનની સંયુક્ત યાત્રાને આગળ ધપાવીએ.

◆

૧૩. બીજી સદીમાં ગ્રીસમાં થઈ ગયેલા વિખ્યાત અવકાશ વિજ્ઞાની ટોલેમી(Ptolemy) એ આપેલ થીયરીને આધારે કોલંબસે દરિયાઈ સફર ખેડી હતી.

૧૪. मधुश्च माधवश्च वासन्तिकावृत् (१३/२५) शुक्रश्च शुचिश्च ग्रैष्मावृत् (१४/६) नभश्च नभस्यश्च वार्षिकावृत् (१४/१५) तपश्च तपस्यश्च शैशिरावृत् (१५/५७) द्वे सृती अशृण्वं पितयणामहं देवानामुत: (१९/४७) – यजुर्वेद

# સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા

પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના સત્સંગ સમાચાર



## કેશવ કરુણા કીધી કેવી, દાદાખાચર પર શ્રીહરિની એવી...

પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ મહંત સ્વામી મહારાજની કૃપાવર્ષા માટે લખેલી આ પંક્તિઓ ખરેખર મુંબઈવાસી હરિભક્તોના અનુભવનો રણકાર બની ગઈ.

તા. ૨-૯-૨૦૨૪ થી તા. ૧-૧૦-૨૦૨૪ સુધી મુંબઈ ખાતે બિરાજેલા સ્વામીશ્રીનું સાંનિધ્ય પામીને સૌએ તેઓની દિવ્ય કૃપાવર્ષાને મનભરીને માણી. પ્રાતઃપૂજા, સત્સંગ સભાઓ તેમજ અન્ય ઉત્સવ-પ્રસંગોમાં સ્વામીશ્રીએ વરસાવેલી જ્ઞાનગંગામાં ભીંજાઈને સૌ કોઈ પાવન થઈ ગયા. સ્વામીશ્રીની પ્રાતઃપૂજામાં સંગીતક્ષેત્રના માંધાતાઓએ ગાયન-વાદન કરીને પોતાની સંગીત-કલાને પાવન કરી. વિવિધ પ્રસંગોએ દર્શનાર્થે પધારેલા લોકનેતાઓ, ઉદ્યોગપતિઓ, ઉચ્ચ પદાધિકારીઓએ પણ સ્વામીશ્રીના આશિષ પ્રાપ્ત કર્યા. મુંબઈના વિવિધ પરાંવિસ્તારો, મહારાષ્ટ્રનાં દૂર-સુદૂરનાં સત્સંગકેન્દ્રો તેમજ મધ્ય અને દક્ષિણ ભારતનાં વિભિન્ન રાજ્યોમાંથી મોટી સંખ્યામાં દર્શનાર્થે આવેલા હરિભક્તો-ભાવિકોને સ્વામીશ્રીએ આશીર્વાદથી લાભાન્વિત કર્યા.

આમ, મુંબઈમાં બિરાજમાન સ્વામીશ્રીના સાંનિધ્યમાં હજારો હરિભક્તોએ સતત એક મહિના સુધી કથા, કીર્તન અને આધ્યાત્મિક પ્રેરણાસભર વિવિધ કાર્યક્રમોનો લાભ લીધો હતો. અહીં તેમાં અવગાહન કરીને તેનો સંક્ષિપ્ત અહેવાલ માણીએ...

## ■ આગમન

તા. ૨-૯-૨૦૨૪ના રોજ સ્વામીશ્રી દિલ્હીના સંતો-હરિભક્તોની વિદાય લઈને હવાઈ માર્ગે ભારતની આર્થિક રાજધાની મુંબઈ પધાર્યા. ઍરપોર્ટ પર વ્યવસ્થા કરનાર અધિકારીઓને આશીર્વાદ આપીને સ્વામીશ્રી દાદર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરે પધાર્યા.

સ્વામીશ્રીના આગમનને વધાવવા મંદિરમાં ભક્તો-ભાવિકોનું પૂર ઊમટ્યું હતું. સૌએ જયનાદોથી ગુરુહરિનું ઉષ્માભર્યું અભિવાદન કર્યું. સૌનું સ્વાગત સ્વીકારતા સ્વામીશ્રી 'યોગી સભાગૃહ'માં પધાર્યા ત્યારે હરિભક્તોથી સભાગૃહ છલકાતો હતો. સૌ વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી અને અન્ય સંતોએ હાર પહેરાવી સ્વામીશ્રીને વધાવ્યા. સ્વામીશ્રીના ખભે નાંખેલું ગાતરિયું સંપની સાંકળની જેમ બે સંતોએ પકડ્યું. તેને બીજું ગાતરિયું જોડાયું. એમ કરતાં કરતાં તે શ્રોતાગણ સુધી પહોંચાડાયું. આ રીતે સર્વે ભક્તોએ સ્વામીશ્રીને વસ્ત્ર અર્પણ કરવાનો લાભ લીધો. સત્કારવિધિ બાદ વિશેષ વ્રત-તપ કરનારા હરિભક્તો પર સ્વામીશ્રીએ અમીદૃષ્ટિ કરી. આ તપસ્વી બાઈ-ભાઈઓમાં ચાંદ્રાયણ, ધારણાં-પારણાં, ૯૨ કલાકના નિર્જળ ઉપવાસ, ૧૦૦ કલાકના સજળ ઉપવાસ, ભગતજી મહારાજ વ્રત કરનારાં પણ હતાં.

અંતે સૌને 'જય સ્વામિનારાયણ' પાઠવી સ્વામીશ્રી મંદિરે ઠાકોરજીનાં ભાવપૂર્વક દર્શન કરીને નિજનિવાસે પધાર્યા.

## ■ સ્વાગત સમારોહ

તા. ૪-૯-૨૦૨૪ના રોજ પરમ પૂજ્ય સ્વામીશ્રીને મુંબઈના આંગણે સત્કારતો સ્વાગત સમારોહ યોજાયો હતો. ગુરુહરિને સત્કારવા માટે મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તો-ભાવિકોથી 'યોગી સભાગૃહ' અને 'યોગી સભામંડપ' છલકાતા હતા. નિયત સમયે સ્વામીશ્રી સભાગૃહમાં પધાર્યા ત્યારે સૌએ જયનાદોથી સ્વામીશ્રીને સત્કાર્યા. સંગીતજ્ઞ સંતો-ભક્તોએ *'આજ મારે ઓરડે રે આવ્યા અવિનાશી અલબેલ...'* કીર્તનનું ગાન આરંભ્યું ત્યારે સૌએ તેમાં જોડાઈને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને હર્ષભેર વધાવ્યા.

આજનો સ્વાગત સમારોહ શ્રીમદ્ ભાગવતમાં વર્ણવેલા ભગવાન શ્રીકૃષ્ણનાં લીલાચરિત્રો પર કેન્દ્રિત હતો. કોઈને સ્વામીશ્રી ભગવાન સ્વામિનારાયણના સાક્ષાત્ સ્વરૂપ સમાન લાગ્યા તો કોઈને સાક્ષાત્ પ્રમુખસ્વામી મહારાજ લાગ્યા, કોઈને સાચા ભાગવત સંત અને સર્વસ્વ લાગ્યા, બાળકોને પોતાના બેસ્ટ ફ્રેન્ડ અને યુવકોને પોતાના હૃદયસમા લાગ્યા, વડીલોને પોતાના સહારા તો અભિનેતા દિલીપભાઈ જોષીને અભિનયસમ્રાટ લાગ્યા. આ સૌએ મંચ પરથી પોતાના હૃદયની ભાવનાઓને વ્યક્ત કરી, તેને સુસંગત કીર્તન-પંક્તિઓનું ગાન પણ થતું ગયું.

અંતમાં સ્વામીશ્રીએ કહ્યું, ''શ્રીજીમહારાજ ગુણાતીત સંત રૂપે પ્રગટ રહ્યા ને અનંતકાળ સુધી રહેવાના છે, કેવળ કૃપા કરીને! શ્રીજીમહારાજે આ બ્રહ્માંડમાં આવીને અતિશય દયા-કૃપા કરીને આપણને આ લાભ આપ્યો છે, એટલે એનું બળ રાખવું, કેફ રાખવો કે 'ભગવાન મળ્યા છે, એ ભગવાન મારી સાથે જ છે' એ રીતે આપણે રહેવું ને આનંદ આનંદ કરવો. જય સ્વામિનારાયણ!''

આશીર્વચનની સમાપ્તિ બાદ સૌ ભક્તોએ પોતપોતાના ઘરેથી લાવેલો પ્રસાદ થાળગાન સાથે અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને ધરાવ્યો. વળી, સાથે લાવેલા પુષ્પહારો પણ

### ૯૧મી જન્મજયંતી પર્વે ગુરુહરિનાં ચરણે આબાલ-વૃદ્ધ હરિભક્તોએ વહાવી અનોખી આહ્નિક-ભક્તિ

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના મુંબઈ ખાતેના રોકાણ દરમ્યાન આબાલ-વૃદ્ધ હરિભક્તોએ વ્રત-તપ-ઉપવાસની ભાગરથી વહાવી હતી. સ્વામીશ્રીના સુસ્વાસ્થ્યની પ્રાર્થના સાથે મુંબઈના વિવિધ પરાંવિસ્તારોમાંથી ચાંદ્રાયણ, ધારણાં-પારણાં, ભગતજી મહારાજ વ્રત, સજળ/નિર્જળ ઉપવાસ સાથે સેંકડો હરિભક્તોએ પદયાત્રાઓ કરી હતી. ઉપરાંત સ્વામિનારાયણ મહામંત્રનું ગાન કરતાં, ખુલ્લા પગે, ભજન-માળા કરતાં, ગુણગ્રહણ-ગુણકથન કરતાં, સત્સંગદીક્ષાનો પાઠ કરતાં કરતાં પદયાત્રાઓ કરી હતી. અન્ય પ્રાંતોમાંથી દર્શનાર્થે આવેલા હરિભક્તોએ પણ ગુરુહરિના નિરામય સ્વાસ્થ્યની મંગલ પ્રાર્થના સાથે વિશિષ્ટ વ્રત-તપ-ઉપવાસ કરીને ઠાકોરજીનાં ચરણે અનોખી ભક્તિ સમર્પિત કરી હતી. સ્વામીશ્રીની જન્મજયંતી નિમિત્તે તથા તેઓનું સ્વાસ્થ્ય સારામાં સારું રહે તે માટે ૫૧૮ બાળ-બાલિકાઓએ સાંકળ ઉપવાસ કર્યા! ૭૧૪ બાળ-બાલિકાઓએ મોબાઈલ, ટી.વી. ગેમ વગેરેનો ત્યાગ કર્યો (જન્મજયંતી મહોત્સવ સુધી) અને ૬૮૯ બાળ-બાલિકાઓએ દિવસમાં એકવાર સંપૂર્ણ સત્સંગદીક્ષા શાસ્ત્રનું શ્રવણ કે પઠન કર્યું હતું!

સૌએ પોતાના સ્થાનેથી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને સ્વામીશ્રીને અર્પણ કર્યા. આ સૌ વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ એક હાર સ્વામીશ્રીને પહેરાવી સૌની ભક્તિ ગુરુદેવનાં ચરણે સમર્પિત કરી. સ્વામીશ્રીએ એ પુષ્પહાર હાથમાં લઈ સૌ હરિભક્તોને પહેરાવતા હોય તે રીતે બધા તરફ ફેરવી પ્રેમભાવ વ્યક્ત કર્યો!

અંતે, સૌને વંદન કરતાં સ્વામીશ્રીએ વિદાય લીધી.

## ■ યુવા-કાર્યકર દિન

તા. ૫-૯-૨૦૨૪ના રોજ 'યુવા કાર્યકર દિન' ઊજવાયો હતો. વર્તમાન સમયે મુંબઈમાં ચાલતાં યુવામંડળોમાં ૨૦૦૦ જેટલા યુવકો સત્સંગનો લાભ લઈ રહ્યા છે. આ યુવકમંડળોનું સંચાલન કરવામાં ૪૦૦ યુવા કાર્યકરો સમર્પિત થઈને સેવા આપી રહ્યા છે. આ યુવા કાર્યકરો માટે આજનો સમગ્ર કાર્યક્રમ હતો.

સભા કાર્યક્રમમાં 'સોનાનાં હૈયાં' નામક સંવાદ રજૂ થયો. તેમાં એક કાર્યકરની એક દિવસની દિનચર્યા સંવાદાત્મક રીતે રજૂ થઈ. સોનાના હૈયા સમાન અન્ય કાર્યકરોના પ્રસંગો પ્રસન્નમુનિદાસ સ્વામીએ કહ્યા. આવી જ રીતે યુવતી કાર્યકરોના પ્રસંગો એક કાર્યકરે રજૂ કર્યા. આ કાર્યકરોની સત્સંગ પ્રત્યેની પ્રતિબદ્ધતાને રજૂ કરતું નૃત્ય *'અમે સૌ સ્વામીના બાળક મરીશું સ્વામીને માટે...'* કીર્તન પર પ્રસ્તુત થયું.

સ્વામીશ્રીએ યુવા કાર્યકરો પર કૃપાદૃષ્ટિ વરસાવીને પ્રશ્નોત્તરીના માધ્યમથી માર્ગદર્શન આપતાં કહ્યું: ''આપણે ગુરુઓની શ્રદ્ધા જોઈએ તો આપણી શ્રદ્ધા કાંઈ હિસાબમાં નથી. સુરતની રવિસભા બંધ થવાની હતી. ત્યાંના હરિભક્તોએ નક્કી કર્યું હતું કે 'યોગીબાપાને કહી દેવું કે આજથી રવિસભા બંધ.' તો યોગીબાપાએ કહ્યું, 'એક વ્યક્તિ હોય તોય રવિસભા કરવી... થાંભલાનેય જ્ઞાન કરવું.' કેટલી શ્રદ્ધા!

સેવાકાર્યમાં મતભેદ થાય પણ મનભેદ થવો ન જોઈએ. અરસ-પરસ મહિમા સમજવો તો મતભેદ બધો સાવ ટળી જાય.''

## ■ સદાય સાથે રહેજો

તા. ૬-૯-૨૦૨૪નો દિન પૂના અને ચેન્નાઈનાં બી.એ.પી.એસ. સત્સંગ મંડળોની ભક્તિને ઉજાગર કરતો વિશિષ્ટ દિન બની રહ્યો. સાયંસભામાં બંને કેન્દ્રોના ભક્તોએ 'સદાય સાથે રહેજો રે...' કેન્દ્રવર્તી વિચાર સાથે સુંદર કાર્યક્રમ રજૂ કર્યો. કાર્યક્રમના અનુસંધાનમાં સ્વામીશ્રીએ સત્પુરુષ સાથે રહેવાના ચાર ઉપાય બતાવ્યા – નિયમધર્મનું પાલન, આજ્ઞા-પાલન, સંપ અને દાસભાવ. આ ચારેય ઉપાયોને દર્શાવતાં સ્કિટ-સંવાદ રજૂ થયાં. તેને અંતર્ગત સ્વામીશ્રીને પુછાયેલા પ્રશ્નોનું સ્વામીશ્રીએ સુંદર માર્ગદર્શન આપ્યું હતું અને 'આ ચારેય ઉપાયોનું દૃઢપણે પાલન કરનારની સાથે તેઓને સદાય રહેવાનું ગમે છે' તેવું જણાવ્યું હતું.

અંતે યુવકોએ પ્રાર્થનાપૂર્વક કહ્યું: 'બાપા, આ બધા ઉપાયો તો આપને સાથે રાખવાના છે, પણ આપ ક્રિયાસાધ્ય નહીં, કૃપાસાધ્ય છો...' આ વચનો સાથે સૌએ *'રહેજો રહેજો રહેજો રે, તમે સદાય સાથે રહેજો રે...'* એ પ્રાર્થના હાથ જોડીને સમૂહમાં ગાઈ.

સદાય સાથે રહેવાનો ઉપાય બતાવતાં સ્વામીશ્રીએ જણાવ્યું, ''તમારે નિયમ પાળવાના. જેટલા નિયમ પળે એટલું સાથે જ રહ્યા છીએ.''

સ્વામીશ્રીએ ટૂંકમાં સમગ્ર રજૂઆતનો સાર જણાવી દીધો. સૌએ તાળીનાદ કરતાં આ વચનોને વધાવ્યાં અને જીવનમાં ઉતારવાની કટિબદ્ધતા દર્શાવી.

## ■ સત્સંગ સભા

તા. ૭-૯-૨૦૨૪ના રોજ યોજાયેલી સત્સંગ સભામાં મુંબઈમાં વસતા રાજસ્થાની ભક્તોએ અનેરા ભક્તિભાવ સાથે પ્રેરણાત્મક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. પ્રારંભમાં બાળવૃંદે *'મારે ઘેર આવો આવો રી...'* રાજસ્થાની ગીત પર નૃત્ય કરતાં ઈષ્ટદેવ-ગુરુદેવને આવકાર્યા. ત્યારબાદ હિન્દી અને મારવાડી ભાષામાં સંવાદ રજૂ થયો. સ્વામીશ્રી સહિત સૌએ આ સુંદર પ્રસ્તુતિને વધાવી.

મુંબઈમાં મારવાડી અને રાજસ્થાની ભાઈઓમાં સત્સંગનો પ્રસાર કરનાર હિંમતભાઈ ચૌધરીએ અહીંના રાજસ્થાની બાઈ-ભાઈઓના સત્સંગ વિકાસની ઝાંખી કરાવી.

અંતમાં પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ સત્સંગનો મહિમા કહ્યો: ''आप लोग बहुत बढ़िया सत्संग कर रहे हैं। इस तरह सत्संग को पकड़ के रखना और आगे बढ़ना। जो सभाएँ चलती हैं उसमें लाभ लेते रहेना। बालकों को बालसभा में भेजना, और घर में भी समय निकालना और संस्कार की, सत्संग की, महिमा की बात करते रहना।

सत्संग को सच्चा समझो। श्रीजीमहाराज सच्चे है, गुणातीतानंद स्वामी सच्चे हैं, गुरुपरंपरा सच्ची है, नियम-धर्म सच्चे हैं। आप लोग - सत्संगी भी सच्चे हैं। यह मन में

बराबर दृढ़ करते रहना, करते रहना। यह बात सच्ची है तो समझ में आएगी और खूब आनंद रहेगा।''

વળી, રાજસ્થાની ભાઈઓને તેમની શૈલીમાં વિશેષ સ્મૃતિ આપતાં કહેઃ 'काम घणो है, टेम कोनी? सत्संग वास्ते टेम काढ़नो पड़ी।' તાળીઓના ગડગડાટ સાથે સૌ આનંદમાં ગરકાવ થઈ ગયા.

આજે ગણેશ ચતુર્થીના શુભ દિવસે સવારે વેદોક્ત વિધિ પ્રમાણે 'અભિષેક મંડપમ્'માં ગણેશજીની વિશાળ પ્રતિમાની સ્થાપના કરી હતી. ગણેશજીનાં દર્શન-ચરણસ્પર્શ કરીને સ્વામીશ્રીએ ભક્તિ અદા કરી હતી.

- તા. ૮-૯-૨૦૨૪ના રોજ ઠાકોરજીનાં ચરણે સેવા સમર્પિત કરનાર નિષ્ઠાવાન હરિભક્તોને તેમની વિશેષ સમર્પણ-ભક્તિને બિરદાવતાં સ્વામીશ્રીએ આશિષ અર્પ્યા હતા.
- તા. ૯ થી ૧૩ સપ્ટેમ્બર (તારીખ મુજબ સ્વામીશ્રીના જન્મદિન) દરમ્યાન બી.એ.પી.એસ. સંસ્થામાં પંચદિવસીય 'મહંતપર્વ' યોજાયું હતું. આ દિવસો દરમ્યાન આદર્શજીવનદાસ સ્વામીએ અલગ અલગ વિષયો પર સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી હતી. આ પ્રશ્નોત્તરી દરમ્યાન સ્વામીશ્રીએ વિવિધ સ્મૃતિઓ સાથે સૌને દિવ્ય લાભ આપ્યો હતો.

### ■ સત્સંગ દિન

તા. ૧૦-૯-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં 'સત્સંગ દિન' ઊજવાયો હતો. આ નિમિત્તે યોજાયેલી સત્સંગ સભાનો મધ્યવર્તી વિચાર હતો - 'મુંબઈ રંગવું છે'. આ વિચારને દૃઢાવતા આ જ શીર્ષક સાથેનો સંવાદ પ્રસ્તુત થયો હતો.

અંતે સંવાદમાં ઉપસ્થિત પાત્રોએ સ્વામીશ્રીને વિનંતી કરી, 'હવે છેલ્લે આપ જ સિક્કો મારો : અમે દૃઢતાપૂર્વક ધર્મ-નિયમ પાળીશું અને એકબીજાનો મહિમા સમજીને સંપ-સુહૃદભાવ અને એકતાથી રહીશું તો મુંબઈ રંગાઈ જશે ને?' સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ દ્વારા સંમતિ આપી.

અંતે પ્રશ્નોત્તરીના માધ્યમથી આશીર્વચન ઉચ્ચારતાં સ્વામીશ્રીએ કહ્યું: ''સત્પુરુષે કહેલાં વાક્યો છે એમાં વિશ્વાસ રાખવો ને શ્રદ્ધા રાખીને કાર્ય કરવું. ધર્મ-નિયમ અને સંપ-સુહૃદભાવ-એકતા દૃઢાવવાં અને અંદરોઅંદર ગોષ્ઠિ કરવી કે - આ સત્પુરુષનાં વાક્યો છે એ પ્રમાણે આપણે કરીશું તો રાજીપો મળશે. સત્સંગનો રંગ ચઢશે. ધર્મ-નિયમથી શ્રીજીમહારાજ રાજી થાય ને આપણને બળ આપે. અને વિશેષ ને વિશેષ આપણે આગળ વધતા રહીએ.''

### ■ બાળ-કાર્યકર દિન

તા. ૧૨-૯-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીના સાંનિધ્યમાં 'જીવીશું આપને કાજે મહંતજી આપના થઈને...' મધ્યવર્તી વિચાર સાથે કાર્યકરોએ 'બાળ-બાલિકા કાર્યકર દિન' ઊજવ્યો હતો. બે સંવાદ દ્વારા દર્શાવવામાં આવ્યું કે બાળ-બાલિકા કાર્યકરો કેવી કઠિન અને વ્યસ્ત પરિસ્થિતિઓમાં મહિમાથી અને ઉમંગથી સત્સંગ-સેવા કરે છે! સંવાદ પછી બાળ-બાલિકા કાર્યકરોના પ્રેરક પ્રસંગોની પ્રસ્તુતિ થઈ હતી.

મુંબઈમાંથી સાધુ દીક્ષા ગ્રહણ કરનાર બાળ-કાર્યકરો તથા ચાતુર્માસ નિમિત્તે વિવિધ અને વિશિષ્ટ તપ-વ્રત કરનાર કાર્યકરો પર સ્વામીશ્રીના અંતરનો રાજીપો વરસ્યો.

અંતમાં સૌને આશીર્વાદથી કૃતાર્થ કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આપણે આગળ વધવું છે. જ્યાં ત્યાં અટકી રહેવાનું નથી. આગળ આગળ વધવા માટે તમારે 'સંસ્થા મારા માટે શું કરશે?' તેવો વિચાર કોઈ દિવસ કરવો નહીં, પણ 'હું સંસ્થા માટે શું કરીશ?' એ વિચાર કાયમ રાખવો તો આગળ વધશો અને તમને બળ અને હિંમત પણ રહેશે. સેવા - વફાદારીપૂર્વક, સારી રીતે, પ્રેમથી કરવી તો તમે આગળ આવશો અને જીવનમાં આનંદ ને ઉત્સાહ કાયમ રહેશે.''

સ્વામીશ્રીનું માર્ગદર્શન એકદમ સચોટ હતું. સૌએ તે પ્રમાણે વર્તવાનો મનોમન નિશ્ચય કર્યો.

બાળકાર્યકરોના આવા પ્રેરક પ્રસંગો 'જીવીશું આપને કાજે' નામક પુસ્તકમાં સંગ્રહિત કરવામાં આવ્યા હતા. સ્વામીશ્રીએ તે પુસ્તકનું ઉદ્ઘાટન કર્યું.

આજે સવારે પ્રાતઃપૂજા બાદ સ્વામીશ્રીએ ઉકાઈ પરિસરમાં રચાનાર નૂતન સંતઆશ્રમ, ઠાકોરજીનું રસોડું તથા સર્વસ્વની ઈષ્ટિકાઓનું પૂજન કર્યું હતું.

### ■ જન્મોત્સવ

તા. ૧૩-૯-૨૦૨૪, આજે તારીખ પ્રમાણે પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો ૯૧મો જન્મદિન હતો. તેથી સ્વામીશ્રીનાં દર્શન અને જન્મદિનની વધામણી માટે વહેલી સવારથી ભક્તોનો પ્રવાહ દાદર સ્થિત બી.એ.પી.એસ. મંદિરે ઊમટ્યો હતો. સંતો-ભક્તોએ ભક્તિભાવથી વિધવિધ પ્રકારનાં ખૂબ સુંદર સુશોભનોથી મંદિર-પરિસર સજાવ્યું હતું.

અક્ષરપુરુષોત્તમ મહારાજને અંકમાં ધારી સ્વામીશ્રી કક્ષની બહાર પધાર્યા ત્યારે સૌએ ઉમંગથી જન્મદિનની પંક્તિઓ ગાઈને જન્મદિનની શુભેચ્છા પાઠવી. સૌનો પ્રેમભાવ સ્વીકારી

સ્વામીશ્રીએ મંદિરમાં ભાવપૂર્વક ઠાકોરજીનાં દર્શન-આરતી કર્યાં.

'યોગી સભાગૃહ'ના મંચ પર સ્વામીશ્રીને વધાવવા માટે ઠાકોરજી સમક્ષ વિશિષ્ટ અન્નકૂટ રચવામાં આવ્યો હતો. તેની મધ્યે વિરાજી સ્વામીશ્રીએ પૂજાદર્શન આપ્યાં. સંતો-ભક્તોએ પ્રાર્થનાપૂર્વક સ્વામીશ્રીની સ્તુતિ વંદના કરતાં સુંદર કીર્તનોનું ગાન કર્યું હતું. સમગ્ર બી.એ.પી.એસ. પરિવાર વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ સુંદર પુષ્પહારથી સ્વામીશ્રીને વધાવ્યા. આજના પ્રસંગે સ્વામીશ્રીને વધાવવા દેશ-વિદેશથી ભક્તોએ સુંદર હાર-ચાદર મોકલ્યાં હતાં. સંતોએ તે સ્વામીશ્રીને અર્પણ કરીને ગુરુભક્તિ અદા કરી હતી.

## ■ જળઝીલણી ઉત્સવ

તા. ૧૪-૯-૨૦૨૪ના રોજ સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં મુંબઈવાસી હરિભક્તોને જળઝીલણી એકાદશી ઉત્સવનું સદ્‌ભાગ્ય સાંપડ્યું હતું. આ ઉત્સવમાં સહભાગી બનવા માટે વહેલી સવારથી ખૂબ મોટી સંખ્યામાં ઊમટેલા હરિભક્તો-ભાવિકોથી મંદિર પરિસર ઊભરાતું હતું.

નિત્યક્રમ મુજબ સ્વામીશ્રી મંદિરમાં ઠાકોરજીનાં દર્શન કરીને પ્રાતઃપૂજા માટે 'યોગી સભાગૃહ'માં પધાર્યા. પૂજાપાટ પર ગણપતિજી અને 'અક્ષર મનવાર'માં અક્ષરપુરુષોત્તમ મહારાજ વિરાજમાન હતા. મંચ ઉપર જ લંબચોરસ વિશાળ જલકુંડ રચવામાં આવ્યો હતો. તેમાં બે નૌકાઓ હતી. એક મયૂર આકારની, જેમાં મુંબઈ મંદિરના જબરેશ્વર મહારાજ જળવિહાર કરી રહ્યા હતા. અને બીજી 'પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિર'ના થીમ સાથેની, જેમાં અક્ષરપુરુષોત્તમ મહારાજની ચિત્ર-પ્રતિમા વિહાર કરી રહી હતી.

યોગીજી મહારાજ અને પ્રમુખસ્વામી મહારાજે વર્ષો સુધી મુંબઈના 'ગેટ વે ઓફ ઇન્ડિયા'એ પધારી જળઝીલણી ઉત્સવ ઊજવ્યો હતો, તેની સ્મૃતિમાં 'ગેટ વે ઓફ ઇન્ડિયા'ની પ્રતિકૃતિ પણ જળકુંડના એક ખૂણામાં રચવામાં આવી હતી. બાળકોએ તપ-વ્રત સંબંધી મુખપાઠ રજૂ કર્યા. સંગીતજ્ઞ સંતો-ભક્તોએ ઉત્સવાનુરૂપ *'ભગવાન મોરી નૈયા પાર લગા દેના...'* જેવાં કીર્તનો ગાયાં. તેની મધ્યે શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ અને શ્રી ગણેશજીની ચાર આરતી





ઉતારાઈ તથા ચાર થાળ ધરાવાયા.

અંતે અક્ષરપુરુષોત્તમ મહારાજને ‘પ્રમુખસ્વામી મહારાજ સ્મૃતિમંદિર’ની આકૃતિમાં શોભતી નૌકામાં પધરાવાયા. સ્વામીશ્રીએ જળવિહારનાં કીર્તનો સાથે તેઓને ખૂબ સારી સહેલ કરાવી. સૌને ખૂબ સારાં દર્શન થયાં. સ્વામીશ્રી, કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામી, વડીલ સંતો અને મુંબઈના અગ્રણી હરિભક્તોએ અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગણેશજીની પાંચમી આરતી ઉતારી. સંતોએ દેવસ્વરૂપોને પાંચમો થાળ ધરાવ્યો. ભક્તિપ્રિયદાસ સ્વામીએ ગણેશજીની ત્રણેય મૂર્તિઓનું વિધિવત્ પૂજન કર્યું. સ્વામીશ્રીએ પણ વિઘ્નવિનાયકનું પૂજન કર્યું. પૂજન બાદ *‘ગણપતિબાપા મોરિયા, મોરિયા રે બાપા મોરિયા રે...’*ના ઉમંગભર્યાં કીર્તનગાન અને જયજયકારો સાથે કોઠારી સ્વામી અને સંતોએ ગણેશજીની ત્રણેય મૂર્તિઓનું જળ-વિસર્જન કર્યું.

આજના ઉત્સવને અનુરૂપ આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ કહ્યું: ‘‘આજે જળઝીલણી એકાદશી છે. શ્રીજીમહારાજે એકાદશીનો ખૂબ મહિમા કહ્યો છે.

મેથાણમાં શ્રીજીમહારાજે વાત કરતાં કહ્યું: ‘દેવપોઢી, દેવઊઠી અને જળઝીલણી એ ત્રણ એકાદશીએ તો ફળાહાર ન જ કરવો. આખી રાત્રિ જાગરણ કરવું અને આનંદથી કથાકીર્તન કરવાં.’ આ બધું અઘરું છે, પણ આપણે પ્રયત્ન કરતા રહેવું. એક વખત એક કલાક જાગરણ કરવું, બીજી વાર દોઢ કલાક... એમ વધારવું, અને ‘આનંદથી કરવું’ એ મુદ્દો છે.

એકાદશીનું વ્રત ઉત્તમમાં ઉત્તમ છે. તેમાં બધું આવી જાય. એટલે બીજું કાંઈ નહીં તો એકાદશી તો કરવી જ, ફરાળ કરીને પણ એકાદશી કરવી.’’

સ્વામીશ્રીએ પોતાના જીવન દ્વારા અને આવા ઉપદેશ દ્વારા સૌને એકાદશી અને વ્રત-નિયમની ખુમારી ચઢાવી દીધી હતી.

## ■ કાર્યકર દિન

તા. ૧૫-૯-૨૦૨૪ના રોજ ‘કાર્યકર દિન’ ઊજવાયો હતો. કાર્યકર સુવર્ણ મહોત્સવ નિમિત્તે સ્વામીશ્રીની ઉપસ્થિતિમાં કાર્યકરોનું અભિવાદન કરતી વિશિષ્ટ સભા યોજાઈ હતી. સભાના મુખ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ તરીકે ‘અનોખો નાતો કાર્યકરનો’ સંવાદ રજૂ થયો હતો. સંવાદની સમાપ્તિ બાદ સ્વામીશ્રીના ગુણિયલ સદ્‌ગુણોનું ઉત્તમયોગીદાસ સ્વામીએ પ્રસંગોચિત પાન કરાવ્યું હતું.

સ્વામીશ્રીએ પ્રશ્નોત્તરીના માધ્યમથી શુભાશિષ અર્પ્યા: ‘‘સત્સંગપ્રવૃત્તિમાં ભગવાન અખંડ તમારી ભેગા રહે છે. વિશ્વાસ છે, શ્રદ્ધા છે એના દ્વારા તમે જે કરો છો તે સેવા-ભક્તિ બધાની નોંધ લેવાય છે. અને મહિમા, દાસભાવ એ બધા વિચારો કરતાં કરતાં સેવા કરવાની.

જે પ્રાપ્તિ થઈ છે તેમાં શ્રદ્ધા રાખવાની અને વિશ્વાસ રાખવાનો. એ બે આવી ગયા એટલે બધું આવી ગયું. એ બે ને લઈને બધાં કાર્યો થાય છે. શ્રદ્ધા અને વિશ્વાસ આવે એટલે એવી સમજણ દૃઢ હોય કે – ભગવાન કરે છે એ સારું જ કરે છે. એને લીધે બધું આગળ ને આગળ કામ થાય.’’

આશીર્વાદની સમાપ્તિ બાદ સભામાં ઉપસ્થિત તમામ અગ્રેસર કાર્યકરોએ મંચ પર પધારી સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ ઝીલી. કાર્યકરોએ લખેલી પ્રાર્થનાઓનો એક સુંદર હાર તેઓ વતી પૂજ્ય ઘનશ્યામચરણદાસ સ્વામીશ્રીએ સ્વામીશ્રીને પહેરાવી આશિષ લીધા.

## ■ બાળ દિન

તા. ૧૬-૯-૨૦૨૪ના રોજ ‘બાળ દિન’ ઊજવાયો હતો. આ દિન નિમિત્તે યોજાયેલી સભામાં ‘પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ’માં પ્રસ્તુત થયેલી ‘શેરુ’ નૃત્યનાટિકા ‘मेरी असली पहचान’ નામે નવતર સ્વરૂપમાં પ્રસ્તુત થઈ હતી. નાટિકા દરમ્યાન સ્વામીશ્રીનો સભામાં પ્રવેશ થયો. ત્યારબાદ રજૂ થયેલા સંવાદમાં ચોટદાર વાર્તાલાપો, પ્રભાવક પ્રસ્તુતિ અને અદ્‌ભુત સંદેશ દ્વારા સૌને ખૂબ આનંદ આવ્યો. આખોય સંવાદ ૧૫૨ બાળકો અને બાળ-કાર્યકરોએ રજૂ કર્યો હતો. છેલ્લા બે મહિનાથી તનતોડ પુરુષાર્થ કરનાર સૌ બાળકો અને કાર્યકરોને સૌએ તાળીનાદથી વધાવ્યા. ત્યારપછી સ્વામીશ્રીએ સત્સંગ શિક્ષણ પરીક્ષામાં ખૂબ સારું પરિણામ હાંસલ કરનાર શિશુઓ અને બાળકોને અપાનાર ગોલ્ડમેડલ પ્રાસાદિક કર્યા.

સૌને આત્માની સાચી ઓળખાણ કરાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ‘‘શ્રીજીમહારાજ કહે છે, ‘જેને સત્સંગ થયો તેને તો પોતાના જીવાત્માનું દર્શન પોતાના હાથમાં જ છે.’ આપણું અસલી સ્વરૂપ શું છે? તો અક્ષરમ્ અહં પુરુષોત્તમદાસોસ્મિ. આ આપણી અસલી ઓળખાણ છે. તમે અક્ષર છો અને પુરુષોત્તમના દાસ છો. ‘સત્પુરુષ મારો આત્મા છે’ આ આપણી અસલી પહેચાન છે. સત્પુરુષ પૂર્ણ સ્વરૂપ હોય એ જ તમે છો. એમની સાથે એકતા કરવાની. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ એ આપણું સ્વરૂપ છે.

સિંહ હતો, પણ પહેચાન વગર એ ઘેટા તરીકે વર્તતો હતો. પણ જ્યારે અસલી ઓળખાણ થઈ, પછી તો ગર્જના કરીને આખું જંગલ ધ્રુજાવી નાંખ્યું. તેમ આ શરીર એ તમે નહીં, તમે આત્મા છો, અક્ષર છો, એને કોઈની અપેક્ષા નહીં, કોઈની સાડાબારી નહીં, એ સ્વતંત્ર! અને પુરુષોત્તમના દાસ. આ વાત બરાબર પાક્કે પાયે આપણે કરવાની છે. હજુય ઊંડા ઊતરો કે 'અક્ષર કોણ છે? શું છે? કેટલી એમની મહત્તા? કેટલી એમની સામર્થી?' આ બધું જોવાનું અને 'તે અક્ષર હું છું ને પુરુષોત્તમનો દાસ છું.' આ બધું કરીને તમારે બળમાં રહેવું. પોતાને ઘેટાં-બકરાં માનતાં નહીં. આપણે સિંહ છીએ, એવી પહેચાન રાખીને સત્સંગ કરવો.''

સ્વામીશ્રીએ રોમરોમમાં બળ ભરી દે તેવા આશીર્વાદ અર્પ્યા. સૌએ તાળીઓના ગડગડાટથી તેને વધાવ્યા.

સ્વામીશ્રીના સંકલ્પે 'સત્સંગદીક્ષા શાસ્ત્ર'નો મુખપાઠ કરવા માટે મુંબઈના ૧૨૫૧ બાળ-બાલિકાઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું. મુંબઈના ૮૫ બાળ-બાલિકાઓએ સત્સંગદીક્ષાનો મુખપાઠ પૂર્ણ કરી દીધો હતો. જે પૈકી ૨૩ બાળ-બાલિકાઓ 'સિદ્ધાંત સર્વસ્વમ્'માં અભ્યાસ કરી રહ્યાં છે. તાજેતરમાં સંસ્થા દ્વારા લેવાયેલી શિશુવિહાર પરીક્ષામાં મુંબઈનાં ૫૭ શિશુઓએ ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યા છે! એ જ પ્રમાણે 'સત્સંગ વિહાર' પરીક્ષામાં ધોરણ પાંચ-છના પ્રથમ ગ્રૂપમાં ૧૩ બાળ-બાલિકાઓએ અને ધોરણ સાત-આઠના દ્વિતીય ગ્રૂપમાં ૧૨ બાળ-બાલિકાઓએ ગોલ્ડમેડલ પ્રાપ્ત કર્યા છે! સ્વામીશ્રીએ સૌ પર પ્રસન્નતા દર્શાવી હતી. મુંબઈ રિજિયનની બાળપ્રવૃત્તિમાં સેવા આપતા તમામ સંતોએ સ્વામીશ્રીને હાર પહેરાવી સૌ વતી આશીર્વાદ લીધા.

આ પ્રસંગે 'પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવ'માં સૌના આકર્ષણનું કેન્દ્ર બનેલા 'સુવર્ણા' શૉના આધારે તૈયાર થયેલું પુસ્તક 'Suvarna - The secrets of the sea' સ્વામીશ્રીના હસ્તે ઉદ્‌ઘાટિત થયું હતું.

## ■ ગ્રામ્ય દિન

તા. ૧૮-૯-૨૦૨૪ના રોજ 'ગ્રામ્ય દિન'ની સભામાં મુંબઈ ગ્રામ્ય વિસ્તારના સત્સંગની ઝાંખી કરાવતા અક્ષરચરિતદાસ સ્વામી અને પ્રસન્નમુનિદાસ સ્વામીએ અહેવાલ આપ્યો હતો. સાથે જે તે કેન્દ્રના મુખ્ય હરિભક્તો પર સ્વામીશ્રીની કૃપાદૃષ્ટિ વરસી હતી.

આ સૌ પર રાજીપો વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યું: ''દહાણું, પાલઘર, ગોવા અને કોંકણ વિસ્તારમાં સત્સંગ વધી રહ્યો છે, તે જાણીને આનંદ થયો. સત્સંગનો મહિમા સમજાયો હશે તો ગમે તેવી મુશ્કેલીમાં-તકલીફોમાં પણ સત્સંગ ચાલુ જ રહેશે. જેમ પૈસાનો મહિમા સમજાયો છે તો અનેક માણસો પૈસા માટે ઘણો બધો દાખડો કરે છે એમ સત્સંગ માટે પણ દાખડો કરવો પડે... મહિમા સમજીને આ સત્સંગ દૃઢ કરીને રાખજો.''

## ■ યુવા દિન

તા. ૧૯-૯-૨૦૨૪ના રોજ યુવકોએ સંધ્યાસભામાં 'યુવા દિન' ઊજવ્યો હતો. સભાના મુખ્ય કાર્યક્રમ તરીકે 'માટે સૌ રહેજો સાવધાન...' સંવાદ રજૂ કર્યો હતો. ત્યારબાદ *'મહાબળવંત માયા તમારી...'* પ્રાર્થનાગાન સાથે યુવામંડળના નિયુક્ત કાર્યકરોએ સ્વામીશ્રીનાં સમીપદર્શન કર્યાં હતાં.

એક યુવકે કરેલી પ્રાર્થનાના સંદર્ભમાં સ્વામીશ્રીએ આશીર્વાદ અર્પ્યાઃ ''પ્રાપ્તિ ગજબની થઈ છે. જેમ કોહિનૂર હીરો હોય એ જેમતેમ ગમે ત્યાં મુકાય નહીં, એને તિજોરીમાં રાખવો પડે, તેમ પ્રાપ્તિને રેઢી મુકાય નહીં, ગમે ત્યાં ફેંકાફેંક ન થાય, એની મર્યાદા હોવી જોઈએ. એ મર્યાદા એટલે આપણા નિયમ-ધર્મ અને સ્ત્રી-પુરુષ મર્યાદા, એ હોય તો પ્રાપ્તિ સાચી કહેવાય, નહીં તો જેમ નાનું બાળક પ્રાપ્તિને લાતમલાત કરે એવું થાય.

શ્રીજીમહારાજથી લઈને બધાએ આ મર્યાદા બાંધી આપી છેઃ અમે સ્ત્રી-ધનના ત્યાગી કહેવાઈએ ને તમારે - એક નારી સદા બ્રહ્મચારી! એટલે એક પરણેલી સ્ત્રી હોય તે સિવાય બીજી મા-બહેન-દીકરી લેખે. બીજો સંકલ્પ કરવો નહીં. દૃઢતા રાખવી.

બીજું, મોબાઇલનો વિવેકપૂર્વક ઉપયોગ. જેટલું જરૂરનું હોય એટલો જ ઉપયોગ કરવો, પછી બીજો એક શબ્દ પણ આગળ ઉચ્ચારવો નહીં. તમે બી.એ.પી.એસ.ના યુવકો છો, યોદ્ધાઓ છો, તો આટલો તો ત્યાગ તમારે રાખવો જ પડશે... જેમ બધાની કિંમત ચૂકવવી પડે, એમ તમે યોદ્ધાઓ થયા તો આ કિંમત ચૂકવવાનીઃ સ્ત્રી-પુરુષ મર્યાદા અને મોબાઇલનો ખપ પૂરતો, ન છૂટકે ઉપયોગ.

પ્રમુખસ્વામી મહારાજ તો કહેતાઃ મોબાઇલ ઝેર છે, એની સામે જ ન જોવું, પણ ન છૂટકે કરવું પડે તો કરવું, પણ મર્યાદામાં રહીને. એક શબ્દ પણ વધારે નહીં.''

સ્વામીશ્રીએ ધારાપ્રવાહે અદ્‌ભુત આશીર્વાદ અર્પ્યા. અને સૌએ તે વચનો ઝીલ્યા પણ ખરા!

## ■ સત્સંગ સભા

તા. ૨૦-૯-૨૦૨૪નો દિવસ નાગપુર અને બેંગલોર ખાતેના બી.એ.પી.એસ. મંદિર નીચે કાર્યરત સત્સંગ પ્રવૃત્તિના કાર્યકરો માટે ફાળવવામાં આવ્યો હતો. સાયંસભાના મંચ પર 'મધ્ય ભારત અને કર્ણાટક રંગવું છે'નું વિશાળ બેનર લગાવાયું હતું. સ્વામીશ્રીના આગમન બાદ મધ્ય ભારતમાં નાગપુર મંદિરના નેજા હેઠળ ચાલતા મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, છત્તીસગઢ અને ઓરિસ્સાનો અહેવાલ અપાયો. સ્વામીશ્રીએ મધ્ય ભારતમાં ખૂબ વિચરણ કર્યું છે. તે બદલ ઋણાભિવ્યક્તિ થઈ. વિદર્ભ અને મધ્યપ્રદેશનાં આ સમગ્ર સત્સંગમંડળો વતી પ્રેમપ્રકાશદાસ સ્વામીએ સ્વામીશ્રીને વધાવ્યા. આ પાંચ કેન્દ્રોના ભક્તોએ ત્યાંના સત્સંગની વિશેષતાઓ જણાવી. ત્યારબાદ બેંગલોર મંદિરના નેજા હેઠળ ચાલતા કર્ણાટક સત્સંગનો અહેવાલ અપાયો. યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજે ભીડો વેઠીને આ રાજ્યમાં વિચરણ કર્યું છે તે વીડિયો, સંવાદ વગેરે માધ્યમો દ્વારા સરસ રીતે પ્રસ્તુત થયું હતું.

અંતે, દક્ષિણ ભારતીય પરિવેશમાં યુવાનોએ *'है विश्वास है विश्वास, सफलता होगी हमारे पास...'* કીર્તન પર ખૂબ સુંદર નૃત્ય કર્યું. ભક્તિનૃત્ય બાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ સુંદર આશિષ અર્પ્યા કે, ''સત્સંગ બહુ દુર્લભ છે. કેટલા જનમની સાધના કર્યા પછી આ સત્સંગનો જોગ થયો છે! પ્રાપ્તિ એ હિમાલય છે અને તમારા પ્રશ્નો ઢેફાં કહેવાય! મનમાં સત્સંગની પ્રધાનતા હોવી જોઈએ. સત્સંગ જીવમાં હોવો જોઈએ. તો તમે સહેજે સહેજે સત્સંગ બાજુ ઢળવાના છો. નિષ્ઠા અને નિયમ-ધર્મ દૃઢ રાખશો તો બધું કામ આગળ થશે. અને મધ્ય ભારત તથા કર્ણાટક રંગાઈ જશે.''



## ■ શાસ્ત્રીજી મહારાજ સ્મૃતિપર્વ

તા. ૨૧-૯-૨૦૨૪ના રોજ બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજના સ્મૃતિપર્વનો દિન હતો. તેની ઉજવણીમાં સ્વામીશ્રી અંકમાં અક્ષર-પુરુષોત્તમ મહારાજ અને મસ્તક પર શાસ્ત્રીજી મહારાજ જેવું ફાળિયું મસ્તકે બાંધીને પધાર્યા ત્યારે સૌએ ભક્તિભાવથી ઈષ્ટદેવ-ગુરુદેવનું સ્વાગત કર્યું. સભાના મુખ્ય કાર્યક્રમ રૂપે ઉમરેઠના કેશવલાલ શુક્લ અને હીરાભાઈ મુખી જેવા સમર્પિત અને નિષ્ઠાવાન હરિભક્તોની ગાથા ગાતા સંવાદ રજૂ થયા.

સંવાદની સમાપ્તિ બાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ શાસ્ત્રીજી મહારાજની શૂરવીરતા, ખુમારી વર્ણવતાં કહ્યું, ''જ્યારે જ્યારે શાસ્ત્રીજી મહારાજની વાત આવે ત્યારે ખૂબ આનંદ આવે અને કાંટો(કેફ) ચઢી જાય. શાસ્ત્રીજી મહારાજના કણે કણમાં અક્ષરપુરુષોત્તમ હતા. અને તેઓએ અક્ષરપુરુષોત્તમ ઉપાસના માટે ખૂબ દાખડો કર્યો હતો. એ દાખડો ફળીભૂત થાય તે માટે શ્રીજીમહારાજે આપેલા આદેશ, ધર્મ-નિયમ પાક્કે પાયે જોઈએ ને એ બાજુ આપણે ધસીએ, કેમ કે એક દિવસ ધર્મ-નિયમ ન પળાય તો અંતર્દૃષ્ટિ કરીને સુધારો કરતા જઈએ એટલે સુધારો થાય અને નિષ્ઠા તો છે જ.''

અંતે, સૌ સંતો-હરિભક્તો વતી કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ શાસ્ત્રીજી મહારાજના સ્વરૂપ સ્વામીશ્રીનું પૂજન કર્યું, સ્મૃતિપર્વે સ્વામીશ્રીએ અક્ષરપુરુષોત્તમ મહારાજને દૂધપાક ધરાવ્યો, અક્ષરપુરુષોત્તમ મહારાજને સૌએ આરતી-અર્ઘ્ય અર્પ્યા બાદ *'સ્વામીજી તો મહાપ્રતાપી એનું ધાર્યું થાય...'* કીર્તનના તાલે સૌને સમીપથી દર્શન આપતાં સ્વામીશ્રીએ વિદાય લીધી.

## ■ સંપ સભા

તા. ૨૨-૯-૨૦૨૪ના રોજ યોજાયેલી રવિસભામાં સ્વામીશ્રીના પ્રિય વિષય 'સંપ' ઉપર પ્રેરણાત્મક કાર્યક્રમ રજૂ થયો હતો. આર્ષયોગીદાસ સ્વામી અને કૈવલ્યમુનિદાસ સ્વામીએ વિસ્તારપૂર્વક પ્રસંગકથન કરીને સંપ રાખવા સંબંધી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. એ જ ભાવનું કીર્તન *'મહંત સ્વામી તમે અમ પ્રાણ, જીવો વરસ હજાર...'* સંગીતજ્ઞ સંતોએ ગાયું.

સ્વામીશ્રીનું વિશેષ માર્ગદર્શન મેળવવા નારાયણમુનિદાસ સ્વામી તથા આદર્શજીવનદાસ સ્વામીએ સ્વામીશ્રી સાથે પ્રશ્નોત્તરી કરી. આ પ્રશ્નોત્તરીમાં અરસપરસ સંપ રાખવા માટે સ્વામીશ્રીએ મુખ્ય ચાર બાબતો દૃઢાવીઃ પ્રાપ્તિનો વિચાર, દરેકના મહિમાનો વિચાર, ગુરુને રાજી કરવાનો વિચાર અને દાસના દાસ થઈને રહેવાનું વલણ. સૌ આ વચનોને ઝીલતા ઘર-પરિવાર, મંડળ, મંદિર વગેરેમાં સંપ રાખવા પ્રતિજ્ઞાબદ્ધ થયા.

*'સદા રહીશું સાથ અમે સૌ સ્વામીના સંતાન...'* સંપગીત સાથે સંતોએ હાર-ચાદર અર્પણ કરીને સ્વામીશ્રીના આશિષ લીધા.

## ■ સત્સંગ સભા

તા. ૨૪-૯-૨૦૨૪ના રોજ મહારાષ્ટ્રના નાસિક અને ધૂલિયા પ્રાંતનાં સત્સંગ મંડળના હરિભક્તોએ સભા-પ્રસ્તુતિ કરી હતી. પ્રારંભમાં ખાનદેશી ભક્તોએ કાર્યક્રમોની પ્રસ્તુતિનું સુકાન સંભાળ્યું. તેમાં બાળ-નૃત્ય બાદ ખાનદેશનો સત્સંગ ઇતિહાસ દર્શાવાયો હતો. શ્રીજીમહારાજથી માંડીને મહંત સ્વામી મહારાજ સુધી બધાએ ખાનદેશમાં સત્સંગની ખૂબ પુષ્ટિ અને વૃદ્ધિ કરી છે, તેને લીધે અત્યારે સત્સંગ લીલોપલ્લવ છે. ખાનદેશી ભક્તોએ પ્રાર્થનાપૂર્વક લખેલા પત્રો ઉપર સ્વામીશ્રીએ હાથ પસારીને ખાનદેશ રંગવા માટે સ્વામીશ્રીએ મરાઠીમાં એક વાક્ય લખ્યું: 'अक्षर कळे, संकट टळे.' એટલે કે સાક્ષાત્ અક્ષરબ્રહ્મને ઓળખશો તો બધા સંકટ અને સ્વભાવ ટળી જશે.' સાથે મરાઠી સંસ્કૃતિ મુજબ સ્વામીશ્રીએ મંજીરાં વગાડીને સૌને સ્મૃતિ પ્રદાન કરી હતી.

ત્યારબાદ નાસિક સત્સંગ મંડળે સભા-કાર્યક્રમનો દોર સંભાળ્યો. પ્રારંભમાં 'प्राप्ति दिव्य मंदिर की' સંવાદ રજૂ થયો. જેમાં નાસિક મંદિરનો ઇતિહાસ અને મહિમા સુપેરે વર્ણવાયા. નાસિક મંદિરની ફળશ્રુતિઓ જણાવવામાં આવી. ત્યારબાદ સત્સંગદીક્ષા, સત્સંગ શિક્ષણ પરીક્ષામાં અને કારિકાનો મુખપાઠ કરનાર તેમજ અગ્રક્રમાંકો પ્રાપ્ત કરનાર બાળકો પર સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી. બાળકો-યુવકોએ આનંદનૃત્યથી ગુરુહરિને વધાવ્યા.

આ પ્રાંતોના કાર્યકરો પર આશીર્વાદ વરસાવતાં સ્વામીશ્રીએ કહ્યુંઃ ''नासिक मंदिर में पूर्ण पुरुषोत्तमनारायण और गुणातीतानंद स्वामी बिराजमान हो गए हैं। मंदिर से खूब लाभ होता है। फायदा ही फायदा है। यहाँ बाल-बालिकाओं और युवा-युवतीओं को संस्कार मिलते हैं। यह सत्संग करेंगे तो खूब आनंद आनंद होगा और श्रीजीमहाराज के चरण में हम बैठ जाऐंगे।''

સુંદર આશિષવચનો બાદ સ્વામીશ્રીએ નાસિકના હરિભક્તોના વિવિધ નિયમ-પત્રો પ્રાસાદિક કર્યા. ધૂલિયા મંદિરના નેજા હેઠળ ચાલતા સત્સંગ ક્ષેત્રોના ભક્તોએ પ્રાર્થનાપત્રો અને સંકલ્પપત્રો લખીને બનાવેલા હાર સંતોએ સ્વામીશ્રીને અર્પણ કર્યા. ખાનદેશના હરિભક્તોએ વિવિધ તપ-વ્રતરૂપી ભક્તિ વહાવી સ્વામીશ્રીની પ્રસન્નતા ઝીલી હતી.

## ■ અન્નકૂટ - સેવક દિન

તા. ૨૯-૯-૨૦૨૪ના રોજ યોજાયેલી રવિસભા 'અન્નકૂટ - સેવક દિન' નિમિત્તેની વિશિષ્ટ ઉત્સવ-સભા બની રહી હતી. વળી, મુંબઈ ખાતે સ્વામીશ્રીના રોકાણની આ અંતિમ સભા હોવાથી ખૂબ મોટી સંખ્યામાં ભક્તો-ભાવિકો-મહાનુભાવો પધાર્યા હતા.

આજના પ્રસંગને અનુરૂપ મંચ પર ઠાકોરજીને ૮૦૦ જેટલી વિવિધ વાનગીઓ, ફળફળાદિ અને વિવિધ પેયપદાર્થો ધરાવવામાં આવ્યાં હતાં.

સ્વામીશ્રીના આગમન બાદ કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ 'નજરે નિહાળેલ મુંબઈનો સત્સંગ' વિષય અંતર્ગત શ્રીજીમહારાજથી લઈને મહંત સ્વામી મહારાજે સત્સંગની જે પુષ્ટિ અને અભિવૃદ્ધિ કરી છે તેની વાતો જણાવી. પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ તેમાં સૂર પુરાવ્યો.


આર્ષદ્રષ્ટા યોગીજી મહારાજે વર્ષો પહેલાં મુંબઈ સત્સંગની અભિવૃદ્ધિના આશીર્વાદ આપ્યા હતા, તે વીડિયોના માધ્યમથી દર્શાવાયા. વીડિયો બાદ અક્ષરચરિતદાસ સ્વામીએ મુંબઈની બી.એ.પી.એસ. સત્સંગ પ્રવૃત્તિનો અહેવાલ આપ્યો. ગુરુવર્યોના સંકલ્પ અનુસાર મુંબઈને સત્સંગના રંગે રંગવા માટે કટિબદ્ધ થયેલા કાર્યકરો અને હરિભક્તો પર સ્વામીશ્રીએ કૃપાદૃષ્ટિ કરી. ત્યારબાદ સ્વામીશ્રીએ

**(અનુસંધાન પૃષ્ઠ ૪૫ ઉપર)**

### મુંબઈ ખાતે હજારો ભક્તોએ શાનદાર રીતે ઊજવ્યો

## પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજનો

# ૯૧મો જન્મોત્સવ



**જે**મનું જીવન અનેક લોકો માટે પ્રેરણાની પવિત્ર જ્યોતિ સમાન બની રહ્યું છે...

**જે**મના જીવનનાં ૯૧ વર્ષ સાધુતા, પવિત્રતા અને ઉચ્ચ આધ્યાત્મિક ગુણોની એક ઉજવણી બની રહ્યાં છે...


**જે**મણે પોતાના જીવનનાં ૯૧ વર્ષ અનેક લોકોની આધ્યાત્મિક ઉન્નતિ માટે સમર્પિત કર્યાં છે...

**જે**મના ખોળિયામાં બ્રહ્મ અને પરબ્રહ્મનો દિવ્ય સ્પર્શ અનુભવાય છે...

**એ**વા લાખોના ગુરુહરિ પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજને ૯૧મા જન્મોત્સવે મુંબઈ ખાતે હજારો ભક્તોએ ભક્તિભાવપૂર્વક કરી વંદના...



મહંત સ્વામી મહારાજ આધ્યાત્મિકતાનું મૂર્તિમંત સ્વરૂપ છે. પરાભક્તિ, સેવામય જીવન, ભક્તવત્સલતા અને અહંશૂન્યતાથી એમનું આધ્યાત્મિક તેજ સૌને ઉજાસ આપી રહ્યું છે...



ભારતની આર્થિક રાજધાની મુંબઈ મહાનગરમાં તા. ૨૬-૯-૨૦૨૪, ભાદરવા વદ નવમીનો શુભ દિન પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૯૧મા જન્મોત્સવની શાનદાર ઉજવણીના એક ઐતિહાસિક પૃષ્ઠ રૂપે ઉમેરાઈ ગયો. આજનો દિન દેશ-વિદેશના લાખો હરિભક્તો માટે અનોખો અવસર બની રહ્યો હતો. મુંબઈના ગોરેગાંવ સ્થિત સુપ્રસિદ્ધ નેસ્કો (NESCO) પરિસરમાં યોજાયેલો જન્મજયંતી સમારોહ દિવ્ય-ભવ્ય તો હતો જ, સાથે સાથે પ્રેરણાત્મક અને પાવનકારી પણ હતો.

યોગાનુયોગ આજે ભાદ્રપદ નવમી-દશમીની સંયુક્ત તિથિ હતી. તેથી પરબ્રહ્મ ભગવાન સ્વામિનારાયણના છઠ્ઠા આધ્યાત્મિક અનુગામી તેમજ મહાન સંતવિભૂતિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના જન્મદિનની સાથે સાથે આજે ભગવાન સ્વામિનારાયણ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજનાં સ્મૃતિપર્વો પણ હતાં. આ અનોખા ત્રિવેણી ઉત્સવને ઊજવવા સૌનાં હૈયાં થનગની રહ્યાં હતાં. આ ત્રિવેણી સંગમને વધાવવા વિશાળ સભાગારમાં કલાત્મક મંચ સજીધજીને તૈયાર થઈ ચૂક્યો હતો. તેના ઉચ્ચાસને અક્ષરપુરુષોત્તમ મહારાજ અને ગુણાતીત ગુરુવર્યો વિરાજમાન થઈને દર્શનદાન દઈ રહ્યા હતા. મંચ પર સ્વામીશ્રી સહિત વરિષ્ઠ સંતોનાં આસન ગોઠવાયાં હતાં.

સાયંકાળે ૫:૦૦ વાગ્યાથી સંગીતજ્ઞ સંત-યુવાવૃંદે સ્તુતિવંદના-ધૂન-પ્રાર્થનાગાનથી જન્મોત્સવ સભાનો પ્રારંભ કરાવ્યો. ત્યારબાદ પૂજ્ય જ્ઞાનનયનદાસ સ્વામીએ ભગવાન સ્વામિનારાયણનાં કલ્યાણકારી સંસ્મરણોની સાથે તેમની દિવ્ય સ્મૃતિ કરાવતાં વંદના કરી હતી.

ભગવાન સ્વામિનારાયણની સાક્ષાત્ પ્રતિમૂર્તિ એટલે ગુણાતીત સંત, જેઓ ભગવાન સ્વામિનારાયણના અનંત આધ્યાત્મિક સદ્‌ગુણોના ધારક છે. સૌ માટે તેઓ આધ્યાત્મિક પ્રેરણાપથ છે. આપણે સૌ ખૂબ જ ભાગ્યશાળી છીએ કે આપણને આવા બે ગુણાતીત સત્પુરુષોના સાંનિધ્યનો લાભ પ્રાપ્ત થયો છે - બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજ.

આજની ઉત્સવ-સભામાં આ બંને ગુણાતીત ગુરુવર્યોના પાવનકારી સદ્‌ગુણોનું સ્મરણ કરીને સર્વેએ તેને આત્મસાત્ કરવાની પ્રેરણાઓ પ્રાપ્ત કરી હતી.

હવે પછીનો સભા-કાર્યક્રમ બંને ગુરુવર્યોના પાવનકારી સદ્‌ગુણોની સ્મૃતિ કરાવતો વહી રહ્યો...

## ■ પરાભક્તિ

પરાભક્તિ એટલે ભગવન્મય જીવન, ભગવત્ પરાયણતા. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના હૃદયની ધડકન બની રહી છે પરાભક્તિ. તેમની રગેરગમાં હરપળ દોડે છે પરાભક્તિ. જેમનું જીવન હરિભક્તિનો પર્યાય છે એવા બંને ગુરુવર્યોને 'હરિભક્તિજીવનાય નમઃ' નૃત્ય દ્વારા વંદના કરવામાં આવી. ત્યારબાદ પરાભક્તિના આદર્શ બંને ગુરુવર્યોની પરાભક્તિની ગાથા પૂજ્ય નારાયણમુનિદાસ સ્વામી અને પૂજ્ય ભગવત્સેતુદાસ સ્વામીએ પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં વર્ણવી હતી. તેનો સાર એટલો જ હતો કે બંને ગુરુવર્યોની ઇષ્ટદેવ પ્રત્યેની પરાભક્તિનો રંગ ક્યારેય ફિક્કો પડ્યો નથી. ગમે તેવા સંજોગો હોય કે ગમે તેવી પરિસ્થિતિ હોય! પણ ઇષ્ટદેવ પ્રત્યેની ભક્તિમાં બંને ગુરુવર્યોએ ક્યારેય લેશમાત્ર બાંધછોડ કરી નથી. ઇષ્ટદેવ પ્રત્યે ગુરુવર્યોની આદર્શ ભક્તિનું શ્રવણ કર્યા બાદ 'પરાભક્તિના મૂર્તિમાન સ્વરૂપ મહંત સ્વામી મહારાજ' વિષયક વીડિયો શો દર્શાવાયો હતો.

## ■ ભક્તવત્સલતા

જેમને જીવ-પ્રાણીમાત્રમાં પરમાત્મા જ દેખાય છે, તેમના હૃદયમાંથી સર્વે પ્રતિ પ્રેમધારા અવિરત વહેતી રહે છે. દેશ-વિદેશના સીમાડાઓથી પર રહીને ભેદભાવ વગર જેમનો નિઃસ્વાર્થ પ્રેમ સૌ પર હંમેશા વરસતો રહ્યો છે, એ છે ગુણાતીત સંત. જેમણે દિવ્ય પ્રેમ પ્રદાન કરીને સૌને ઉપકૃત કર્યા છે એવા ગુણાતીત મહાપુરુષોને 'દિવ્ય-પ્રેમ -પ્રદાયકાય નમઃ' નૃત્યાંજલિ પ્રસ્તુત કરીને ભાવઅર્ઘ્ય અર્પવામાં આવ્યું હતું.

આવા દિવ્ય પ્રેમના ધારક બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજની ભક્તવત્સલતાની પ્રસંગોચિત ઝાંખી કરાવતાં પૂજ્ય વિવેકસાગરદાસ સ્વામીએ કહ્યું: 'ભગવાન સ્વામિનારાયણના દિવ્ય ગુણો પ્રમુખસ્વામી મહારાજમાં દૃષ્ટિગોચર થતા હતા. ભક્તોને રાજી કરવા માટે પ્રમુખસ્વામી મહારાજે રાત-દિવસ જોયા નથી. ભોજનનું પત્તર ઠેલીને પણ સ્વામીએ ભક્તોના ભાવ પૂરા કર્યા છે. ભક્તો પ્રત્યેનો સ્વામીશ્રીનો પ્રેમભાવ ગજબનો હતો. સ્વામીશ્રીનો આવો દિવ્ય પ્રેમભાવ સેંકડો ભક્તોએ અનુભવ્યો છે.' આ ભાવગંગાને પ્રવાહિત કરતો અને ભક્તો પર વરસેલી સ્વામીશ્રીની કરુણાગંગાની ગવાહી પૂરતો *'હે ગુરુજી નહીં ભૂલું તમને...'* વીડિયો શો દર્શાવાયો હતો.

પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ભક્તવત્સલતા વિષયક ઉદ્‌બોધનમાં પૂજ્ય આદર્શજીવનદાસ સ્વામીએ કહ્યું, 'મહંત સ્વામી મહારાજે ભગવાનના અંગભૂત વાત્સલ્યની વિરાસતને પૂર્ણતઃ પ્રાપ્ત કરી છે. તેમણે અનેક લોકોના



તનની, મનની અને આત્માની સંભાળ રાખી છે. ભક્તોના નાનામાં નાના મનોરથને પૂર્ણ કરવા માટે તેઓ દેહની પરવા કર્યા વગર વિચર્યા છે. ભક્તો પ્રત્યે તેઓનો પ્રગાઢ પ્રેમ તેમની ભક્તવત્સલતાનું દિવ્ય પ્રતિબિંબ છે.' ત્યારબાદ સ્વામીશ્રીની સ્નેહલગંગામાં ભીંજાયેલા આબાલ-વૃદ્ધના પરમાનંદી ભાવને વ્યક્ત કરતો સુંદર વીડિયો પ્રસ્તુત થયો હતો.

### ■ સેવા પરાયણતા

વિશ્વમાં એક તરફ સ્વાર્થનું સામ્રાજ્ય અશાંતિની આગમાં સૌને દઝાડે છે ત્યારે પ્રમુખસ્વામી મહારાજ અને મહંત સ્વામી મહારાજ જેવા લોકોત્તર ગુણાતીત મહાપુરુષો હંમેશાં નિઃસ્વાર્થભાવે બીજાનું ભલું ઇચ્છતા રહ્યા છે અને સૌને શાંતિનું વરદાન આપી રહ્યા છે. સેવા જ તેમના જીવનનું પરમ લક્ષ્ય અને અપ્રતિમ કર્તવ્ય બની રહ્યું છે. સ્વાર્થીલી દુનિયામાં તેમની નિઃસ્વાર્થ સેવાભાવના એક ઉત્તમ અનુપમ મિશાલ બની રહી છે.

તેમના સેવામય જીવનને વંદન કરતી 'સેવામયજીવનાય નમઃ' નૃત્યાંજલિ પ્રસ્તુત થઈ. ત્યારબાદ આ જ વિષય પર પ્રસંગોચિત પ્રકાશ પાથરતા પૂજ્ય બ્રહ્મવિહારીદાસ સ્વામીએ કહ્યું, 'In the Joy of others, lies our own. બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આ સરળ અને સાદા શબ્દોમાં માનવમાત્રનો સાર સમાઈ જાય છે. આ માત્ર તેમનું સૂત્ર નહોતું, પરંતુ તેમનો જીવનમંત્ર હતો. કરોડોના ગુરુ હોવા છતાં તેમની ભૂમિકા સેવક તરીકે રહી છે. કુદરતી આપત્તિઓથી હતપ્રત થયેલા માનવીઓનો પ્રમુખસ્વામી મહારાજે નિઃસ્વાર્થભાવે હાથ ઝાલ્યો છે અને તેમને ઉગાર્યા છે. યુક્રેન-રશિયાના યુદ્ધ વખતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અડધી રાત્રે સીમા પર ફસાયેલા ભારતીય યુવાનોને બચાવવા વિનંતી કરી ત્યારે માત્ર છ કલાકમાં જ મહંત સ્વામી મહારાજે પોલેન્ડમાં સેવામય કેમ્પ શરૂ કરીને વિદ્યાર્થીઓને જમાડ્યા અને ભારત પરત ફરવામાં મદદ કરી હતી. આવા તો અસંખ્ય પ્રસંગોએ બંને ગુરુવર્યોએ આ ધરા પર સેવાનો અવિરત પ્રવાહ વહાવ્યો છે.'

બાદ 'સત્પુરુષોનું સેવામય જીવન' વિષયને વિશેષ દૃઢાવતાં પૂજ્ય આત્મતૃપ્તદાસ સ્વામીએ કહ્યું, 'સ્વામીશ્રીનું જીવન સેવાનો પર્યાય છે. સેવક - એ જ તેમનો સાચો પરિચય છે. તેઓ હંમેશાં પોતાને બી.એ.પી.એસ. સંસ્થાના, ભગવાનના, ગુરુદેવના, સંતો-ભક્તોના, સમાજના સેવક માને છે. સાધુદીક્ષા લીધા બાદ મુંબઈ મંદિરના 'મહંત' તરીકે નિમાયા પછી પણ તેમણે ૧૪ વર્ષ સુધી દરરોજ સંતો-ભક્તોનાં એઠાં વાસણ ઊટકવાની સેવા કરી છે. ગુરુપદે આવ્યા પછી પણ તેમની સેવાની લગન એવી ને એવી જ રહી. હરપળ સેવા કરવાની તેમની અતૂટ શ્રદ્ધાનાં આપણને વારેવારે દર્શન થાય છે. સેવાનો એક પણ મોકો ન જવા દેવો એ પણ તેમના જીવનનો અત્યંત સહજ સ્વાભાવિક ગુણ છે.'

### ■ અહંશૂન્યતા

વિશ્વવ્યાપી અજોડ કાર્યો કરનાર બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજ પાસે 'અહં'ની હવા ક્યારેય ફરકી નથી. દિલ્હી અને અમેરિકાના





રોબિન્સવિલ ખાતે રચેલા વિરાટ અક્ષરધામ હોય કે પછી અબુધાબીમાં રચેલું ભવ્ય હિન્દુ મંદિર હોય! પરંતુ તેની ગૌરવ-ગરિમાનો યશ આ સત્પુરુષોએ ક્યારેય લીધો નથી અને તેમના મુખારવિંદ પર 'મેં કર્યું'ની લકીર સુધ્ધાં ફરકી નથી. વિશેષતા તો એ છે કે વિશ્વભરમાં કરેલાં વિરાટ સેવાકાર્યો, ભવ્ય ગૌરવપૂર્ણ સિદ્ધિઓ અને વૈશ્વિક માન-બહુમાન-સન્માનોનો અહંકાર તેમને ક્યારેય સ્પર્શ્યો નથી. તેઓ એવી આધ્યાત્મિક ઊંચાઈ પર બિરાજે છે કે જ્યાં 'હું'ની હવા નથી, 'મારા'ની દુર્ગંધ નથી.

આ અહંશૂન્ય મહાપુરુષોનાં શ્રીચરણોમાં વંદના કરતાં 'અહંશૂન્યાય નમઃ' નૃત્યાંજલિ પ્રસ્તુત થઈ. ત્યારબાદ બંને ગુરુવર્યોની 'અહંશૂન્યતા'ને સાત-સાત દાયકાઓથી નજરે નીરખનાર પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કહ્યું, ''૧૯૭૫માં સુરતમાં પ્રમુખસ્વામી મહારાજની જન્મજયંતી ઊજવાઈ રહી હતી તે સમયે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી બાબુભાઈ જશભાઈ પટેલે જાહેરમાં કહ્યું, 'પ્રમુખસ્વામી મહારાજે શિક્ષાપત્રી પોતાના જીવનમાં સંપૂર્ણતયા રાખી છે. તેઓ અહંશૂન્ય પુરુષ છે.'

''પૂજ્ય મહંત સ્વામી મહારાજની સાથે અમે ૭૦ વર્ષથી રહ્યા છીએ. તેમનું જીવન અમે જોયું છે. તેઓ દરેક પ્રસંગે ગુરુની આજ્ઞાનું પાલન, શ્રીજીમહારાજની આજ્ઞાનું પાલન કરતા રહ્યા છે. તેમણે અહંશૂન્ય રહીને ખૂબ જ સેવાઓ કરી છે. સંતના પંચવર્તમાન - નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન - બધા જ ગુણોનું દર્શન અમે મહંત સ્વામી મહારાજમાં કર્યું છે. તેમનો પ્રભાવ નાના-મોટા ભક્તો પર ગજબનો છે, તેનું દર્શન આપણે રોબિન્સવિલ અક્ષરધામના નિર્માણ વખતે કર્યું છે.'' એમ કહીને તેમણે રોબિન્સવિલમાં રચાયેલા અક્ષરધામના નિર્માણમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજના વચને ૧૨,૫૦૦ ભક્તોએ કરેલી અનોખી સમર્પણ-ભક્તિની ગાથા ગાઈ હતી.

આ જ વિષયના અનુસંધાનમાં 'વંદે અહંશૂન્યપુરુષં, વંદે પ્રમુખસ્વામિવર્યમ્' વીડિયો દર્શાવાયો હતો. આ વીડિયોમાં સન ૧૯૯૯, મુંબઈમાં પ્રમુખવરણી દિનના પ્રસંગે પ્રમુખસ્વામી મહારાજ જણાવે છેઃ 'જ્યારે આ પદ (ગુરુપદ) સ્વીકારવાની વાત થઈ ત્યારે પણ શાસ્ત્રીજી મહારાજને કહેલું કે આ મારી શક્તિ બહારનું કામ છે. આ કામ કોઈ સામાન્ય નથી, બહુ જ મહાન કાર્ય છે. હું એક સામાન્ય વ્યક્તિ, આ કાર્ય ઉઠાવી શકું એ મારી શક્તિ બહારનું કામ છે. એમને વિનંતી કરી છતાં પણ એમનાં કૃપા-આશીર્વાદ અને એમનો આગ્રહ રહ્યો એટલે આ પદ સ્વીકાર્યું. આજે પણ, અત્યારે પણ હું સમજું છું કે આ કાર્ય મારી શક્તિ બહારનું છે. આ થઈ શકે એવી વસ્તુ પણ નથી. ઘણો વિચાર કરીએ તો પણ... આ હું કરું છું, મારાથી થયું છે એવી કોઈ શક્તિ છે જ નહીં. અત્યારે પણ આ કાર્ય જે થઈ રહ્યું છે એ એમની કૃપાથી, એમના બળથી, એમની પ્રેરણાથી, એમના આશીર્વાદથી થાય છે.' સ્વામીશ્રીની આવી સરળતા, અહંશૂન્યતા સૌને સ્પર્શી ગઈ અને ઘણાની આંખો ભરાઈ આવી.

મહંત સ્વામી મહારાજની અહંશૂન્યતા વિષયક ઉદ્‌બોધનમાં આનંદસ્વરૂપદાસ સ્વામીએ કહ્યું, 'મહંત સ્વામી મહારાજ વિનમ્રતાની મૂર્તિ છે. તેઓ બધામાં ભગવાનનાં દર્શન કરે છે. અને ભગવાનની તુલનામાં તેઓ પોતાને શૂન્ય સમજે છે. બધાના દાસ માને છે. *'સબગુન પૂરન પરમ વિવેકી, ગુન કો માન ન આવે...'* જે વ્યક્તિ અંદરથી પોતાને શૂન્ય માને છે તે વ્યક્તિને ભગવાનનો સાક્ષાત્કાર થાય છે. જે પણ વ્યક્તિ મહંત સ્વામી મહારાજના યોગમાં આવે છે તેને ચોક્કસ અનુભવ થાય છે કે તેઓ ખૂબ જ વિનમ્ર છે. જે વિનમ્ર હોય છે તે સરળ, સહિષ્ણુ, નિર્ભય, નિર્દંભ હોય છે. તેમના જીવનમાં ક્રોધ-ઈર્ષ્યા, છળ-કપટ હોતાં નથી. તેઓ પોતાની ભૂલોનો સહેજે સ્વીકાર કરે છે. અહંશૂન્યતા-વિનમ્રતાનો ગુણ તેમના જીવનમાં એકરસ થઈ ગયો છે.'

આજના જન્મજયંતી સમારોહમાં પધારેલા મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી શ્રી દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્રની જનતા વતી સ્વામીશ્રીનું શાલ-હાર વડે અભિવાદન કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા. ત્યારબાદ વરિષ્ઠ સંતોએ શ્રી દેવેન્દ્ર ફડણવીસ, મહારાષ્ટ્રના સુપ્રસિદ્ધ લોકનેતા શ્રી મંગલપ્રભાત લોઢાજી



અને નેસ્કો હૉલના ચૅરમૅન શ્રી ક્રિષ્ણાભાઈ પટેલનું હાર પહેરાવી, સ્મૃતિભેટ અર્પણ કરીને અભિવાદન કર્યું હતું.

આ પ્રસંગે ધન્યતા અનુભવતાં શ્રી દેવેન્દ્ર ફડણવીસે ઉદ્‌બોધન કર્યું. ઉપમુખ્યમંત્રીશ્રીના શબ્દોમાં પૂજ્ય મહંત સ્વામી મહારાજ પ્રત્યે ખૂબ જ અહોભાવ પ્રગટતો હતો. અને કેમ ન હોય!? તેઓ સદ્‌ગુણોના ધારક છે. આ સદ્‌ગુણો પૈકીનો તેમનો એક અતિ મહત્ત્વનો ગુણ એટલે 'દાસભાવ'.

આ વિષય પર પ્રકાશ રેલાવતાં પૂજ્ય કોઠારી ભક્તિપ્રિયદાસ સ્વામીએ મુંબઈ ખાતેની સ્વામીશ્રીની વર્ષો પૂર્વેની સ્મૃતિઓ કરી અને પ્રાર્થનાપૂર્વક કહ્યું, ''પ્રમુખસ્વામી મહારાજે આપણને મહંત સ્વામી મહારાજરૂપે સૌથી મોટી ભેટ આપી છે. તેઓ હંમેશા પોતાની ઓળખાણ 'કેશવજીવનદાસ' કહીને આપતા રહે છે. આ રીતે તેમના જીવનમાં દાસભાવ રહ્યો છે. આજે આપણે આ સમારોહમાં ગુરુવર્યોના અનેક સદ્‌ગુણો સાંભળ્યા, તે ગુણો મહંત સ્વામી મહારાજની સાથે વર્ષો સુધી રહીને અમે પ્રત્યક્ષરૂપે અનુભવ્યા છે. ભગવાન સ્વામિનારાયણનો તેમને અખંડ સાક્ષાત્કાર છે.

મહંત સ્વામી મહારાજને પ્રાર્થના કરીએ છીએ કે ભગવાનના સંબંધે કરીને આપનામાં રહેલા અનંત કલ્યાણકારી ગુણોનું પ્રદાન સૌને કરે અને બધાને એકાંતિક ધર્મ સિદ્ધ કરાવીને ભગવાન સ્વામિનારાયણના પરમ ધામ 'અક્ષરધામ'ની પ્રાપ્તિ કરાવે અને ભગવાનનું પરમ સામીપ્ય પ્રદાન કરે.''

ગુણાતીત સત્પુરુષોના પવિત્ર ગુણોની ગરિમાગાથાએ સૌને ધન્યતા-કૃતાર્થતાથી ભરી દીધા હતા. છેલ્લા નવ-નવ દશકોથી જેમણે પોતાની પવિત્ર સાધુતા, ભક્તિ, ભક્તવત્સલતા, અહંશૂન્યતા વગેરેથી સૌને પ્રેરિત કર્યા છે એવા ગુરુહરિ પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના ૯૧મા જન્મજયંતીના પાવન અવસરનો દેશ-વિદેશના લાખો ભક્તો-ભાવિકોના હૃદયમાં અનેરો ઉમંગ-ઉત્સાહ હતો. આ સૌની 'शतं जीव शरदः।'ની ભાવનાઓ સાથે, સમગ્ર સત્સંગસમુદાય વતી વરિષ્ઠ અને વડીલ સંતોએ તેમજ મહાનુભાવોએ કલાત્મક હાર અર્પણ કરીને સ્વામીશ્રીને વધાવ્યા. સાથે બાળ-યુવાવૃંદે *'...સૌ ઊજવે છે જન્મજયંતી મહંત સ્વામીની, આ સ્મૃતિપર્વણી પ્રમુખસ્વામીની...'*ના તાલે ઊર્જાસભર નૃત્યાંજલિ પ્રસ્તુત કરી ત્યારે સભાજનો ડોલી ઊઠ્યા હતા.

આજના સમારોહમાં ઉપસ્થિત અન્ય મહાનુભાવો શ્રી સુનીલ રાણે (ધારાસભ્ય, બોરીવલી-મુંબઈ), શ્રી જયપ્રકાશ ઠાકુર (ઉપાધ્યક્ષ, ભારતીય જનતા પાર્ટી, મહારાષ્ટ્ર), શ્રી

સુભાષ દેસાઈ (પૂર્વમંત્રીશ્રી), શ્રી અભિજીત રાણે (સામાજિક કાર્યકર), શ્રી મોહિત ભારતીય (સામાજિક કાર્યકર), શ્રી રાજીવ પાટીલ (અધ્યક્ષ, કામદાર સેના, બહુજન વિકાસપાર્ટી) વગેરેને સંતોએ હારતોરા વડે સત્કાર્યા હતા.

હાર્દિક સત્કારવિધિ બાદ આજના સમારોહમાં ઉપસ્થિત અને દેશ-વિદેશમાં ઘરે બેઠાં જન્મોત્સવના જીવંત પ્રસારણને માણી રહેલા લાખો હરિભક્તો-ભાવિકોએ વૈદિક મંત્રગાનની સાથે ભગવાન સ્વામિનારાયણ, સનાતન ધર્મનાં તમામ ભગવત્ સ્વરૂપો, સંતો-ગુરુવર્યોનાં શ્રીચરણોમાં પુષ્પાંજલિ સમર્પિત કરી હતી. મંત્રપુષ્પાંજલિ બાદ સ્વામીશ્રીએ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંત-યુવાવૃંદ દ્વારા પ્રસ્તુત ભક્તિસંગીત-કીર્તન-નૃત્યગીતોની યૂટ્યૂબ 'BAPS Kirtan Channel'નું ઉદ્‌ઘાટન કર્યું હતું.

જન્મજયંતી સમારોહની અંતિમ પળોમાં સૌ પર આશીર્વર્ષા કરતાં સ્વામીશ્રીએ જણાવ્યું: ''આપ સર્વેએ ખૂબ પ્રેમ આપ્યો છે તેના માટે ધન્યવાદ!

આજે શ્રીજીમહારાજ અને પ્રમુખસ્વામી મહારાજનાં સ્મૃતિપર્વોનો દિવસ છે. આપણને શ્રીજીમહારાજની જે પ્રાપ્તિ થઈ તેનાથી કોઈ મોટું સુખ નથી. જેઓની નજરમાં બ્રહ્માંડો ન આવે તે મહારાજે આપણને નજરમાં લીધા. કેવી કૃપા! આ શ્રીજીમહારાજ ગુણાતીત સત્પુરુષ દ્વારા હંમેશા પૃથ્વી ઉપર રહ્યા છે અને રહેશે. તેમના દ્વારા બધાનું કલ્યાણ થતું રહેશે.

પ્રમુખસ્વામી મહારાજે બધાની પ્રસન્નતા પ્રાપ્ત કરી અને બધાને રાજી કરીને તેઓ પ્રસન્ન રહ્યા. તેઓ તો પોતાનું કામ કરીને ગયા પણ આપણે હવે શું કરવાનું? તો આપણે બધા ભક્તિ-ભજન અને સેવા કરીએ. અને ખાસ તો ધર્મ-નિયમનું ચુસ્તપણે પાલન કરવું એ જ તેમના રાજીપાનું સાધન છે. કારણ કે ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે, 'મારી વાણી એ જ મારું સ્વરૂપ છે.' તેમણે આપેલા નિયમ-ધર્મનું યથાર્થ પાલન કરવું એ જ એમની પ્રસન્નતા છે.

આજના ઉત્સવમાં ઉપમુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રભાઈ તથા ધારાસભ્ય શ્રી મંગલપ્રભાતજી પધાર્યા છે, તેઓની પણ ખૂબ સારી પ્રગતિ થાય એવી પ્રાર્થના.'' સ્વામીશ્રીના આવા અણધાર્યા આશીર્વાદથી બંને મહાનુભાવો કૃતાર્થ થયા.

આજે 'નેસ્કો'ના બંને વિશાળ સભાગૃહ ૩૧,૦૦૦ હરિભક્તોથી ખીચોખીચ ભરાયેલા હતા. આજનો જન્મજયંતી સમારોહ જે સભાગૃહમાં યોજાયો હતો તે હૉલનું ઉત્સવ પૂર્વે ઘણુંખરું કામ બાકી હતું, તેમ છતાં સ્વામીશ્રીના જન્મજયંતીની ઉજવણી માટે શ્રી ક્રિષ્ણાભાઈ પટેલે ભારે જહેમત ઉઠાવીને તાત્કાલિક ધોરણે હૉલ તૈયાર કરાવ્યો હતો અને આજે સ્વામીશ્રીનાં કરકમળો દ્વારા જ તેનું ઉદ્‌ઘાટન કરાવ્યું હતું. બંને સભાગૃહમાં બેઠેલા હરિભક્તો ઉપરાંત વિશ્વભરના ખૂણે ખૂણે વસતા લાખો હરિભક્તો-ભાવિકો 'આસ્થા ચેનલ' અને 'live.baps.org'ના માધ્યમથી આ ત્રિવેણી ઉત્સવમાં સામેલ થયા હતા. આ સૌએ ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરુવર્યોનાં શ્રીચરણોમાં આરતી-અર્ઘ્ય અર્પણ કરીને ભાવવંદના કરી હતી. સમૂહ આરતીના ટમટમતા દીપકોથી બંને સભાગૃહ ઝળહળી ઊઠ્યાં હતાં.

શાંત ઝરણાની માફક વહેતા આજના આધ્યાત્મિક પ્રવાહે સૌને એવા તો જકડી રાખ્યા હતા કે પોણા ચાર કલાકનો સમય ક્યાં વીતી ગયો તેની સભાનતા રહી નહોતી!

ત્રિવેણી ઉત્સવની દિવ્ય સ્મૃતિઓ હૃદયસ્થ કરીને સૌ ગુરુવર્યોનાં ચરણોમાં ભક્તિવંદના કરતાં વિદાય થયા ત્યારે સૌને અલૌકિક દુનિયામાંથી બહાર આવ્યાનો રોમાંચકારી અનુભવ થયો હતો.

છેલ્લા બે દિવસથી મુંબઈમાં મુશળધાર વરસાદ પડી રહ્યો હતો. વળી, આજે હવામાન વિભાગ તરફથી રેડએલર્ટ આપવામાં આવ્યું હતું અને સ્કૂલ વગેરેમાં જાહેર રજા અપાઈ હતી. તેથી ભારે મૂંઝવણ અનુભવતા સંતો-કાર્યકરોએ આજે વરસાદ ન પડે અને ઉત્સવ સારી રીતે ઊજવાઈ જાય તે માટે સ્વામીશ્રીને પ્રાર્થનાઓ કરી. સ્વામીશ્રીએ પ્રાર્થનાઓ ઠાકોરજીનાં ચરણે ધરતાં આશિષ ઉચ્ચાર્યા: 'ભગવાનને પ્રાર્થના કરી છે, વરસાદ નહીં પડે.' સ્વામીશ્રીએ આપેલા આશીર્વાદના પ્રતાપે આજે ચમત્કારિક રીતે વરસાદે ખમૈયા કર્યા હતા અને જન્મોત્સવ શાનદાર રીતે ઊજવાયો હતો.

◆





**વિશ્વમાં સાંસ્કૃતિક વારસાનું પુનરુત્થાન થઈ રહ્યું છે તેમાં આ સંપ્રદાયની ખૂબ જ મહત્ત્વની ભૂમિકા છે...**

**– શ્રી દેવેન્દ્ર ફડણવીસ**
(મહારાષ્ટ્રના ઉપમુખ્યમંત્રી)

હું મારી જાતને ખૂબ જ ભાગ્યશાળી માનું છું કે આજે હું આ કાર્યક્રમમાં પરમ પૂજનીય મહંત સ્વામી મહારાજજીના આશીર્વાદ લેવા માટે આવી શક્યો! ક્યારેક ક્યારેક ભગવાનની કૃપા અજીબ હોય છે. આ કાર્યક્રમમાં આવવાનું તો હતું જ, પરંતુ આ સમયે એક અગત્યનો કાર્યક્રમ પૂનામાં હતો. એટલે કઈ રીતે સમયનું એડ્જસ્ટમેન્ટ કરવું એ દુવિધામાં હતો. પણ એટલો બધો વરસાદ પડ્યો કે એ કાર્યક્રમ મુલતવી રખાયો. અને ખરા સમયે આ કાર્યક્રમમાં આવી શક્યો. પરમ પૂજનીય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ આજે મારા ભાગ્યમાં લખ્યા હતા એટલે હું અહીં આવી શક્યો!

બી.એ.પી.એસ. સંસ્થાએ આપણા ધર્મ અને સંસ્કૃતિની પતાકા સમગ્ર વિશ્વમાં ફેલાવી છે. આપણા ધર્મ અને સંસ્કૃતિ તરફ દુનિયાના લોકોને આકર્ષણ થાય છે તેમાં મોટામાં મોટો સહયોગ બી.એ.પી.એસ. સંસ્થાનો છે. અને આ પણ એક આશ્ચર્ય જ છે, ક્યારેય કોઈએ કલ્પના પણ નહીં કરી હોય કે અબુધાબીમાં પણ આપણું મંદિર હોઈ શકે! આ કેવળ મંદિર જ નથી, પરંતુ સૌના આકર્ષણનું મુખ્ય કેન્દ્ર છે.

આપણા ધર્મ અને સંસ્કૃતિની ખાસિયત જ એ રહી છે કે આપણે દુનિયાને વિચારોથી જીતી છે, તલવારોથી નહીં. આજે અબુધાબીના શાસકોને પણ બી.એ.પી.એસ. સંસ્થાએ પ્રેમથી, વિચારોથી એવી રીતે જીત્યા કે ત્યાં આટલું સુંદર મંદિર બની ગયું!

આજે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જે રીતે સમગ્ર વિશ્વમાં આપણા સાંસ્કૃતિક વારસાનું પુનરુત્થાન થઈ રહ્યું છે તેમાં સ્વામિનારાયણ સંપ્રદાયની ખૂબ જ મહત્ત્વની ભૂમિકા રહેવાની છે. અને પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી સંતગણ ત્યાગ અને તપસ્યાના માધ્યમથી પોતાના વિચારોને આગળ કરીને જે રીતે લોકોમાં ભક્તિભાવ જાગ્રત કરે છે, એ જોતાં એવું લાગે છે કે એક દિવસ સમગ્ર વિશ્વમાં આપણી સંસ્કૃતિની બોલબાલા હશે. અને લોકો માનશે પણ ખરા કે આ જ સંસ્કૃતિ છે, આ જ સંસ્કાર છે. જે દુનિયામાં શાંતિ અને પ્રેમ પ્રસરાવશે.

હું ઈશ્વરનો આભાર વ્યક્ત કરું છું કે પરમ પૂજનીય મહંત સ્વામી મહારાજના આશીર્વાદ લેવા માટે હું અહીંયાં પહોંચી શક્યો અને તેમની પાસેથી એટલા જ આશીર્વાદ માગું છું કે મારા જીવનમાં હું સારું કાર્ય કરી શકું. મારા લક્ષ્યથી ક્યારેય ભટકું નહીં અને સમાજસેવાનું જે વ્રત લીધું છે તેમાં હંમેશા સફળતા મળતી રહે. ધન્યવાદ! જયહિન્દ! ◆



**માનનીય શ્રી સી. પી. રાધાકૃષ્ણન્**
(ગવર્નરશ્રી, મહારાષ્ટ્ર)

આપણા જેવા સામાન્ય માણસોને ભગવાનનો સાક્ષાત્કાર કરવો હોય તો ગુરુની જરૂર પડે છે. એવા ગુરુ પરમ પૂજનીય મહંત સ્વામી મહારાજ છે. ભાગ્યશાળી હોઈએ તો જ આવા ગુરુના આશીર્વાદ પ્રાપ્ત કરી શકીએ.

મેં સારંગપુરમાં અને પ્રમુખસ્વામી મહારાજ શતાબ્દી મહોત્સવમાં તેઓના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ પણ ઘણીવાર પ્રાપ્ત કર્યા છે.

પ્રમુખસ્વામી મહારાજે સામેથી મને બોલાવીને આશીર્વાદ આપ્યા હતા. એ દિવસે મને લાગ્યું કે હું જીવનમાં કાંઈક બનીશ. આ ગુરુના આશીર્વાદનો જ પ્રતાપ છે. તેના કારણે હું આ સેવાસ્તર સુધી પહોંચી શક્યો છુંઃ હું ઝારખંડનો ગવર્નર હતો, જે પૂર્વમાં છે. હું તેલંગાણાનો ગવર્નર હતો, જે ભારતના મધ્યમાં છે. મને પોંડીચેરીમાં ગવર્નર તરીકે સેવા પ્રાપ્ત થઈ, જે દક્ષિણમાં છે. અને આજે હું મહારાષ્ટ્રનો ગવર્નર છું, જે પશ્ચિમમાં છે. હું કહી શકું કે મહંત સ્વામીજીના આશીર્વાદ એ ભગવાનના આશીર્વાદ છે.

(તા. ૨૯-૯-૨૦૨૪) ◆

# કેનેડાના હેમિલ્ટન અને બ્રાન્ડન શહેરમાં રચાયેલાં નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોમાં યોજાયો મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ





ઓન્ટારિયો રાજ્યના હેમિલ્ટન મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને સત્સંગલાભ માણતું ભક્તવૃંદ...

ભારતીય સંસ્કૃતિની સુવાસને વિશ્વસ્તરે લઈ જનાર આર્ષદ્રષ્ટા બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી કેનેડા દેશમાં સત્સંગનો વ્યાપ અવિરત વધતો રહ્યો છે. ગુરુવર્યોના આશીર્વાદથી અહીં વસતા હિન્દુઓમાં ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યો જળવાય, પોષાય અને સંવર્ધિત થાય એવા હેતુથી કેનેડાનાં વિવિધ શહેરોમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામી રહ્યાં છે. તે શૃંખલામાં તાજેતરમાં બ્રાન્ડન અને હેમિલ્ટન શહેરમાં નૂતન મંદિર રચાયાં છે. તેમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ શાનદાર રીતે યોજાઈ ગયો. તેની એક ઝલક અહીં પ્રસ્તુત છે.

## હેમિલ્ટન ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

તા. ૧૯-૬-૧૯૮૪ના રોજ બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજ ઓન્ટારિયો રાજ્યના હેમિલ્ટન શહેરના ડંડાસ વિસ્તારમાં પધાર્યા હતા. યોગાનુયોગ આ દિને હેમિલ્ટન ચર્ચના ધર્મગુરુ શ્રી એન્થની ટોનસેના હોદ્દાગ્રહણનો પ્રથમ દિન જ હતો. તેથી તેઓ સ્વામીશ્રીને મળવા પધાર્યા હતા. તેઓના પૂર્વસૂરી શ્રી ડેરલને સ્વામીશ્રી ચાર વર્ષ પૂર્વે મળેલા. તેઓ સ્વર્ગવાસી થતાં નવા નિમાયેલા આ ધર્મગુરુ પોતાની ગાડીમાં બેસાડીને સ્વામીશ્રીને એ પૂર્વસૂરીના સમાધિસ્થાને લઈ ગયા. અહીં સ્વામીશ્રીએ સદ્‌ગત આત્માને પુષ્પનિર્મિત 'ક્રોસ-વીથ'ની અંજલિ આપી, ધૂન-પ્રાર્થના-ચાંદલા કર્યાં. અને સંતો દ્વારા વૈદિક મંત્રોનું ગાન કરાવ્યું. શ્રી એન્થનીને સ્વામીશ્રીની આ વિશાળ પ્રેમભાવના સ્પર્શી ગઈ. સંવાદિતાના આ પ્રેરક સંદેશ સાથે હેમિલ્ટનમાં સત્સંગનાં બીજ વવાયાં. સમયના વહેણ સાથે સ્વામીશ્રીના આશીર્વાદની અમૃતવર્ષા પામતો સત્સંગ પૂજ્ય મહંત સ્વામી મહારાજ, સદ્‌ગુરુ સંતો તેમજ ટોરન્ટો મંદિરના સંતો દ્વારા અવિરત પલ્લવિત થતો રહ્યો. હરિભક્તોમાં સત્સંગની અભિવૃદ્ધિ થતાં મંદિરની આવશ્યકતા ઊભી થઈ. સૌ હરિભક્તોના સહયોગથી અને સમર્પિત પરિશ્રમથી નૂતન મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૨૧-૭-૨૦૨૪ના રોજ સવારે વેદોક્ત મહાપૂજાવિધિ યોજાયો, જેમાં હેમિલ્ટન અને આસપાસનાં શહેરોમાં વસતા હરિભક્તોએ યજમાન પદે વિરાજીને પૂજાવિધિનો લાભ પ્રાપ્ત કર્યો. ત્યારબાદ ભારતથી પધારેલા પૂજ્ય જ્ઞાનેશ્વરદાસ સ્વામી અને સંતોએ મંત્રોચ્ચારના ગુંજન વચ્ચે મૂર્તિઓનો પ્રતિષ્ઠાવિધિ કર્યો હતો. ત્યારબાદ પ્રાસંગિક સમારોહ યોજાયો હતો.

હેમિલ્ટનમાં મંદિર પ્રતિષ્ઠિત થતાં હવે આસપાસનાં સેન્ટરો જેવાં કે નાઈજીરિયા ફોલ્સ, ડંડાસ, સ્ટોની ક્રીક, એંકસ્ટર, બીનબ્રૂક, કેલેડોનિયાના હરિભક્તોને અહીં સત્સંગસભા અને ઉત્સવોનો લાભ પ્રાપ્ત થતો રહેશે. સાથે સાથે આ મંદિર દ્વારા હવે પશ્ચિમી વાતાવરણમાં ઊછરતી આપણી નવી પેઢીમાં ભારતીય વારસો જીવંત રહે તે હેતુસર ભારતીય ભાષાઓના અને સંગીતના શિક્ષણ વર્ગો ચાલુ થશે, જેનો લાભ નવી પેઢીને પ્રાપ્ત થતો રહેશે.

## બ્રાન્ડન ખાતે મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવ

મેનિટોબા રાજ્યમાં બીજા ક્રમાંકે મોટા ગણાતા શહેર બ્રાન્ડનમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણીય સત્સંગની શરૂઆત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદથી સન ૨૦૦૦થી થઈ હતી. ત્યારબાદ ટોરન્ટો મંદિરથી વિચરણ કરતા સંતો તેમજ ઉત્સાહી અને કર્તવ્યનિષ્ઠ કાર્યકરોના આયોજનબદ્ધ પુરુષાર્થથી અહીં સત્સંગસભા અને ભારતીય ઉત્સવો અવિરત યોજાવા લાગ્યા. ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી અહીં સત્સંગની ઉત્તરોત્તર અભિવૃદ્ધિ થઈ રહી છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતથી આવેલા યુવાનોનો પણ વસવાટ વધ્યો છે. આ યુવાપેઢીમાં ભારતીય સનાતન સંસ્કૃતિનાં મૂલ્યોનો વારસો જીવંત રહે તથા અહીં વ્યાપેલાં વ્યસન-દૂષણોમાં લિપ્ત ન થઈ જાય તે માટે એક હિન્દુ મંદિરની જરૂરિયાત જણાઈ. તેથી બી.એ.પી.એસ. સંસ્થાના હરિભક્તો મંદિર નિર્માણ માટે કટિબદ્ધ થયા. તે સૌના પુરુષાર્થથી નૂતન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર નિર્માણ પામ્યું.

આ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા ઉત્સવના ઉપક્રમે તા. ૩૧ ઑગસ્ટના રોજ સવારે વિશ્વશાંતિ મહાયજ્ઞ યોજાયો. ત્યારબાદ પ્રતિષ્ઠિત થનાર મૂર્તિઓની શાનદાર શોભાયાત્રા શહેરના માર્ગો પર અનેરા ઉત્સાહથી ભરપૂર આબાલવૃદ્ધ હરિભક્તોની ઉપસ્થિતિમાં યોજાઈ, જેમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજે કલ્યાણમય દૃષ્ટિ દ્વારા સમગ્ર નગરને પાવન કર્યું. અનેકવિધ ભક્તિમય આકર્ષણોથી યુક્ત આ શોભાયાત્રાએ સ્થાનિક લોકોમાં પણ અનેરું કુતૂહલ જગાવ્યું હતું.



બ્રાન્ડન શહેરમાં નવનિર્મિત બી.એ.પી.એસ. મંદિરમાં મૂર્તિસ્થાપનવિધિ કરતા પૂજ્ય જ્ઞાનપ્રિયદાસ સ્વામી અને સંતો...

દ્વિતીય દિને સવારે વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજ્ય જ્ઞાનપ્રિયદાસ, પૂજ્ય ગુણસાગરદાસ સ્વામી અને સંતોએ મૂર્તિસ્થાપનવિધિ પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ પ્રાસંગિક સમારોહ યોજાયો હતો. તેમાં બ્રાન્ડન-સૌરિસના પાર્લામેન્ટ સભ્ય શ્રી લેરી મેગૂરી, બ્રાન્ડનના મેયર શ્રી જેફ ફોસેટ, રિજિયોનલ હેલ્થ ફાઉન્ડેશનના એક્ઝિ. ડાઈરેક્ટર શ્રી જો-એન લુઈસ અને કીસ્ટોન સેન્ટરના સીઈઓ શ્રી કોની લોરેન્સ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી લેરી મેગુરીએ સૌને અભિનંદન પાઠવીને કહ્યુંઃ 'તમે સમર્પણ કરીને હિન્દુ સંસ્કૃતિનાં મૂલ્યોને જાળવવાનો પ્રયત્ન કરી રહ્યા છો તેને અમે બિરદાવીએ છીએ. તમારી સદ્‌ભાવનાઓને આંતરરાષ્ટ્રીય સ્વરૂપ આપવા બદલ આપનો આભાર. ભાવિ પેઢી માટે તે પથદર્શક બની રહેશે.' મેયર શ્રી જેફ ફોસિટે કહ્યું, 'મંદિરનું નિર્માણ થયા પછી બ્રાન્ડન શહેર વધુ ગતિશીલ થયું છે. તમારા સમાજ સાથે સંકળાયેલા લોકો માટે અહીં જીવનને સુંદર બનાવવાનું અને આધ્યાત્મિક વિકાસ સાધવાનું આ ઉત્તમ સ્થળ છે.'

આ નૂતન મંદિરો હવે સ્થાનિક ભારતીયોમાં હિન્દુ સંસ્કૃતિ, આધ્યાત્મિક મૂલ્યો અને પરંપરાની જ્યોતને પ્રજ્વલિત રાખવાનું ઉમદા કાર્ય કરતાં રહેશે. ◆

# બેંગલોર, હૈદરાબાદ, કોલકાતા, નાગપુર અને ઈન્દોરમાં સદ્ગુરુવર્ય પૂજ્ય ડૉક્ટર સ્વામીનું સત્સંગ વિચરણ



નાગપુર બી.એ.પી.એસ. વિદ્યામંદિરના વિદ્યાર્થીઓને જીવન-ઘડતરનું પ્રેરક માર્ગદર્શન આપતા પૂજ્ય ડૉક્ટર સ્વામી...

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજનાં ચરણોમાં જીવન સમર્પિત કરીને જૈફ વયે પણ આજપર્યંત સેવા કરી રહેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સદ્ગુરુ સંતો સૌ માટે પ્રેરણાની એક અનોખી મિસાલ બની રહ્યા છે. સત્સંગનાં મૂલ્યો પ્રસરાવવા ૯૧ વર્ષની વયે સતત વિચરતા પૂજ્ય ડૉક્ટર સ્વામી એવું એક અનોખું ઉદાહરણ બની રહ્યા છે. બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ અને બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ સાથે વર્ષોથી અવિરત ઠેર ઠેર વિચરણ કરી રહેલા પૂજ્ય ડૉક્ટર સ્વામી તાજેતરમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજની આજ્ઞાથી કર્ણાટક, આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં પધાર્યા હતા. તેમના સાંનિધ્યમાં બેંગલોર, હૈદરાબાદ, કોલકાતા, નાગપુર, ઈન્દોર અને જયપુર ખાતે બી.એ.પી.એસ. સત્સંગમંડળોના વિવિધ કાર્યક્રમો યોજાયા. તેમાં ઊમટેલા હજારો હરિભક્તોને પૂજ્ય ડૉક્ટર સ્વામીએ વિવિધ દૃષ્ટિકોણથી અધ્યાત્મનું તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું.

પૂજ્ય ડૉક્ટર સ્વામીએ પોતાની સાધનાના નિચોડ સમાં પ્રેરણાપ્રવચનો દ્વારા બાળકો, યુવાનો અને વડીલ હરિભક્તોને તથા કાર્યકરોને તેમની સેવારૂપી સાધના અને વ્યાવહારિક જીવનને પરિશુદ્ધ કરવા કટિબદ્ધ કર્યા હતા.

ઉપરોક્ત સત્સંગકેન્દ્રોમાં પૂજ્ય ડૉક્ટર સ્વામીના ૧૫ દિવસના રોકાણ દરમ્યાન સત્સંગસભા અને ઉત્સવોની હારમાળા રચાઈ હતી. બેંગલોર, હૈદરાબાદ, કોલકાતા, નાગપુર અને ઈન્દોરમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના સેંકડો કાર્યકરો સત્સંગ-પ્રવૃત્તિમાં કરોડરજ્જુ સમાન સેવા આપી રહ્યા છે. તાજેતરમાં સંસ્થા દ્વારા ઊજવાઈ રહેલા કાર્યકર સુવર્ણ મહોત્સવ અંતર્ગત તેઓના અભિવાદન સમારોહ યોજાયા હતા. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ સૌ કાર્યકરોનું સન્માન કરીને તેઓમાં સેવાલક્ષી ઘડતર અને આધ્યાત્મિક ઉત્કર્ષ માટે મનનીય માર્ગદર્શન આપીને નૂતન જોમનું સિંચન કર્યું હતું.

પૂજ્ય ડૉક્ટર સ્વામીના પ્રેરક સાંનિધ્યમાં ઠેર ઠેર બાળદિન નિમિત્તે બી.એ.પી.એસ. બાળપ્રવૃત્તિના સુંદર કાર્યક્રમો પણ યોજાયા હતા. તેમાં સમગ્ર દિવસ દરમ્યાન ગમ્મત સાથે જ્ઞાન પીરસતા મનોરંજક અને પ્રેરણાદાયક કાર્યક્રમો દ્વારા બાળકોએ આપણા પવિત્ર સંસ્કારો દૃઢ કરવા વધુ કટિબદ્ધ થયા હતા. પૂજ્ય ડૉક્ટર સ્વામીએ બાળકોને દરેક કાર્ય શ્રેષ્ઠ કરવાનાં સોપાનો દૃઢાવતું પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. વિવિધ શહેરોમાં યોજાયેલા યુવાદિનમાં પૂજ્ય

ડૉક્ટર સ્વામીએ યુવકોને ચારિત્ર્ય ઘડતરની પ્રેરણા આપીને જીવનમાં સદાચાર અને સંયમ દૃઢ રાખવાનો રાજમાર્ગ દર્શાવ્યો હતો.

આ ઉપરાંત સ્થાનિક ભક્તો-ભાવિકોની પણ વિશિષ્ટ સત્સંગસભા યોજાતી હતી. તેમાં શાસ્ત્ર, મંદિર અને સંતનો મહિમા દૃઢાવતાં પ્રવચનો સાથે પૂજ્ય ડૉક્ટર સ્વામીનું મનનીય માર્ગદર્શન સૌએ પ્રાપ્ત કર્યું હતું. નિત્ય સવારે પ્રાતઃકથા બાદ સ્થાનિક હરિભક્તો તેમજ ગુજરાતી સમાજ અને વિવિધ સંગઠનોના અગ્રણી પ્રતિનિધિઓ સાથે દર્શન-મુલાકાત પણ યોજાતી રહેતી.

પૂજ્ય ડૉક્ટર સ્વામી અને સંતવૃંદે કર્ણાટકમાં બેંગલોર બી.એ.પી.એસ. મંડળને ૧૫ દિવસ સત્સંગલાભ આપીને તા. ૧૪-૮-૨૦૨૪ના રોજ આંધ્રપ્રદેશના હૈદરાબાદ-સિકંદરાબાદ બી.એ.પી.એસ. મંદિરમાં પધાર્યા હતા. અહીં ૧૪ દિવસના રોકાણ દરમિયાન અનેક પ્રેરણાદાયી અને જ્ઞાનવર્ધક કાર્યક્રમો યોજાયા હતા. પ્રથમ દિને સ્વાગતસભા યોજાઈ હતી. ત્યારબાદ અનુક્રમે સ્વાતંત્ર્યદિન, બાળદિન, યુવાદિન, તેલુગુ ભક્તોની સત્સંગસભા, કૌટુંબિક સંવાદિતા દિન, ગુરુભક્તિ દિન, વડીલભક્ત સન્માનદિન, જન્માષ્ટમી ઉત્સવ, કાર્યકર અભિવાદન સમારોહ વગેરે ઉત્સવોની અવિરત શૃંખલા યોજાઈ હતી. આ સભાઓમાં સંતોનાં પ્રવચનો બાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ મધ્યવર્તી વિચાર વિષયક હૃદયસ્પર્શી માર્ગદર્શન આપ્યાં હતાં.

તા. ૨૭ ઑગસ્ટના રોજ પૂજ્ય ડૉક્ટર સ્વામી અને સંતમંડળ હૈદરાબાદથી પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતામાં પધાર્યું હતું. ડાયમંડ હાર્બર રોડ પર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં હરિભક્તોએ ભક્તિભાવપૂર્વક સ્વાગત કર્યું હતું. અહીં ભવાનીપોર મંદિર સુવર્ણ જયંતી ઉત્સવના ઉપક્રમે ગુજરાતી અને બંગાળી હરિભક્તોની ઉપસ્થિતિમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ તુલા ઉત્સવ, બાળદિન, યુવાદિન, ગુરુહરિ મહંત સ્વામી મહારાજ પ્રતીક જન્મોત્સવ, કાર્યકર અભિવાદન સભા જેવા ભક્તિસભર કાર્યક્રમો યોજાયા હતા. આમ, કોલકાતાના હરિભક્તોમાં સત્સંગ પલ્લવિત કરીને સંતમંડળ તા. ૧૦ સપ્ટેમ્બરના રોજ મધ્ય ભારતમાં નાગપુર પધાર્યું હતું.





પૂજ્ય ડૉક્ટર સ્વામીની બળભરી કથાવાર્તાએ વિવિધ શહેરોનાં ભક્તવૃંદોમાં સંપ, સદાચાર અને સત્પુરુષના મહિમાને દૃઢાવ્યો...

નાગપુરના બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરના સંતો અને હરિભક્તોએ પૂજ્ય ડૉક્ટર સ્વામીના આગમનને ઉમળકાભેર વધાવ્યું હતું. અહીં ૧૫ દિવસના રોકાણ દરમ્યાન જળઝીલણી એકાદશી, સ્કૂલ અને છાત્રાલયના વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સભા, કાર્યકર અને મંદિર સેવક અભિવાદન સભા વગેરે કાર્યક્રમોની શૃંખલા રચાઈ હતી. આ ઉત્સવસભાઓને ગૂંથતા વિવિધ કાર્યક્રમોની પ્રસ્તુતિ અને સંતોનાં વક્તવ્યો બાદ પૂજ્ય ડૉક્ટર સ્વામીએ સૌને પ્રેરણાબોધ પાઠવ્યો હતો. વિદર્ભ પ્રાંતના રાયપુર, ગોંદિયા, અકોલા, ચંદ્રપુર, સિહોર, આમગાંવ વગેરે વિવિધ ક્ષેત્રોનાં ભક્તો-ભાવિકોમાં સત્સંગના પડઘમ ગુંજાવીને પૂજ્ય ડૉક્ટર સ્વામી તા. ૨૪-૯-૨૦૨૪ના રોજ મધ્યપ્રદેશના ઇન્દોર બી.એ.પી.એસ. મંદિરે પધાર્યા હતા.

ઇન્દોરમાં વિવિધ કાર્યક્રમો વચ્ચે ઇન્દોર બી.એ.પી.એસ. મંદિરનો પાટોત્સવ શાનદાર રીતે યોજાયો હતો. અહીં ઇન્દોર ઉપરાંત ભોપાલ, સિહોર, આષ્ટા, ખંડવા વગેરે વિસ્તારના હરિભક્તો દર્શન-મુલાકાત માટે પધાર્યા હતા. ઇન્દોરથી પૂજ્ય ડૉક્ટર સ્વામીએ જયપુર સત્સંગમંડળને સત્સંગલાભ આપ્યો હતો. ◆

# ઑસ્ટ્રેલિયામાં બી.એ.પી.એસ. રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા યોજાઈ પરિષદોઃ 'ટાઈમલેસ ઈન્સ્પિરેસન્સ ફ્રોમ હિન્દુ ફેસ્ટિવલ્સ'







ગુરુહરિ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી ઓસ્ટ્રેલિયા ખાતે ગતિમાન બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા એક વિશિષ્ટ કૉન્ફરન્સ શ્રેણી ઑસ્ટ્રેલિયાનાં મેલબોર્ન, સિડની, પર્થ, બ્રિસ્બેન તેમજ ન્યૂઝીલેન્ડના ઓકલેન્ડ બી.એ.પી.એસ. મંદિરમાં યોજાઈ હતી. પરદેશમાં વસતા ભારતીયો આપણા ઉત્સવ-તહેવારોનાં શાશ્વત મર્મને જાણે તે હેતુસર 'હિન્દુ ઉત્સવોની શાશ્વત પ્રેરણા' (ટાઈમલેસ ઇન્સ્પિરેસન્સ ફ્રોમ હિન્દુ ફેસ્ટિવલ્સ) મધ્યવર્તી વિચાર સાથે આ કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામીએ આપણા સનાતન ઉત્સવોના દાર્શનિક મર્મને હૃદયસ્પર્શી રીતે સમજાવ્યો હતો. આ પરિષદોમાં વિવિધ હિન્દુ સમાજ-સંગઠનો અને હિન્દુ મંદિરોનાં ૨૦૦ પ્રતિનિધિઓ સહિત ૫૮૦૦થી વધુ ભક્તો-ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

તા. ૭ જુલાઈથી ૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાયેલી આ કોન્ફરન્સમાં પધારતા દરેક ભક્તનું બી.એ.પી.એસ. મંદિર પરિસરમાં સ્વાગત કરવામાં આવ્યું. મંદિર પરિસરમાં ઉત્સવનો મર્મ દર્શાવતા પ્રદર્શને અનેરી પ્રેરણા આપી હતી. કોન્ફરન્સની શરૂઆત બાળકોના સંસ્કૃત શ્લોકગાન વચ્ચે સંતો અને મહાનુભાવોએ દીપપ્રાકટ્ય વિધિ સાથે કરી હતી. કીર્તનગાન અને સ્વાગતવિધિ બાદ વિદ્વાન સંતોએ રામનવમી, જન્માષ્ટમી, ગણેશ ચતુર્થી વગેરે પર્વ-ઉત્સવનો મર્મ અને મહિમા વર્ણવ્યો, જેમાં ભગવાન શ્રીકૃષ્ણનો ભક્તિ અને કર્મનો સિદ્ધાંત, ભગવાન શ્રીરામના સદ્‌ગુણો અને નેતૃત્વના આદર્શો, ભગવાન શ્રીગણેશની બુદ્ધિમત્તા અને વિઘ્નનાશક શક્તિનું નિરૂપણ કર્યું હતું. સાથે સાથે અન્ય પર્વ-ઉત્સવોનું મહત્વ સમજાવ્યું હતું.

યુવકમંડળ દ્વારા સભાગૃહમાં પાલખીયાત્રા, રથયાત્રા, દહીં-હાંડી, ભક્તિનૃત્યનું આયોજન કરીને અનોખી રંગત જમાવતા સૌએ ભારતીય સંસ્કૃતિ અસ્મિતા હૃદયસ્થ કરી હતી. અંતે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ ઑસ્ટ્રેલિયા દ્વારા આયોજિત 'ઇન્ટ્રોડક્શન ટુ હિન્દુઇઝમ' અભ્યાસક્રમ પૂર્ણ કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરાયાં હતાં. અંતે આ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા શ્રીમદ ભગવદ્‌ગીતા આધારિત નૂતન અભ્યાસક્રમનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આમ, પ્રગટ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી યોજાયેલી આ પરિષદોએ પેસેફિક દેશોમાં વિસ્તરેલા હિન્દુ સમુદાયમાં એકતાને પ્રોત્સાહન આપીને ભક્તિ, સંવાદિતા અને આધ્યાત્મિક વિકાસના મહત્ત્વને વધુ મજબૂત બનાવ્યું હતું.



# કાર્યકર સુવર્ણ મહોત્સવ અંગેની કેટલીક અગત્યની સૂચનાઓ

આપને જણાવતાં અત્યંત આનંદ થાય છે કે પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા, બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના તારીખ પ્રમાણે ૧૦૩મા પ્રાગટ્યોત્સવે, તા. ૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ, બી.એ.પી.એસ. કાર્યકર સુવર્ણ મહોત્સવ શાનદાર રીતે ઊજવાશે. અમદાવાદ ખાતે વિશ્વના સૌથી મોટામાં મોટા સ્ટેડિયમ 'નરેન્દ્ર મોદી સ્ટેડિયમ' ખાતે ભારત અને વિશ્વભરના એક લાખથી વધુ બી.એ.પી.એસ. કાર્યકરોને બિરદાવતો આ કાર્યક્રમ ભારતના ધાર્મિક ઇતિહાસમાં એક અનોખો સુવર્ણ અવસર બની રહેશે.

**આ કાર્યક્રમ અંગે કેટલીક અગત્યની માહિતી આ મુજબ છે :**

**૧.** સ્ટેડિયમમાં સીટોની મર્યાદિત સંખ્યા હોવાને કારણે, આ કાર્યક્રમમાં ફક્ત હાલના રજિસ્ટર્ડ કાર્યકરો અને નિમંત્રિતોનો જ સમાવેશ કરી શકાશે. આ માટે જેમને અગાઉથી સીટ નંબર સાથે નિમંત્રણ આપવામાં આવ્યું હશે તેઓ જ પ્રવેશ લઈ શકશે. આથી અન્ય ભક્તો કે ભાવિકો સ્ટેડિયમમાં પ્રવેશ મેળવવા માટે દુરાગ્રહ ન કરે તેવી નમ્ર વિનંતી.

**૨.** સ્ટેડિયમમાં ન ઉપસ્થિત રહેનારા દેશ-વિદેશના લાખો હરિભક્તો જીવંત પ્રસારણ દ્વારા નીચેના સમય મુજબ કાર્યક્રમનો લાભ માણે તેવી હાર્દિક વિનંતી છે.

**૩. કાર્યક્રમનો સમય :**

**તા. ૭ ડિસેમ્બર ૨૦૨૪, શનિવાર, સાંજે ૫.૦૦ થી ૮.૩૦**

**જીવંત પ્રસારણ :** ● આસ્થા ટીવી ચેનલ

● બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાની વેબસાઇટ પર: live.baps.org

# બી.એ.પી.એસ. મંદિર સિડનીમાં દર્શને પધાર્યા મંત્રી શ્રી પીયૂષ ગોયલ...

તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ ભારતના વાણિજ્ય-ઉદ્યોગમંત્રી શ્રી પીયૂષ ગોયલ ઑસ્ટ્રેલિયાના પ્રવાસે ગયા હતા. આ દરમ્યાન તેઓ અતિવ્યસ્ત કાર્યક્રમો વચ્ચે પણ સમય ફાળવીને સિડની બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરમાં દર્શને પધાર્યા હતા. તેમની સાથે પેરામેટ્ટાના સંસદ સભ્ય શ્રી ડૉ. એન્ડ્રુ ચાર્લ્ટન, ઑસ્ટ્રેલિયા ખાતેના ભારતીય કમિશનર શ્રી ગોપાલ બાગલે, ભારતીય કોન્સલ જનરલ ડૉ. એસ. જાનકીરમણ, રિવરસ્ટોન ક્ષેત્રના રાજ્ય સભ્ય શ્રી વોરેન કિર્બી પણ પધાર્યા હતા.

મંદિર પરિસરમાં સંતોએ મહેમાનોનું પુષ્પહારથી સ્વાગત કર્યું હતું. ઔપચારિક સ્વાગત બાદ યોજાયેલા પ્રાસંગિક સમારોહમાં બાળકોએ શાંતિપાઠનું ગાન કરીને વૈશ્વિક શાંતિ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી. ઑસ્ટ્રેલિયા વતી સંસદ સભ્ય શ્રી એન્ડ્રુ ચાર્લ્ટને શ્રી પીયૂષ ગોયલનું અભિવાદન કર્યું. તેઓએ પ્રાસંગિક વક્તવ્યમાં બી.એ.પી.એસ. સંસ્થાએ અહીં સામાજિક અને આધ્યાત્મિક ઘડતરમાં આપેલા નોંધપાત્ર પ્રદાનને બિરદાવ્યું હતું. શ્રી પીયૂષ ગોયલે બી.એ.પી.એસ. સંસ્થા સાથેના અંગત અનુભવો વર્ણવતાં કહ્યું: 'બી.એ.પી.એસ. સંસ્થા સાથે મારા જીવનમાં ઘણા સુખદ અનુભવો છે. સન ૧૯૯૫માં લંડનમાં સંસ્થા દ્વારા બી.એ.પી.એસ. હિન્દુ મંદિરનું નિર્માણ થયું ત્યારે તેના ઉદ્‌ઘાટન સમારોહમાં અચાનક સંમિલિત થવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું. મને નથી લાગતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મારા સિવાય કોઈ અન્ય એક વ્યક્તિને વિશ્વમાં વ્યાપ્ત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરોની મુલાકાત લેવાનું સૌથી વધારે સૌભાગ્ય સાંપડ્યું હોય! મને એવું સદ્‌ભાગ્ય મળ્યું છે તેનું ખૂબ ગૌરવ છે.'

આમ, સૌ મહેમાનો મંદિર-દર્શન અને સમારોહની અવિસ્મરણીય સ્મૃતિઓ હૃદયસ્થ કરીને વિદાય થયા હતા. ◆

---

(અનુસંધાન પૃષ્ઠ ૯ ઉપરથી)

*દીપમાળ તે તો રે, વચન વા'લા તણાં રે,*
*સંભારીને રાખ, ન આવે આંચ...૩*
*શુદ્ધ ચિત્તરૂપી સિંહાસન ઉપરે રે,*
*મંદિરમાં પધરાવ મહારાજ;*
*ભૂમાનંદ કહે છે રે અવસર આવિયો રે,*
*તેમાં તારું લેને સુધારી કાજ...૪*

આ પદમાંનો એક એક શબ્દ અંતરમાં દીવો પ્રગટાવી દે તેવો છે. આ પ્રમાણે જ્યારે વર્તાય ત્યારે જરૂર મનાય કે –

*'રાજ મારે દિન દિન દિવાળી રે...'*

મહારાષ્ટ્રમાં કહેવત છે કે 'સંત એતિ ઘરા, તાસા દિવાળી દસરા.' 'ભગવાનના સંત મળે તે દિવસ દિવાળી.' સાચા સંતને સથવારે ભગવાન મળે અને 'દિન દિન' અર્થાત્ રોજ આનંદમંગળ વર્તે.

પ્રમુખસ્વામી મહારાજે સંવત ૨૦૪૬ના નવા વર્ષે દિવાળીનો મૌલિક અર્થ સમજાવતાં કહેલું કે 'આજે નવું વરસ છે. આપણે તો ભગવાન અને સંત મળ્યા એટલે નવું વરસ જ છે, જૂનું નથી. ભગતજી મહારાજ, શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ ગયા નથી. પ્રગટ છે જ એટલે કાયમ નવું વરસ. એ પુરુષો અખંડ છે જ, એટલે આપણે તો રોજ રોજ ઉત્સવ. મહારાજ પ્રગટ બિરાજે છે તેનો આનંદ. સંત મળ્યા તે દિવાળી.'

વળી, તા. ૧-૧૧-૧૯૯૭ના રોજ લંડનમાં તેઓએ આવી જ વાત કરી હતી કે 'મહારાજને કર્તા, સાકાર, સર્વોપરી અને પ્રગટ સમજવા. શ્રીહરિ છપૈયામાં પ્રગટ્યા અને ગઢડામાં ધામમાં ગયા એમ નહીં. ગુણાતીત સંત દ્વારા અખંડ પ્રગટ છે જ. આમ સમજે તેને રોજ દિવાળી જ છે!'

ભગવાન ભજવાને માર્ગે ક્યારેય મોડું થયું એમ માનવાની આવશ્યકતા નથી. દીપાવલિ પર્વે, નૂતન વર્ષે આજે કેટલીક પ્રતિજ્ઞા કરવી જોઈએ –

- રોજ તિલક-ચાંદલાએ સહિત પૂજા કરીશ.
- ઇન્દ્રિયો સંયમમાં રાખીશ.
- આત્મવિચાર કરીશ.
- કોઈનાય અભાવ-અવગુણમાં પડીશ નહીં.
- સંપ, સુહૃદભાવ અને એકતા રાખીશ.
- વચનામૃત - સ્વામીની વાતો નિયમિત વાંચીશ.
- ગુરુહરિમાં નિર્દોષબુદ્ધિની દૃઢતા કરીશ.
- પુણ્યો ને સત્કર્મોનું જમા પાસું વધારીશ.

આવી દિવ્ય રીતે દિવાળી ઊજવીને જીવન સાર્થક કરી લેવું જોઈએ. યોગીજી મહારાજના શબ્દોમાં – 'આપણે છેલ્લો જન્મ કરી લેવો છે. अर्थं साधयामि वा देहं पातयामि કરી લેવું.' ◆

# અક્ષરધામ પરિસર, રોબિન્સવિલ અને બી.એ.પી.એસ. મંદિર, વેસ્ટબરો ખાતે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કોન્ફરન્સ



અમેરિકામાં ઉચ્ચ અભ્યાસ કરતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન મળે તે હેતુસર રોબિન્સવિલ ખાતે અક્ષરધામ પરિસરમાં તેમજ વેસ્ટબરો બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થી કોન્ફરન્સનું આયોજન તા. ૧૫-૭-૨૦૨૪ના રોજ કરવામાં આવ્યું હતું. *'ધ પાથ ટુ સકસેસ'* વિષય હેઠળ યોજાયેલી આ કોન્ફરન્સમાં સેંકડો વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને પ્રોત્સાહન પૂરું પાડતી આ શિબિરમાં વિદ્વાન સંતોએ વિદ્યાર્થીઓને જીવન અને વ્યવહાર વિષયક અમૂલ્ય માર્ગદર્શન આપ્યું હતું. આ શિબિરમાં, વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને આધ્યાત્મિક જીવનમાં સફળતા મેળવવા માટેના ત્રણ મૂળભૂત સિદ્ધાંતો પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતુંઃ નિયમિત અભ્યાસ, નિયમ-પાલનની દૃઢતા અને નિયમિત સત્સંગ.

ઉપરોક્ત સિદ્ધાંતોને કેન્દ્રમાં રાખીને સંતોએ સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રેરક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શૈક્ષણિક અને વ્યક્તિગત જીવનના ઉચ્ચ ધ્યેય સુધી પહોંચવા માટે રોડમેપ પ્રસ્તુત કરીને સફળતાના માર્ગમાં આવતા અવરોધોને દૂર કરવાની દિશા ચીંધી હતી. વિવિધ વ્યાવસાયિક ક્ષેત્રના નિષ્ણાતો સાથેની પેનલચર્ચા પણ કોન્ફરન્સમાં ખૂબ રસપ્રદ બની રહી. સંતોએ શિક્ષણમાં સફળતા મેળવવા વિદ્યાર્થીઓને શૈક્ષણિક જીવન અને વ્યક્તિગત વ્યવસાયમાં શિસ્ત કેળવવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ સેમિનારમાં સોશિયલ મીડિયાનું વ્યસન, સમયનું મૅનેજમૅન્ટ, ઇમિગ્રેશનના પડકારો, આહારશુદ્ધિ, નાણાકીય કટોકટી વગેરે અનેક વ્યવહારુ વિષયોને આવરી લેવામાં આવ્યા હતા. ઇન્ટરેક્ટિવ પ્રશ્નોત્તરી સત્રોએ આધ્યાત્મિક મૂલ્યોને જાળવીને શૈક્ષણિક સફળતા હાંસલ કરવા માટે મૂલ્યવાન માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્કિટ્સ, વીડિયો શૉ અને સંવાદ સહિતની આકર્ષક પ્રસ્તુતિઓએ વિષયવસ્તુને વધુ અસરકારક બનાવી હતી. વધુમાં, વિવિધ વર્કશોપ દ્વારા સહભાગીઓને સોશિયલ મીડિયાથી સાવધાન કરવામાં આવ્યા હતા.

ઘર અને પરિવારથી હજારો માઈલો દૂર રહેતા આ વિદ્યાર્થીઓને સંતોના સાંનિધ્યમાં જાણે અહીં માતા-પિતાની હૂંફ મળી હતી. વિદ્યાર્થીઓએ પોતાના પ્રતિભાવોમાં જણાવ્યું હતું કે અમને અહીં અમારા અભ્યાસની સાથે નિયમ, ધર્મ અને સત્સંગનાં મૂલ્યો શીખવા મળ્યાં છે તે અદ્‌ભુત છે. આધ્યાત્મિક વિકાસ અને શૈક્ષણિક જીવન વચ્ચેની સમતુલા કોન્ફરન્સમાં શીખવા મળી છે. ◆



# લંડનના વિખ્યાત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને પ્રાપ્ત થયો 'ટ્રિપ એડવાઈઝર ટ્રાવેલર્સ' ચોઈસ એવોર્ડ

વિશ્વવંદનીય બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ઇંગ્લૅન્ડની ધરતી પર સન ૧૯૯૫માં પ્રથમ ભારતીય મંદિર રચ્યું હતું. ત્યારથી આ બી.એ.પી.એસ. મંદિરે સમગ્ર ઇંગ્લેન્ડ તથા વિશ્વભરના યાત્રિકો માટે આકર્ષણનું કેન્દ્ર બનીને સૌ પર અદ્‌ભુત આધ્યાત્મિક પ્રભાવ પાથર્યો છે. ભારતીય સંસ્કૃતિની ગૌરવગાથા ગાઈ રહેલા અને યુરોપમાં પરંપરાગત શૈલીના આ સર્વપ્રથમ બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિરને અનેક પ્રતિષ્ઠિત સન્માનો પ્રાપ્ત થઈ ચૂક્યાં છે. તાજેતરમાં તા. ૨-૭-૨૦૨૪ના રોજ આ મંદિરને 'ટ્રિપ એડવાઇઝર ટ્રાવેલર્સ' એવોર્ડથી સન્માનિત કરાયું છે. વૈશ્વિક પ્રવાસ માટે પ્રસિદ્ધ ટ્રિપ એડવાઇઝર ટ્રાવેલર્સ કંપની દ્વારા અપાતી માહિતીને સાડા આઠ કરોડથી વધુ લોકોએ માણી છે. પ્રત્યેક મહિને લાખો વિશ્વ-પ્રવાસીઓ મુસાફરીનાં સ્થળ પસંદ કરવા માટે ટ્રિપ એડવાઈઝરની વેબસાઇટની મુલાકાત લે છે. આ વેબસાઇટના આધારે, ૧૨ મહિના દરમિયાન વિશ્વ-પ્રવાસીઓએ કરેલી સમીક્ષા અને તેમણે આપેલા ગુણાંકના આધારે કેટલાક જાહેર પ્રવાસ સ્થળો, મંદિરો, તીર્થો કે અન્ય જોવાલાયક સ્થળોને એવોર્ડ આપવામાં આવે છે. તેમાં લંડન ખાતેનું ભવ્ય બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર પ્રવાસીઓની પસંદગીમાં અગ્રક્રમે રહ્યું છે. ટ્રિપ એડવાઇઝરના પ્રવક્તાએ કહ્યું કે આતિથ્ય સત્કારની ભાવનાને લીધે પ્રવાસીઓ આ મંદિરની મુલાકાત લેવાનું વધુ પસંદ કરે છે અને હૃદયમાં ચિરંતન છાપ લઈને વિદાય લે છે.

આ ઍવોર્ડ એ હિન્દુ સંસ્કૃતિનો ઉદ્‌ઘોષ કરતી બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા માટે જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે ગૌરવની વાત છે. ◆


**બી.એ.પી.એસ. સ્વામિનારાયણ વિદ્યામંદિર, બાકરોલ** — **સ્ટાફ અંગે**

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ મંદિર, બાકરોલ ખાતે નવેમ્બર-૨૦૨૪થી શરૂ થતા સત્ર માટે (ગુજરાતી માધ્યમ તથા અંગ્રેજી માધ્યમ) પ્રાથમિક, માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક (વિજ્ઞાન પ્રવાહ તથા વાણિજ્ય પ્રવાહ)માં શૈક્ષણિક સ્ટાફની જરૂરિયાત છે.

**વિષય:** ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાન, ગણિત, વિજ્ઞાન, ઍકાઉન્ટ, આંકડાશાસ્ત્ર, ઇકોનોમિક્સ, સામાજિક વિજ્ઞાન, અંગ્રેજી તથા ભાષા વિષયના અનુભવી અને તજજ્ઞ શિક્ષકો. **લાયકાત:** B.Sc., M.Sc., B.E., B.Tech., Diploma, B.Pharm, M.Pharm, P.T.C., B.A., M.A., B.B.A., M.B.A., B.Ed.

**અરજી:** સંપૂર્ણ બાયોડેટા, તાજેતરનો કલર ફોટો અને અપેક્ષિત પગાર સહિત ૧૫ દિવસમાં ત્રણ પૈકી કોઈપણ એક માધ્યમ દ્વારા (૧) account.svmbakrol@baps.edu.in (૨) મો. ૬૩૫૨૮ ૫૨૫૩૭ વોટ્સએપ (૩) ટપાલ-કુરિયર

**સરનામું :** ડાયરેક્ટરશ્રી, બી.એ.પી.એસ. વિદ્યામંદિર, વિદ્યાનગર રોડ, બાકરોલ, તા.જિ. આણંદ-૩૮૮૩૧૫

### શ્રી દર્શનભાઈ એમ. પટેલ, સારંગપુર : પીએચ.ડી. થયા...



સારંગપુર સ્થિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્કૃત મહાવિદ્યાલયમાં અભ્યાસ કરી ચૂકેલા શ્રી દર્શનભાઈ એમ. પટેલે ''मुण्डकोपनिषत्स्वामिनारायणभाष्यानुसारेण तन्मण्डितविद्यायाः समालोचनम्'' વિષય પર મહાનિબંધ રચીને ડેક્કન કૉલેજ પોસ્ટ ગ્રેજ્યુએટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, પૂના દ્વારા પીએચ.ડી.ની પદવી પ્રાપ્ત કરી છે. આ મહાનિબંધમાં તેઓએ મહામહોપાધ્યાય ભદ્રેશદાસ સ્વામી વિરચિત મુંડક ઉપનિષદ સ્વામિનારાયણ ભાષ્યના આધારે બ્રહ્મવિદ્યામાં અક્ષર અને પુરુષોત્તમ - આ બંને તત્ત્વોનું મહત્ત્વ અને સ્વામિનારાયણ ભાષ્યનો અપૂર્વ દૃષ્ટિકોણ પ્રતિપાદિત કર્યો છે. સાથે સાથે બ્રહ્મવિદ્યા એ અક્ષરપુરુષોત્તમ વિદ્યા છે તેમ પ્રતિપાદન કર્યું છે. વૈદિક અક્ષરપુરુષોત્તમ દર્શનને નિરૂપતા સંશોધનકાર્યની આ સેવા બદલ તેઓએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજની વિશેષ પ્રસન્નતા પ્રાપ્ત કરી છે. તેઓને હાર્દિક અભિનંદન.

### શ્રી સાવનકુમાર પ્રવીણભાઈ સરવડિયા, ઈશ્વરનગર : જી.પી.એસ.સી.ની પરીક્ષામાં ગુજરાતમાં ૯મા ક્રમે ઉત્તીર્ણ



બી.એ.પી.એસ. પ્રમુખ એકેડેમી, વડોદરાના તાલીમાર્થી શ્રી સાવન સરવડિયાએ, સમગ્ર ગુજરાતમાં ૯મા રેન્ક સાથે ઉત્તીર્ણ થઈને આસિ. કન્ઝર્વેટર ફોરેસ્ટ અધિકારી તરીકે ગુજરાત સરકારમાં નિમણૂક પામીને બી.એ.પી.એસ. સંસ્થાનું નામ રોશન કર્યું છે. તેઓની આ સિદ્ધિ બદલ બી.એ.પી.એસ. પ્રમુખ ઍકેડમી ગૌરવની લાગણી અનુભવે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમ પૂજ્ય મહંત સ્વામીનાં ચરણોમાં એમની ઉજ્જ્વળ કારકિર્દી માટે પ્રાર્થના સહ હાર્દિક અભિનંદન.

### ડૉ. અનિકેત ભરતકુમાર પટેલ, ગાંધીનગર : પોસ્ટર પ્રેઝન્ટેશનમાં ભારતમાં પ્રથમ ક્રમે



ગાંધીનગર યુવકમંડળના સંનિષ્ઠ સભ્ય શ્રી ડૉ. અનિકેત પટેલ, ઇન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન પ્રાણીસંગ્રહાલયમાં વન્યજીવોના તબીબ તરીકે ૧૧ વર્ષથી કાર્યરત છે. ગત સપ્ટેમ્બર મહિનામાં ચેન્નાઈ ખાતે ભારત સરકારના સેન્ટ્રલ ઝૂ ઓથોરિટી દ્વારા વાન્ડાલુર ઝૂમાં આયોજિત રાષ્ટ્રીય કાર્યશાળામાં સાયન્ટિફિક વર્ક પોસ્ટર પ્રેઝન્ટેશનમાં ડૉ. અનિકેત પટેલે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ કાર્યશાળામાં ભારતમાંથી વિવિધ ઝૂના ૩૧ વન્યજીવ તબીબો અને વૈજ્ઞાનિકોએ ભાગ લીધો હતો. હાર્દિક અભિનંદન.

---

**(અનુસંધાન પૃષ્ઠ ૨૭ ઉપરથી)**

*'જમો ને થાળ જીવન જાઉં વારી રે...'* થાળગાનમાં ઉલ્લેખિત વિવિધ વાનગીઓનો થાળ અક્ષરપુરુષોત્તમ મહારાજને ધરાવ્યો.

અંતે સૌની ભક્તિને બિરદાવતાં સ્વામીશ્રીએ કહ્યું, ''અત્યારે આપણે ખૂબ ભાવપૂર્વક આ ૮૦૦ વાનગીઓનો અન્નકૂટ ધર્યો! તે ઠાકોરજી જમ્યા ને ખૂબ રાજી થયા. રાજી એટલા માટે કે આપણે ભાવપૂર્વક આ બધું ધર્યું તો ભગવાને સૂક્ષ્મપણે બધું અંગીકાર કર્યું છે. ભગવાનને ભાવપૂર્વક હોય એ જ ગમે છે. લુખ્ખું આપણને ગમે નહીં, તો ભગવાનને ક્યાંથી ગમે? એટલે આપણે બધું પ્રેમથી કરવું. આપણે ભાવ વધારવાનો. અને ભાવથી કર્યું તો મહારાજ-સ્વામી-ગુરુપરંપરા બધાએ અંગીકાર કર્યું છે.'' આશીર્વાદ બાદ પ્રશ્નોત્તરીના માધ્યમથી સ્વામીશ્રીએ 'મુંબઈમાં સત્સંગ વધવાનું ભવિષ્ય ભાખ્યું. અને બધાનો સત્સંગ વધતો રહે, સાથે સાથે બધાના દેશકાળ ખૂબ સારા થાય. અને બધા તને-મને-ધને ખૂબ સારી રીતે સેવા કરી શકે...' તે માટે બે હાથ ઊંચા કરીને આશિષ અર્પ્યા.

મુંબઈ ખાતે એક મહિના સુધી સત્સંગ લાભ આપવા બદલ મુંબઈના સત્સંગ સમુદાય વતી સંતોએ પ્રાર્થનાપૂર્વક સ્વામીશ્રીનો આભાર માન્યો. હારતોરા કર્યા. સાથે સદ્‌ગુરુ સંતો, સંતો અને સ્વયંસેવકોનો પણ આભાર માનવામાં આવ્યો હતો.

### ● મૂર્તિ-પ્રતિષ્ઠાવિધિ

મુંબઈ ખાતેના રોકાણ દરમ્યાન સ્વામીશ્રીએ ગોરેગાંવ (મુંબઈ), સમુદ્રાલ (નૂતન મૂર્તિઓ), જબલપુર, શિંદી (ખાનદેશ), મંગરુળ (ખાનદેશ), થાણા (મુંબઈ) ખાતેના બી.એ.પી.એસ. મંદિરમાં પ્રતિષ્ઠિત થનારી મૂર્તિઓનો વેદોક્ત પ્રતિષ્ઠાવિધિ કરીને આરતી ઉતારી હતી. તેમજ ખેડ (કોંકણ), અડપોદરા (હિંમતનગર)માં નૂતન રચાનાર બી.એ.પી.એસ. મંદિરની ઈષ્ટિકાઓનું વેદોક્ત પૂજન કર્યું હતું.

(બ્રહ્મવત્સલદાસ સ્વામી લિખિત અહેવાલ પરથી સંકલિત) ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## આફ્રિકન દેશોમાં યોજાઈ બાળ-બાલિકા શિબિરો



તા. ૫-૭-૨૦૨૪ના રોજ આફ્રિકન દેશોમાં કાર્યરત ૪૨ બાળ-બાલિકા મંડળના પસંદગી પામેલાં ૧૦૭૫ બાળકોની શિબિર લિલોંગ્વે(માલાવી), લુસાકા (ઝામ્બિયા) જોહાનિસબર્ગ(દ.આફ્રિકા), કિસુમુ(કેન્યા), દાર-એ-સલામ (તાન્ઝાનિયા), બી.એ.પી.એસ. મંદિરમાં યોજાઈ ગઈ. *'છીએ અમે તો છોટાજી'* મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ શિબિરમાં ગમ્મત સાથે જ્ઞાન આપતા અદ્‌ભુત કાર્યક્રમોને બાળકોએ કુતૂહલથી માણ્યા હતા. સંતોએ બાળકોને દૈનિક જીવનમાં આચરણ-શુદ્ધિ, નિત્ય-પૂજા, માતા-પિતાને આદર, નિયમિત અભ્યાસ જેવાં જીવનલક્ષી મૂલ્યોનું તલસ્પર્શી માર્ગદર્શન આપ્યું હતું. ◆

## યુ.કે.-યુરોપ બાળપ્રવૃત્તિ દ્વારા યોજાઈ બાળશિબિર



તા. ૨૫ થી ૨૭ ઑગસ્ટ, ૨૦૨૪ દરમ્યાન યુ.કે. અને યુરોપખંડમાં ગતિમાન બી.એ.પી.એસ. બાળમંડળનાં સેંકડો બાળકોની સંયુક્ત શિબિર વોરવિક કોન્ફરન્સ પાર્ક ખાતે યોજાઈ ગઈ. *'આધ્યાત્મિક જોડાણ'* મધ્યવર્તી વિચાર સાથેની આ શિબિરમાં બાળકોએ ગુરુહરિ મહંત સ્વામી મહારાજ સાથે મન, કર્મ અને વચનથી કેવી રીતે જોડાણ દૃઢ કરવું તે અંગે વિવિધ સત્રોમાં પ્રેરણાત્મક માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. જુદી જુદી ઍક્ટિવિટી, રચનાત્મક સંવાદો, સમૂહચર્ચા, ગોષ્ઠિ દ્વારા થયેલી અદ્‌ભુત છણાવટોએ ગુરુહરિ સાથેનું જોડાણ વધુ મજબૂત કર્યું હતું અને જીવનમાં વધુ આધ્યાત્મિક મૂલ્યોથી દૃઢ કરવા સૌ કટિબદ્ધ થયા હતા. ◆

## યુ.કે.-યુરોપ યુવાપ્રવૃત્તિ દ્વારા યોજાઈ કિશોર શિબિર




વોરવિક કોન્ફરન્સ પાર્ક ખાતે ૧૬ થી ૨૫ ઑગસ્ટ દરમિયાન યુરોપીય દેશોમાં કાર્યરત કિશોર-યુવાપ્રવૃત્તિની શિબિર યોજાઈ હતી. 'ગુરુભક્તિ' મધ્યવર્તી વિષયક કિશોરપ્રવૃત્તિની અને 'એકાંતિક' મધ્યવર્તી વિચાર સાથે યુવાપ્રવૃત્તિની શિબિર યોજાઈ હતી, જેમાં ૧૨૩૦ યુવક-યુવતીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. સંતોનાં પ્રેરક વક્તવ્યોએ સૌને ગુરુભક્તિ અને એકાંતિક માર્ગમાં આગળ ધપવાની પ્રેરણા આપી. રચનાત્મક સંવાદો, ઈન્ટરવ્યૂઝ, ભક્તિનૃત્યો, કીર્તનભક્તિ, સમૂહચર્ચા, ગોષ્ઠિ સહિતના કાર્યક્રમોએ શિબિરને વિશેષ રસપ્રદ બનાવી હતી. પ્રેરણાત્મક સત્રોમાં સૌએ આપણા સાંસ્કૃતિક સંસ્કારોને દૃઢ કરવાની પ્રેરણા મેળવી હતી. ◆

# બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનાં વિવિધ કેન્દ્રોમાં લોકસેવા અને આધ્યાત્મિક કાર્યક્રમોનાં વિવિધ વૃત્ત

## યુ.કે.-યુરોપ સત્સંગ પ્રવૃત્તિ દ્વારા યોજાઈ શિબિર



યુ.કે. અને યુરોપમાં ગતિમાન બી.એ.પી.એસ. સંયુક્ત સત્સંગમંડળોના હરિભક્તોની એક આધ્યાત્મિક શિબિર તા. ૧૬ થી ૨૭ ઑગસ્ટ દરમ્યાન બે તબક્કાઓમાં વોરવિક કોન્ફરન્સ પાર્ક ખાતે યોજાઈ હતી. *'મારું કર્તવ્ય'* મધ્યવર્તી વિચાર સાથે યોજાયેલી આ ત્રિદિવસીય શિબિરમાં ૧૭૦૦ હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. સત્રનો આરંભ ગુરુહરિના આશીર્વાદ-વીડિયો સાથે થતો. સંતોના મધ્યવર્તી વિષયક પ્રવચનો, પ્રેરણાત્મક સંવાદો, સમૂહચર્ચા, ગોષ્ઠિ જેવા રસપ્રદ કાર્યક્રમોએ શિબિરને અવિસ્મરણીય બનાવી દીધી હતી. આ શિબિરમાં વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાયા હતા. ◆

## યુ.કે. અને અમેરિકાનાં યુવક-યુવતીની ભારતયાત્રા



યુ.કે. અને યુરોપ બી.એ.પી.એસ. યુવકમંડળનાં પસંદગી પામેલાં ૭૩ યુવક-યુવતીઓ તા. ૪ જુલાઈથી ૮ ઑગસ્ટ દરમ્યાન ભારતનાં તીર્થધામોની યાત્રાએ પધાર્યાં હતાં. આ 'અસ્મિતા' યાત્રાની શરૂઆત દિલ્હી અક્ષરધામથી થઈ. ગંગાતટે હરિદ્વાર, છપૈયા, અયોધ્યાથી લઈને કેટલાંક મંદિરોની આ યાત્રા કરીને સૌએ સનાતન ધર્મની અસ્મિતા દૃઢ કરી હતી. તેમની સાથે અમેરિકાથી પણ ૧૨૦ યુવક-યુવતીઓ જોડાયાં. સૌએ ભાદરા અને બોચાસણમાં સ્વામીશ્રીનાં દર્શનનો લાભ પ્રાપ્ત કર્યો હતો. સારંગપુરમાં 'બ્રહ્મવિદ્યાની કૉલેજ' વિષયક ૬ દિવસીય શિબિર યોજાઈ હતી. આ યાત્રાએ સૌને ભારતને નીરખવાની નવી દૃષ્ટિ આપી. ◆

## ઑસ્ટ્રેલિયા-ન્યૂઝીલેન્ડમાં યોજાયું અધિવેશન




ઑસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડમાં ગતિમાન બાલ-બાલિકા અને કિશોર-કિશોરીમંડળ સત્સંગપ્રવૃત્તિ દ્વારા તા. ૨૭ જુલાઈ થી ૩ ઑગસ્ટ, ૨૦૨૪ દરમિયાન અધિવેશન યોજાયું હતું. આ અધિવેશનમાં સંવાદ રચના, કાવ્ય રચના, ક્રિયેટિવ ફોટોગ્રાફી, ગ્રાફિક ડિઝાઈન વગેરે સર્જનાત્મકતાને પ્રસ્તુત કરતા વિષયો પર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૧૫૦૦થી વધુ બાળકો-કિશોરોએ પ્રથમ સ્તરે ભાગ લઈને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિને ખીલવી હતી. તેમાંથી પસંદગી પામેલ ૪૦૦ કૌશલ્યવાન યુવા પ્રતિભાઓએ રાષ્ટ્રીય સ્તરે ભાગ લીધો. અંતે વિજેતા બાલ-કિશોરોને સંસ્થાએ પારિતોષિકો આપી બિરદાવ્યાં હતાં. ◆

# હજારો હરિભક્તોએ વિશિષ્ટ તપ-વ્રત કરીને ચાતુર્માસમાં પ્રભુ પ્રસન્નતાનો રચ્યો એક વિરલ અધ્યાય

ભગવાન સ્વામિનારાયણ વચનામૃત કારિયાણી પ્રકરણ ૧૦માં કહે છે: ''અમારો તો એ જ ઈશક છે ને એ જ સિદ્ધાંત છે જે, 'તપે કરીને ભગવાનને રાજી કરવા ને ભગવાનને સર્વેના કર્તાહર્તા જાણીને અને સ્વામીસેવકને ભાવે કરીને તે ભગવાનની ભક્તિ કરવી. અને કોઈ રીતે તે ભગવાનની ઉપાસના ખંડન થવા દેવી નહીં.' માટે તમો પણ સર્વે આ અમારા વચનને પરમ સિદ્ધાંત કરી માનજ્યો.''

આ વચન અનુસાર, ભગવાન સ્વામિનારાયણે સ્વયં પરબ્રહ્મ હોવા છતાં ખૂબ તપ કર્યું છે અને તેમના પ્રભાવથી સમકાલીન સંતો-પરમહંસ શિષ્યોએ પણ ખૂબ તપ કર્યું છે. ભગવાન સ્વામિનારાયણના આધ્યાત્મિક અનુગામી અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી તેમજ તેમના અનુગામી ગુણાતીત ગુરુઓએ દેહને દમીને ખૂબ તપ કર્યું છે. તેને અનુસરતાં પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજે તાજેતરમાં ચાતુર્માસ દરમિયાન વિશેષ નિયમ આપ્યા તેમાં તપ કરવા અંગે વિશેષ આજ્ઞા કરી, જેમાં યુવા વર્ગને ખાસ પ્રેરણા આપી. પરિણામે, આ વર્ષે સ્વામીશ્રીને પ્રસન્ન કરવા આબાલવૃદ્ધ હરિભક્ત બહેનો અને ભાઈઓએ વિવિધ તપ વિશેષ કર્યાં. તેમાં પણ ખાસ ઉલ્લેખનીય છે - 'મહંતજી વ્રત', એટલે કે સળંગ પાંચ નિર્જળ ઉપવાસ અને છઠ્ઠા દિવસે પારણા. ઘણા હરિભક્તોએ આ વ્રતની ત્રણ-ત્રણ આવૃત્તિ પણ કરી! સ્વામીશ્રીએ આ સર્વે ઉપર ખૂબ રાજીપો વરસાવ્યો છે!

પૂજ્ય ઈશ્વરચરણદાસ સ્વામીએ કોરોના કાળ સન ૨૦૨૦થી યુવા વર્ગમાં ઓનલાઈન વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા 'વચનામૃત ગોષ્ઠિ' શરૂ કરાવી હતી, જેમાં ધીમે ધીમે નવા નવા મુમુક્ષુઓ જોડાતા ગયા. વર્તમાન સમયે ભારત અને અન્ય દેશોના આશરે ૨૫,૦૦૦ જેટલા આબાલવૃદ્ધ હરિભક્તો ટેલિગ્રામમાં પરાવાણી ચેનલમાં મુકાતા આ



આશીર્વાદ

॥ સ્વામિશ્રીજી ॥

પ. પૂ. પ્રમુખસ્વામી

જુનાગઢ

3-10-24

ગુરુવાર


સ્વામી બાપાના લાડીલા સર્વે ગોષ્ઠી મુક્તો

પ્રતિ,

હેતપૂર્વક જયશ્રી સ્વામિનારાયણ

આપ બધાએ ભગવાન અને સંતને રાજી કરવા તપ ઉપવાસ કરેલ છે. આપ બધાની તબિયત સારી રહે તથા ભજન, ભક્તિ સેવા વિશેષ થતી રહે તે પ્રાર્થના

આજ ગોષ્ઠી દ્વારા અક્ષરપુરુષોત્તમના જ્ઞાન ની દૃઢતા કરી રહ્યા છો. પ્રગટ ના સિદ્ધાંતને પુષ્ટી આપી રહ્યા છો. વચનામૃત, સ્વામી ની વાતો, પુરુષોત્તમ બોલ્યા પ્રીતે વગેરે ગ્રંથો દ્વારા [illegible] ના સિદ્ધાંતો ની દૃઢતા કરી રહ્યા છો તે બધાને ધન્યવાદ છે. આવી ગોષ્ઠી ચાલુ રાખશો.



આવનારા નવા વર્ષે બધાને આશીર્વાદ છે કે આપ સર્વે સત્સંગની સમજણ દૃઢ કરી શકો. અભાવ-અવગુણ ન લેવા, દાસભાવ, દિવ્યભાવ રાખવો. આત્મવિચાર અને પ્રાપ્તિનો વિચાર રોજ કરવો. સત્પુરુષમાં પ્રીતિ વધે. નિયમ ધર્મ દૃઢ થાય ને જગત ખોટું થાય તે પ્રાર્થના.

કથાગોષ્ઠિ-પ્રવચનો સાંભળીને સત્સંગનાં વિવિધ મૂલ્યોની સાથે નિત્ય નિયમ મુજબ રોજ નવી પ્રેરણા પ્રાપ્ત કરી રહ્યા છે. પૂજ્ય અક્ષરજીવનદાસ સ્વામી અને અન્ય યુવકો-હરિભક્તો તેના સંચાલનમાં ખૂબ જહેમત લઈ રહ્યા છે. આ ગોષ્ઠિથી પ્રસન્ન થઈને મહંત સ્વામી મહારાજે પણ આશીર્વાદ વરસાવ્યા હતા. સ્વામીશ્રીની પ્રસન્નતાની ઝંખના સાથે આ ગોષ્ઠિમાં જોડાયેલા ૯ વર્ષથી માંડીને ૮૭ વર્ષ સુધીના આ હરિભક્તોએ વિવિધ વ્રત કરીને એક પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે. અહીં તેની એક આછી ઝલક મૂકી છે. ચાતુર્માસ દરમિયાન કોઈએ ચાંદ્રાયણ વ્રત, કોઈએ ખટરસ ત્યાગનું વ્રત તો કોઈએ ચાર મહિના કે છ મહિનાનાં ધારણાં પારણાં વ્રત કર્યાં હતાં. આ ચાલુ વ્રતમાં જ આ ભક્તોએ 'મહંતજી વ્રત' પણ કર્યું. ક્યાંક તો ઘરનાં બધાં જ સદસ્યોએ એક સાથે આ મહંતજી વ્રત કર્યાં છે. તે સૌ પર સ્વામીશ્રીએ ખૂબ રાજીપો વરસાવ્યો છે. સ્વામીશ્રીએ એ સૌને સંબોધીને લખેલો આશીર્વાદનો પત્ર અહીં પ્રસ્તુત છે. ચાતુર્માસમાં આ વિરલ તપ-વ્રત કરીને હરિભક્તોએ પ્રભુ પ્રસન્નતાનો એક અદ્ભુત અધ્યાય રચ્યો છે.

**નોંધ:** અહીં આપેલ આંકડા ફક્ત પરાવાણી ચેનલમાં જોડાયેલ ભક્તોના આંકડા છે, એ સિવાયના ઘણા હરિભક્તો એવા છે કે આ આંકડાકીય માહિતીમાં સમાવવામાં બાકાત રહી ગયા હોય. પરંતુ તે સૌ પર મહંત સ્વામી મહારાજે આશીર્વાદ અને ધન્યવાદ પાઠવ્યા છે! આવો, તેમાંથી કેટલાક વિશેષ તપ-વ્રતધારી નામોનું સ્મરણ કરીએ... ◆

## ચાતુર્માસમાં સળંગ નવ દિવસના નિર્જળ ઉપવાસથી લઈને અન્ય તપ-વ્રત કરનાર ભક્તોનું નામસ્મરણ...

- **૯ દિવસ સળંગ નિર્જળ ઉપવાસ :**
  વિશાલ રમણલાલ પટેલ (સિડની, ઓસ્ટ્રેલિયા), અમિત પટેલ (બોસ્ટન, યુ.એસ.એ.), મૂકેશકુમાર પટેલ (સા. બોસ્ટન, યુ.એસ.એ.), ભાવેશભાઈ નારોલા (બાલારાત, ઓસ્ટ્રેલિયા), ચિરાગ પ્રજાપતિ (બોસ્ટન, યુ.એસ.એ.), તેજસ કાસુંદ્રા (રાજકોટ, ભારત), વંશ પટેલ (એડીલેડ, ઓસ્ટ્રેલિયા), સોહીલ પોપટ (રાજકોટ, ભારત), મીરા રતનપરા (રોબિન્સવિલ, યુ.એસ.એ.), ખુશ્બૂ ઘનશ્યામભાઈ રાઠોડ (મુંબઈ, ભારત), જ્યોતિ રાજેશભાઈ પટેલ (એડીસન, યુ.એસ.એ.), હીરલ પટેલ (સિટી એન્ટરપ્રાઇઝ, યુ.એસ.એ.)
- **૮ દિવસ સળંગ નિર્જળ ઉપવાસ :**
  કિરીટભાઈ ચૌહાણ (ટોરન્ટો, કેનેડા)
- **૭ દિવસ સળંગ નિર્જળ ઉપવાસ :**
  ભરત પટેલ (ટોરન્ટો, કેનેડા), આનલ પટેલ (સાઉથ કેરોલિના, યુ.એસ.એ.)
- **૬ દિવસ સળંગ નિર્જળ ઉપવાસ :**
  અમિત પટેલ (બોસ્ટન, યુ.એસ.એ.), પ્રતીક થાનકી (પોરબંદર, ભારત), ભરતભાઈ પટેલ (રોબિન્સવિલ, યુ.એસ.એ.), ધર્મેન પંચાલ (લંડન, યુ.કે.), હસમુખ પટેલ (કેન્ટુકી, યુ.એસ.એ.), પ્રિન્સ ભુત (સુરત, ભારત), કલ્પનાબહેન કે. પટેલ (ડબ્લિન, યુ.એસ.એ.), કલ્પનાબહેન કે. પટેલ (સાનહોઝે, યુ.એસ.એ.), જસ્મિતા ઠુમર (અમદાવાદ, ભારત), ધર્મિષ્ઠા પટેલ (ગ્રીનવિલે, યુ.એસ.એ.), રીપલ પટેલ (જર્સીસિટી, યુ.એસ.એ.), નિમા અમિત પટેલ (બ્રેન્ટફર્ડ, કેનેડા)

ઉપરાંત, પરમ પૂજ્ય મહંત સ્વામી મહારાજની ૯૧મી જન્મજયંતી નિમિત્તે ભારત, અમેરિકા, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, કેનેડા, યુ.કે., યુ.એ.ઈ., કુવૈત, ટાન્ઝાનિયા, યુગાન્ડા, બાહરીન વગેરે દેશોના ૯ વર્ષથી માંડીને ૭૭ વયના કુલ ૨૧૬૮ આબાલ-વૃદ્ધ હરિભક્તોએ નિર્જળ ઉપવાસ કરીને અને ૨ હરિભક્તે ૧ મહિનાથી ૪ મહિના સુધી સજળ ઉપવાસ કરીને ખરેખર અદ્ભુત અને અલૌકિક આહ્નિક-ભક્તિ ગુરુહરિનાં ચરણે સમર્પિત કરી હતી.

આ ઉપરાંત ૧૪૭૩ હરિભક્તોએ ૫ દિવસ સળંગ નિર્જળ ઉપવાસ; ૧૪૯ હરિભક્તોએ ૯૧ કલાકના સળંગ નિર્જળ ઉપવાસ સંકલ્પ (જન્મજયંતી દરમ્યાન) અને ૫૨૦ હરિભક્તોએ ૯૧ કલાકના સજળ ઉપવાસ કરીને વિશિષ્ટ ગુરુભક્તિ અદા કરી હતી. ◆



# રોબિન્સવિલ અક્ષરધામના પ્રથમ વાર્ષિકોત્સવે ૧૪ દેશોના કોન્સલ જનરલ અક્ષરધામના દર્શન-મુલાકાતે

બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે અને પ્રગટ બ્રહ્મસ્વરૂપ મહંત સ્વામી મહારાજના આશીર્વાદથી રોબિન્સવિલ ખાતે ગત વર્ષે ઉદ્‌ઘાટિત થયેલા બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામનો પ્રથમ વાર્ષિકોત્સવ તા. ૮-૧૦-૨૦૨૪ના રોજ શાનદાર રીતે યોજાયો હતો. આ ઉત્સવમાં ૧૪ દેશોના કોન્સલ જનરલ ઉપસ્થિત રહ્યા હતા. ભારતીય ડે. કોન્સલ જનરલ ડૉ. વરુણ જેફ અને મલેશિયાના કોન્સલ જનરલ શ્રી આમીર ફરીદ અબુ હસને આ કાર્યક્રમમાં ખૂબ જહેમત લીધી હતી.

રોબિન્સવિલ અક્ષરધામ મંદિર પરિસરમાં પધારેલા વિવિધ દેશોના રાજદ્વારીઓનું સ્વાગત સંસ્થાના ચૅરમૅન શ્રી કનુભાઈ પટેલે કર્યું હતું. નીલકંઠ વાટિકામાં ‘તપોમૂર્તિ શ્રી નીલકંઠવર્ણી મહારાજ’ને ભક્તિઅર્ઘ્ય અર્પણ કરીને સ્વાગત સમારોહમાં પધારેલા સૌનું સ્વાગત રોબિન્સવિલ ટાઉનશિપ કાઉન્સિલના પ્રમુખ શ્રી માઇક ટોડે કર્યું હતું. તેમણે કહ્યું કે ‘બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામે સ્થાનિક અને વિશ્વભરના લોકોનું ધ્યાન આકર્ષિત કર્યું છે. અક્ષરધામ એ અસીમ સુંદરતાનું પ્રતીક છે. સૌના હૃદયમાં આત્મનિરીક્ષણ અને શાંતિની ભાવના પ્રગટ કરે છે.’ વધુમાં તેઓએ બી.એ.પી.એસ. સંસ્થાના સ્વયંસેવકોની નિ:સ્વાર્થ સેવાને બિરદાવતાં કહ્યું હતું કે બી.એ.પી.એસ. ચેરિટીઝ સમગ્ર વિશ્વમાં અદ્‌ભુત કાર્ય કરી રહી છે.

આ પ્રસંગે ભારતના ડેપ્યુટી કોન્સલ જનરલ શ્રી ડૉ. વરુણ જેફે કહ્યું કે ‘વિવિધ ધર્મ અને દેશના કોન્સલોને માનવતાના ઉચ્ચ ધ્યેય માટે અક્ષરધામમાં એકત્રિત કરવા જેવું બીજું મોટું કોઈ કાર્ય નથી.’

મલેશિયાના કોન્સલ જનરલ શ્રી અમીર ફરીદ અબુ હસને સાર્વત્રિક મૂલ્યોને પ્રોત્સાહન આપવામાં બી.એ.પી.એસ. સંસ્થાની ભૂમિકા પર પ્રકાશ પાથરીને કહ્યું કે ‘એક રાજદ્વારી તરીકે આપણે શાંતિ અને પારસ્પરિક પ્રેમને અભિવ્યક્ત કરવા એકત્ર થયા છીએ, પરંતુ તે ત્યારે જ શક્ય બને જ્યારે આપણે વિશ્વના તમામ ધર્મોને સમજતા હોઈએ. આ અક્ષરધામની મુલાકાત એક ઉત્તમ ઉદાહરણ છે, જેના થકી આપણે વિશ્વના ધર્મો અને તેના સિદ્ધાંતોને સમજી શકીએ.’

ત્યારબાદ અન્ય મહાનુભાવોએ પણ અક્ષરધામ પ્રત્યે પોતાની સદ્‌ભાવનાઓ પ્રગટ કરી હતી.

સમારોહ બાદ સૌએ અક્ષરધામ મહામંદિરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણે મંત્રપુષ્પાંજલિ અર્પણ કરીને વેદોક્ત મહાપૂજાવિધિનો લાભ પ્રાપ્ત કર્યો હતો. આમ અક્ષરધામ પરિસરમાંથી ૧૪ દેશોના કોન્સલ જનરલોએ ભારતીય મૂલ્યો હૃદયસ્થ કરીને ગૌરવ અનુભવ્યું હતું. ◆











અમેરિકા ખાતે પ્રમુખસ્વામી મહારાજના સંકલ્પે મહંત સ્વામી મહારાજ દ્વારા નિર્મિત બી.એ.પી.એસ. સ્વામિનારાયણ અક્ષરધામના પ્રથમ વાર્ષિકોત્સવે ૧૪ દેશોના કોન્સલ જનરલ મહાનુભાવોએ ઉપસ્થિત રહીને ભગવાન શ્રી સ્વામિનારાયણને વંદના કરી હતી.

Swaminarayan Prakash Gujarati, November 2024, Published on 1-11-2024. Posted at Ahmedabad, P.S.O. 1st to 4th on Every Month. Regd No. GAMC-274/2024-2026, Valid upto 31-12-2026, RNI 33506/79. Licenced to post without prepayment No. PMG/NG/009/2024-2026, Valid upto 31-12-2026.







**તીર્થધામ ગોંડલમાં સ્વામીશ્રી જ્ઞાનજીવનદાસ ગુરુકુળના નૂતન સંકુલનું મહંત સ્વામી મહારાજના હસ્તે લોકાર્પણ**

બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજના સંકલ્પે તીર્થધામ ગોંડલમાં સન ૧૯૬૬માં બી.એ.પી.એસ. સંસ્થાના પ્રથમ ગુરુકુળની સ્થાપના કરવામાં આવી હતી. તાજેતરમાં ૬૦૦૦ વિદ્યાર્થીઓને સંસ્કારયુક્ત શિક્ષણનો ઉત્તમ લાભ મળે તે માટે આ ગુરુકુળના સુવિધાઓથી સજ્જ વિશાળ નૂતન સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. મહંત સ્વામી મહારાજે તા. ૧૮-૧૦-૨૦૨૪ના રોજ આ નૂતન સંકુલનું લોકાર્પણ કર્યું હતું.


**Printed and Published by Sadhu Keshavjivandas on behalf of Swaminarayan Aksharpith. Printed at Swaminarayan Mudran Mandir, Shahibaug Rd., Ahmedabad - 4 and published from Swaminarayan Aksharpith, Shahibaug Rd., Ahmedabad-4. Editor - Sadhu Swayamprakashdas**